ગુજરાત સમાચાર
રવિવાર, ૦૮-૧૧-૨૦૨૬

રવિપૂર્તિ



Happy Diwali

www.gujaratsamachar.com



04

દીપાવલીની મહાનિશા સાધના : તંત્રશાસ્ત્રના ગૂઢ રહસ્યોનું વૈજ્ઞાનિક વિશ્લેષણ



08

વાલ્મીકિ, વેદ વ્યાસ અને તુલસીની રામાયણમાં દિવાળીનો ઉલ્લેખ જ નથી!

દિવાળીની ઉજવણીનું મૂળ એક જ કથા કે એક જ ઐતિહાસિક પ્રસંગમાં સમાયેલું નથી. જુદા જુદા પ્રદેશો અને ધર્મોમાં અનેક માન્યતાઓ જોડાયેલી છે

દિવાળી : દીવાઓના અજવાળાથી ઉજાસભર્યા જીવન તરફ..

વર્ષમાં એક દિવસ એવો આવે છે જ્યારે રાતના અંધકારને પણ જાણે રંગીન થવાનું મન થાય છે. શહેર ઝગમગી ઊઠે છે, ઘરના ઉંબરા દીવાઓથી શણગારાય છે, આંગણામાં રંગોળી રચાય છે, બજારોમાં માનવમહેરામણ ઊમટે છે અને હવામાં મીઠાઈઓની સુગંધ ભળી જાય છે. દૂરથી આવતા સગાંસંબંધીઓ, વર્ષોથી ન મળેલા મિત્રો અને પાડોશીઓ વચ્ચે પણ એકાએક આત્મીયતાનો સેતુ બંધાઈ જાય છે. આ છે દિવાળીના પ્રકાશનો

હોરાઈઝન
ભવેન કચ્છી

પ્રભાવ. દિવાળી એટલે આનંદનો પર્વ, નવી આશાઓનો પર્વ અને જૂના સંબંધોને ફરી તાજા કરવાનો પર્વ.

દિવાળીની ઉજવણી

દિવાળી શબ્દનો અર્થ જ છે દીપોની હારમાળા. સંસ્કૃતના 'દીપ' અને 'આવલી' એટલે કે હાર કે પંક્તિ પરથી બનેલો 'દીપાવલી' શબ્દ સમય જતાં લોકબોલીમાં દિવાળી બન્યો. પરંતુ આ શબ્દનો અર્થ માત્ર માટીના દીવાઓની હાર પૂરતો સીમિત નથી. હજારો વર્ષોથી ભારતીય સમાજમાં આ પર્વ આશા, સમૃદ્ધિ, જ્ઞાન, આધ્યાત્મિકતા અને સામાજિક એકતાનું પ્રતીક બની રહ્યું છે. કદાચ એટલે જ દિવાળી એક એવો તહેવાર છે, જેની ઉજવણીમાં ધર્મ, પ્રદેશ, ભાષા અને દેશની સરહદો પણ નાની પડતી જણાય છે.

દિવાળી અંગે સામાન્ય રીતે આપણે ભગવાન રામના અયોધ્યા આગમનની કથા જાણીએ છીએ. ચૌદ વર્ષના વનવાસ અને રાવણ પર વિજય મેળવીને ભગવાન રામ, માતા સીતા અને લક્ષ્મણ અયોધ્યા પરત ફર્યા ત્યારે નગરવાસીઓએ દીવાઓ પ્રગટાવીને તેમનું સ્વાગત કર્યું હતું. આ કથા દિવાળીના પ્રકાશ અને આનંદ સાથે સૌથી વધુ જોડાયેલી છે. જોકે રસપ્રદ બાબત એ છે કે દિવાળીનું મૂળ એક જ કથા કે એક જ ઐતિહાસિક પ્રસંગમાં સમાયેલું નથી. ભારતના જુદા જુદા પ્રદેશો અને ધર્મોમાં આ પર્વ સાથે અનેક માન્યતાઓ અને પરંપરાઓ જોડાયેલી છે.

કેટલાક રાજ્યોમાં દિવાળી ભગવાન શ્રીકૃષ્ણે નરકાસુરનો વધ કર્યો તેની ખુશીમાં ઊજવાય છે. દક્ષિણ ભારતમાં નરક ચતુર્દશીનું વિશેષ મહત્ત્વ છે. અન્ય એક માન્યતા પ્રમાણે ભગવાન વિષ્ણુએ વામન અવતાર ધારણ કરીને રાજા બલિનું ગર્વ ઉતાર્યું અને તેમને પાતાળમાં સ્થાન આપ્યું હતું. રાજા બલિની સ્મૃતિ પણ દિવાળીના દિવસો સાથે જોડાયેલી છે. ભગવાન શિવે ત્રિપુરાસુરનો વધ કર્યો તેની ઉજવણી તરીકે પણ કેટલાક વિસ્તારોમાં દીપોત્સવ મનાવવામાં આવે છે.

દિવાળીનું ઐતિહાસિક પાસું પણ એટલું જ રસપ્રદ છે. પ્રાચીન ભારતીય સાહિત્ય અને ગ્રંથોમાં દીપોત્સવ જેવા ઉત્સવોના ઉલ્લેખ જોવા મળે છે.

સાતમી સદીમાં

સાતમી સદીના કેટલાક સાહિત્યિક સંદર્ભોમાં પણ દીપોત્સવની વાત મળે છે. ઈ.સ. ૧૦૩૦માં ભારત આવેલા ઈરાની વિદ્વાન અલબેરુનીએ પણ પોતાના વર્ણનમાં ભારતીય તહેવારોની ચર્ચા કરતાં દિવાળીનો ઉલ્લેખ કર્યો હતો. એટલે કે દિવાળી માત્ર આજના યુગમાં વિકસેલો તહેવાર નથી; તેની પાછળ સદીઓ જૂની સાંસ્કૃતિક પરંપરા છે. અલબત્ત, આ પર્વનો વિકાસ એક જ સમયે કે એક જ સ્થળે થયો હોવાનું માનવું યોગ્ય નથી. સમય અને પ્રદેશ પ્રમાણે તેમાં નવી માન્યતાઓ અને રીતરિવાજો ઉમેરાતા ગયા છે.



દિવાળીનો સાચો અર્થ આકાશમાં ફૂટતા રંગબેરંગી પ્રકાશમાં નહીં, પરંતુ એકબીજાના જીવનમાં પ્રગટાવેલા નાના-નાના દીવાઓમાં સમાયેલો છે

દિવાળીનું એક વિશેષ પાસું એ છે કે હિન્દુ ધર્મ ઉપરાંત જૈન અને શીખ ધર્મમાં પણ આ દિવસનું આગવું મહત્ત્વ છે. જૈન ધર્મના અનુયાયીઓ માટે દિવાળી ભગવાન મહાવીરના નિર્વાણદિન તરીકે ઊજવાય છે. જૈન માન્યતા પ્રમાણે ભગવાન મહાવીરે કારતક વદ અમાસના દિવસે પાવાપુરીમાં નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું. તેમના નિર્વાણ પછી જ્ઞાનના પ્રકાશને યાદ રાખવા દીવા પ્રગટાવવાની પરંપરા શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે.

આ પ્રસંગમાં એક સુંદર આધ્યાત્મિક સંદેશ છે : કોઈ મહાન વ્યક્તિનું ભૌતિક અસ્તિત્વ પૂરું થાય, પરંતુ તેણે આપેલો જ્ઞાનનો પ્રકાશ પેઢીઓ સુધી જીવંત રહી શકે છે.

શીખ ધર્મમાં શીખોના છઠ્ઠા ગુરુ હરગોવિંદ સાહેબની યાદમાં અમૃતસરના સુવર્ણમંદિર સહિત અનેક ગુરુદ્વારાઓને દીવાઓ અને રોશનીથી શણગારવામાં આવે છે.

વેપારમાં નૈતિકતા

દિવાળીએ લક્ષ્મી પૂજનની આગવી પરંપરા છે. ચોપડામાં 'શુભ' અને 'લાભ' લખીને વેપારીઓ નવા વર્ષના વ્યવહારની શરૂઆત કરે છે. આ પરંપરા પાછળનો ભાવ પણ નોંધવા જેવો છે. વ્યવસાયમાં માત્ર નફો જ નહીં, શુભતા અને નૈતિકતા પણ હોવી જોઈએ. આવક વધે તે જરૂરી છે, પરંતુ એ આવક કેવી રીતે મેળવી તે પણ એટલું જ મહત્ત્વનું છે.

ધનતેરસ પછીના ચોથા દિવસે એટલે કે આપણા બેસતા વર્ષે ગોવર્ધન પૂજા અને અન્નકૂટની પરંપરા છે. ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત ઊંચકીને ગોકુળના લોકોને ભારે વરસાદથી બચાવ્યા હતા, એવી કથા સાથે આ દિવસ જોડાયેલો છે. મંદિરોમાં વિવિધ પ્રકારની વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવે છે. આ પરંપરામાં માત્ર ધાર્મિક ભાવના જ નહીં, પરંતુ અન્ન પ્રત્યેની કૃતજ્ઞતા પણ છુપાયેલી છે. ખેડૂત, પ્રકૃતિ, વરસાદ, જમીન અને અન્નના ઉત્પાદન સાથે સંકળાયેલા તમામ પરિબળો પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો આ અવસર છે.

વિશ્વમાં આકર્ષણ

દિવાળીની ઉજવણી વિશ્વભરમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

આપણા પાડોશી દેશ નેપાળમાં દિવાળી 'તિહાર' નામે ઓળખાય છે. ત્યાં આ પર્વની ઉજવણીમાં એક અનોખી પરંપરા છે. પાંચ દિવસ દરમિયાન કાગડા, કૂતરા, ગાય અને બળદ જેવા પ્રાણીઓનું પણ પૂજન કરવામાં આવે છે. કૂતરાને વફાદારીનું પ્રતીક માનીને તેના ગળામાં ફૂલમાળા પહેરાવવામાં આવે છે અને તેને વિશેષ ભોજન આપવામાં આવે છે. ગાયને સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે. આ પરંપરા આપણને યાદ અપાવે છે કે તહેવારનો આનંદ માત્ર મનુષ્યો પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ; આપણી આસપાસના પ્રાણીઓ અને પ્રકૃતિ પણ આપણા જીવનનો અભિન્ન હિસ્સો છે.

દિવાળી હવે માત્ર ભારત પૂરતી સીમિત રહી નથી. મલેશિયા, સિંગાપોર, મોરિશિયસ, ફિજી, શ્રીલંકા, દક્ષિણ આફ્રિકા, ટ્રિનિડાડ અને ટોબેગો, ગુયાના, સુરીનામ અને બ્રિટન સહિત અનેક દેશોમાં ભારતીય સમુદાય દિવાળીની ઉજવણી કરે છે. મલેશિયામાં દીપાવલી જાહેર રજાનો દિવસ છે. સિંગાપોર અને ઓસ્ટ્રેલિયાના લિટલ ઈન્ડિયા વિસ્તારમાં દિવાળીના દિવસો દરમિયાન શેરીઓ રોશનીથી ઝગમગી ઊઠે છે. બ્રિટનના લેસ્ટર શહેરમાં દિવાળીની ઉજવણી ખૂબ જાણીતી છે. ત્યાં મોટી સંખ્યામાં લોકો રંગબેરંગી લાઇટિંગ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને મેળાવડામાં ભાગ લે છે. અમેરિકામાં પણ અનેક શહેરોમાં દિવાળી નિમિત્તે જાહેર કાર્યક્રમો યોજાય છે. ૨૦૨૫માં યુનેસ્કોએ દીપાવલીને માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સ્થાન આપ્યું છે.

એક સ્વીકૃતિ

દિવાળી માત્ર ધાર્મિક તહેવારનું સન્માન નથી, પરંતુ પેઢી દર પેઢી ચાલતી આવતી સામાજિક પરંપરા, કળા, હસ્તકલા, પરિવાર અને સમુદાયના જોડાણની વૈશ્વિક સ્વીકૃતિ છે.

દિવાળીનું સંસ્કૃતિ અને સમાજ ઉપરાંત આર્થિક જગતની સાયકલ ફરતી રાખવામાં પણ મોટું પ્રદાન છે.

દિવાળીનો ઇતિહાસ જેટલો જૂનો છે, તેની સાથે જોડાયેલી કેટલીક પરંપરાઓ અને ઉજવણીની પદ્ધતિ સમયની સાથે એટલી જ બદલાઈ છે.

ચકરી , સાકરિયા, ઘૂઘરા, મઠિયા, ચોરાફળી, ટોપરા પુરી, રાતડા,મોહનથાળ, લાડુ અને અનેક મીઠાઈઓ બનતી. આજે નવી પેઢીને તેમાં કંઈ જામતું નથી.

સંવેદના જરૂરી

દિવાળીની ઉજવણી કરતી વખતે બાળકો અને વડીલો તેમજ પશુ - પંખીની સલામતીનું ધ્યાન પણ રાખવું જોઈએ. પ્રદુષણ પણ એક પડકાર છે. તહેવારની સાચી સુંદરતા ત્યારે જ છે જ્યારે તેમાં આનંદની સાથે સંવેદનશીલતા પણ હોય.

દિવાળીના પર્વ સાથે જોડાયેલો એક સુંદર વિચાર છે અંધકારમાંથી પ્રકાશ તરફની યાત્રા. ઘરની સફાઈની સાથે મનની સફાઈ પણ જરૂરી છે. ઘરના ખૂણેખાંચરામાંથી ધૂળ દૂર કરીએ છીએ, તો મનમાં વર્ષોથી જમા થયેલી નારાજગી અને અણબનાવ પણ દૂર કરવાનો પ્રયાસ કેમ ન કરીએ?

અનુસંધાન પાનાનં ૦૬ પર

ચીનને પછાડી ફટાકડાનું વૈશ્વિક હબ બનવા શિવાકાશીએ કમર કસી

આ દિવાળીમાં ફટાકડા ફોડો ત્યારે એકહજાર કિલોમીટર દૂર તામિલનાડુના એ નાના નગર શિવાકાશીને યાદ કરજો. જેના હજારો ઘરોમાં કામ કરતાં લાખો સ્ત્રી-પુરુષો અને બાળકોએ મહિનાઓની મહેનત કરીને બનાવેલાં ફટાકડા આપણે મિનિટોમાં ફુંકી મારીએ છીએ. તેમની કાળી મહેનત થકી આપણી દિવાળી ઉજળી થાય છે. શિવાકાશી ન હોત તો કદાચ દિવાળી કે બીજા શુભપ્રસંગોને ગજવતા, રોશની ફેલાવતા ફટાકડાનો બિઝનેસ પણ આટલો ફૂલ્યોફાલ્યો ન હોત.

શિવાકાશીનો ઉચ્ચાર હવે ધીરે ધીરે શિવકાશી થઈ ગયો છે. ખેર, આ શહેર પટ્ટાશું (તમિળ ભાષામાં)

હોટલાઇન
ભાલચંદ્ર જાની

એટલે કે ફટાકડા માટે જગમશહૂર છે. અરે, અહીંનાં લોકોનો ઉદ્યમ, કામકાજમાં ખંતીલા, કુશળતા વગેરેને જોતાં શિવાકાશીને કુટ્ટીજપાન (મીની જપાન) તરીકે ઓળખાવાય છે.

તામિલનાડુના નવા મુખ્ય પ્રધાન સી. જોસેફ વિજયે હવે શિવાકાશીની સિકલ બદલી નાંખવાની હામ ભીડી છે. તેઓ ઇચ્છે છે કે વૈશ્વિક મંચ પર શિવાકાશીનો ફટાકડા ઉદ્યોગ ધમાકો બોલાવે. ફાયર ક્રેકર્સના આંતરરાષ્ટ્રીય વેપારમાં પ્રથમ ક્રમાંકે આવે. હાલમાં ચીન વિશ્વનો સૌથી મોટો ફટાકડા ઉત્પાદક દેશ છે. ભારત બીજા નંબરે છે.

મુખ્ય પ્રધાન જોસેફ એવું માને છે કે શિવાકાશીનો ફટાકડા ઉદ્યોગ રાજ્ય અને કેન્દ્ર સરકારની કેટલીક અવ્યવહારું નીતિને કારણે તેની પૂર્ણ ક્ષમતાએ ખીલી નથી શકતો. જો આ બાબતે દિર્ઘદ્રષ્ટિ વાપરીને ફટાકડા ઉદ્યોગની તરફેણમાં નિર્ણય લેવામાં આવે તો શિવાકાશી ચીનની સાથે વિશ્વવેપારમાં હોડમાં ઉતરી શકે છે.

આ શિવાકાશી એટલે ફટાકડાનું મુખ્ય કેન્દ્ર, ચેન્નાઈ (મદ્રાસ) શહેરથી ૬૫ કિલોમીટર દૂર આવેલું આ નગર આશરે સવા લાખની વસતિ ધરાવે છે. તેની ઉત્તરે ૭૦ કિ.મી.ના અંતરે મદુરાઈ શહેર આવેલું છે. આમ બે મોટા શહેરોની વચ્ચે વસેલું શિવાકાશી ફટાકડાં, પ્રિન્ટીંગ અને દિવાસળીના ધંધાનું 'પાટનગર' છે એમ કહીએ તો પણ ચાલે. અહીંના પ્રત્યેક ઘર એક મિની કારખાના સમાન છે. અને અહીંનો પ્રત્યેક રહેવાસી નાનો મોટો કારીગર અથવા વેપારી છે. હિન્દુસ્તાનના કોઈ મોટા શહેરમાં જોવા મળે તેવી અદ્યતન પ્રિન્ટીંગ મશીનરી ધરાવતા પ્રિન્ટરો શિવાકાશીમાં બેઠાં છે જેઓ ડાયરી, કેલેન્ડર, વિવિધ ઉત્પાદનો લેબલો, નોટબુકના કવરો હજાર, બે હજાર કે લાખ-બે લાખ નહીં, બલ્કે કરોડોની સંખ્યામાં છાપે છે. દિવાળી પૂરી થયા પછી નવા વરસે તમે ઘરમાં જે નવા કેલેન્ડરો ટીંગાડશો તો પણ લગભગ શિવાકાશીમાં છપાયા હશે. નવા વર્ષની બધાઈ અને શુભકામના આપતા જે ગ્રિટીંગકાર્ડ તમે લખો છે એ પણ શક્ય છે કે શિવાકાશીમાં જ છપાયા હશે.

અરે, મુંબઈ-ગુજરાતના કેટલાંક પ્રકાશો તેમના પુસ્તકો શિવાકાશીમાં છપાવે છે. તો તમાકુ બીડી, સાડી, તેલ વગેરેના મોટા વેપારીઓ, ઉત્પાદકો તેમના પ્રોડક્ટ પર વપરાતા લેબલ છપાવવા પણ છેક શિવાકાશી સુધી લાંબા થાય છે. કારણ કે શિવાકાશી સુધીનો તેમનો ફેરો ધંધાદારી રીતે ફળદાયી નીવડે છે. આપણા દેશમાં વર્ષે આશરે ૬૦૦૦ કરોડ રૂપિયાના ફટાકડા ફૂટે છે તેમાંથી ૮૦ ટકા માલ શિવાકાશીમાં બને છે. ફટાકડાના કુલ ઉત્પાદનમાંથી ૮૦ ટકા ફટાકડા પણ દિવાળીમાં જ ફૂટી જાય છે. આખા દેશના જથ્થાબંધ વેપારીઓ અગાઉથી જ પોતાના ઓર્ડર ઉત્પાદકો પાસે બુક કરાવે છે. આ તમામ જથ્થાબંધ વેપારીઓને જુલાઈ-ઑગસ્ટ મહિનાથી ફટાકડાની ડિલીવરી આપવાની શરૂ થાય છે. તે છેક ડિસેમ્બરમાં ક્રિસમસ વખતે પૂરી થાય. નવું વર્ષ ઉજવાઈ જાય ત્યાં સુધી શિવાકાશીના કારખાનાઓમાંથી ટ્રકો ભરી ભરીને ફટાકડા દેશના જુદા જુદા ખૂણે પહોંચે છે.



વર્તમાન સમયમાં ભારતમાં બનાવાતા કુલ ફટાકડામાંથી ૯૦ ટકાનું નિર્માણ શિવા કાશીમાં થાય છે. આ વિસ્તારમાં કુલ મળીને ૧૨૨૦ ફટાકડા ફેક્ટરી છે. જ્યારે તેમનો કુલ બિઝનેસ રૂા.૬૦૦૦ કરોડનો અંદાજાય છે.

વિશ્વમાં પાયરોટેકનિક (આતશબાજીમાં વપરાતું વિશિષ્ટ દારૂખાનું)ના કુલ વેચાણમાં ચીનનો હિસ્સો ૯૦ ટકા છે. માત્ર ચીનનું લિયાંગ શહેર ૭૦ ટકા ફટાકડાની નિકાસ કરે છે.

જોકે ચીને મેળવેલી આ સિદ્ધિને સરપાસ કરવા ભારતે (શિવાકાશી) ઘણું બધું કરવાનું રહે છે. અહીંના ઉત્પાદકો કહે છે કે ફટાકડા ઉદ્યોગ પર એટલા બધાં નિયંત્રણો લાદવામાં આવ્યા છે તથા કાયદા અને વિવિધ નિયમોની આંટીઘૂંટીને કારણે ઉત્પાદકોનું ગળું ઘુંટાય છે. સરકારે ફટાકડાની હેરફેર, નિકાસ, ઉત્પાદન માટેના ઈન્ફાસ્ટ્રક્ચરને ખૂબ સુધારવાની જરૂર છે.

તામિલનાડું ફાયરવર્ક્સ એન્ડ અમોર્સસ મેન્યુ. એસોસિયેશનના પ્રમુખ પી. ગણેશને આપેલી માહિતી પ્રમાણે શિવાકાશીમાં ૧૨૨૦ ફેક્ટરીઓ તો છે, પરંતુ તેમાંથી માત્ર ૪૦૦ ફેકટરી પાસે જ લાયસન્સ છે. બાકીના ઉત્પાદકો એકીસાથે માત્ર ૧૫ કિલો ફટાકડા બનાવી શકે છે. જ્યારે પરવાનાધારી ફેકટરી એક સાથે ૫૦૦ કિલોથી વધુ ફટાકડા બનાવી શકે છે.

શિવાકાશીની એક ખાસિયત એ છે. જુલાઈ-ઑગસ્ટ મહિનો આખા દેશ માટે ચોમાસાનો ગાળો હોવા છતાં અહીંના ઉત્પાદકોને વરસાદની પળોજણ પજવતી નથી. કારણ કે શિવાકાશી આવ્યું છે એ આખો સાતુર તાલુકો નહીંવત વરસાદ ધરાવે છે. એટલે ફટાકડા, કાગળ અને દિવાસળી જેવા ઉત્પાદનો (જેને માટે પાણી દુશ્મન સાબિત થાય)ને નુકસાન થવાનો ખાસ ડર રહેતો નથી. અલબત્ત, આ શહેરના રહેવાસીઓ તેમ જ શિવાકાશીમાં રોજીરોટી રળવા આવનારા બીજા સાઠેક હજાર મજૂરોને અહીંની પાણીની સમસ્યા બહુ નડે છે. આમ છતાં રોજના ૮૦ થી ૧૦૦ રૂપિયા વેતન મળતું હોવાથી સ્ત્રી-પુરુષો હોંશે હોંશે કામ કરે છે. અરે, ફટાકડાની સિઝનમાં મજૂરોની બહુ માગ નીકળે ત્યારે બાર-ચૌદ વર્ષના કિશોરો પણ રોજના ત્રીસ-ચાલીસ રૂપિયા પાડે છે. કાયદા મુજબ સગીર વયના બાળકોને ફટાકડાના કારખાનામાં કામ કરવા પર સખત પ્રતિબંધ છે. એટલે ઘણા ફેક્ટરી માલિકો અમુક સ્થળે ગુપ્ત ભોંયરામાં ફટાકડા પેકિંગ કરવાનું કામ ખોખા પર લેબલો ચોંટાડવાનું કામ બાળકો પાસે કરાવે છે. આ સિવાય દિવાસળીના ઉદ્યોગમાં તો બાળમજૂરોને બારેમહિના રોજગારી મળે છે.

છેલ્લા સાત દાયકાથી ફટાકડા ઉદ્યોગમાં ઈજારાશાહી ધરાવતું શિવાકાશી હવે એક મોટી છલાંગ મારી વિદેશોમાં તેની આતશબાજીનો પ્રભાવ પાથરવા ચાહે છે

શિવાકાશીની ફટાકડા ફેકટરીઓમાં ત્રણ લાખથી વધુ કામગારો આજીવિકા રળે છે જ્યારે બીજા પાંચ લાખ કારીગરો ફટાકડાના બિઝનેસ સાથે સંલગ્ન એવી કંપનીઓમાં કામ કરે છે. કામદારોની આ મોટી ફોજમાં ૫૫ ટકા તો સ્ત્રીઓ છે.

૧૯૩૭ની સાલમાં મદ્રાસથી ચીનની સફરે જઈને પાછા આવેલા લિંગપ્પા રામાસ્વામી નામના શખ્સે ફટાકડા ઉદ્યોગનો પાયો મદ્રાસથી દૂર એક ગામમાં નાંખ્યો ત્યારબાદ શિવા-કાશી નામના ભાઈઓએ આ ઉદ્યોગને ખૂબ વિસ્તાર્યો એટલે ગામનું નામ શિવાકાશી પડી ગયું. મુંબઈના ફિલ્મ ઉદ્યોગે આ ઉત્પાદકને જરૂરી પ્રોત્સાહન પૂરું પાડ્યું. કારણ કે શિવાકાશીમાં બનેલા ફટાકડા, દારૂગોળો વગેરે ફિલ્મોના શૂટિંગમાં વપરાવા લાગ્યા. આગ લાગવાના દ્રશ્યો બતાવવા માટે તે વખતે શિવાકાશીમાં બનેલા ગંધક અને ફોસ્ફરસના ગોળા વપરાતા હતા. પાછળથી શ્રીમંત ગુજરાતી અને મારવાડી વેપારીઓએ શિવાકાશીના ફટાકડા મગાવવાનું શરૂ કર્યું. આમ ધીરે ધીરે અહીંના ફટાકડાની ખ્યાતિ દેશભરમાં ફેલાઈ ગઈ.

એવું નથી કે દેશના તમામ ફટાકડા શિવાકાશીમાં જ ઉત્પન્ન થાય છે. પૂના, સાંગલી, ઉલ્હાસનગર ઉપરાંત રાજસ્થાનમાં ભરતપુર, ગુજરાતમાં પેટલાદ, મધ્યપ્રદેશમાં ઈન્દોર અને ગ્વાલિયર તેમ જ કોલકાતામાં પણ ફટાકડા ઉત્પાદકો છે. પરંતુ સૌથી સોંઘા અને અસરકારક ફટાકડા તો શિવાકાશીના જ ગણાય. એક સમયે શિવાકાશીચમાં બનેલા ફટાકડા છેક યુરોપ અને અમેરિકાની બજારમાં પહોંચતા હતા પરંતુ સ્ફોટક પદાર્થમાં વર્ગીકૃત થયેલા ફટાકડા પ્લેન કે સ્ટીમરમાં લઈ જવા માટે ખૂબ ઊંચા નૂર ભાડા, તેમ જ ઈન્સ્યુરન્સ કવર માટેનો ખર્ચ કરવો પડતો હોઈને નફાનું માર્જિન રહેતું નથી. એટલે હવે ફટાકડાની નિકાસ બંધ થઈ ગઈ છે.

ભારતમાં માત્ર શિવાકાશીમાં જ નહીં બલ્કે ઉત્પાદનમાં તમામ કેન્દ્રોમાં ફટાકડા કુટિર ઉદ્યોગના ધોરણે જ બને છે. આમાં છાપકામ સિવાય ક્યાંય યંત્રનો ઉપયોગ નથી થતો અને દરેક પ્રક્રિયા માટે જુદો શેડ છે. શિવાકાશીમાં તો બાળક જન્મે એટલે ગળથૂથીમાં ફટાકડાનો મસાલો જ મળે છે એમ કહી શકાય. શિવાકાશીમાં એકમાત્ર જાણીતા ફાયર વર્ક્સમાં ૩૦૦૦ થી વધુ લોકો રોજ ૨૦,૦૦૦ ગ્રોસ સેફ્ટી માચીસ બનાવે છે. આર.આર.ચન્દ્રર શિવાકાશીના માચીસ ઉદ્યોગના પિતામહ ગણાય છે.

અનુસંધાન પાનાનં ૦૬ પર



દિવાળીના દિવસે 'ચાંદે' ઇન્કિલાબની રોશની ફેલાવી!

દીપાવલીનાં અજવાળાં પથરાયાં છે, ત્યારે ઇન્કિલાબી વ્યક્તિની યાદ આવે છે. એ પણ દિવાળી પર્વના દિવસો હતા, જ્યારે ગુલામીથી ઘેરાયેલા દેશમાં સરફરોશી કરનારા બહાદુરોની કથાએ કેટલાય આઝાદીના આશકોમાં દીપ પ્રગટાવ્યાં હતાં.

ઈ. સ. ૧૯૨૮ના નવેમ્બર મહિનામાં દિવાળીના દિવસોએ 'ચાંદ' સામયિકનો અંક પ્રગટ થયો. એનો આ સાતમો દિવાળી વિશેષાંક હતો અને એ અંકનું નામ હતું 'ફાંસી'

પારિજાતનો પરિસંવાદ

ડૉ. કુમારપાળ દેસાઈ

અંક. આ સામયિકમાં અંગ્રેજ સરકાર સામે ઝઝૂમીને ફાંસીને માંચડે ચડી જનારાઓની રોમાંચક દાસ્તાન હતી. એવા માનવીઓની કથા હતી કે જે આખી અંગ્રેજ સલ્તનતને ધ્રુજાવે તેવી હતી. એ જમાનાના મશહૂર લેખક શ્રી ચતુરસેન શાસ્ત્રીએ એનું સંપાદનકાર્ય કર્યું હતું અને પહેલી જ વાર દેશના તમામ ક્રાંતિવીરોની કહાનીને શબ્દદેહ મળ્યો હતો.

'ચાંદ'નો આ અંક પ્રગટ કરનારા હતા રામરખસિંહ સેહગલ. આ અંકનું એક-એક પૃષ્ઠ ઇન્કલાબના નારાથી ગાજતું હતું. સહગલજીના માથે તલવાર તોળાતી હતી. તોપ કરતાં કલમ વધુ તાકાતવાન મનાય છે. તોપના ગોળાને શાંત પાડી શકાય, કલમની કટારી દિલમાં જખમ પેદા કર્યા વિના રહેતી નથી.

એ જમાનામાં 'ચાંદ'ની વીસ હજાર પ્રતો પ્રકાશિત થઈ. જાનખુવારીના આ કામને માટે જાતખર્ચી જ કામ લાગે. એ જમાનામાં 'ચાંદ'ના દિવાળીઅંક પાછળ પૂરા પંચાવન હજાર રૂપિયાનો ખર્ચ થયો. ક્યાંક સ્હેજ ચૂક થાય તો બાજી બગડી જાય તેમ હતી. સરકારને આની કોઈ ગંધ આવે તો ધનોતપનોત નીકળી જાય ! સોળ હજાર જેટલી 'ચાંદ'ની નકલો તો ટપાલમાં રવાના થઈ ગઈ, ત્યાં સરકાર એકાએક જાગી ઊઠી. જેને ગુનેગાર ઠેરવીને ફાંસીને માંચડે ચડાવ્યા હતા, એવા લોકોનો આ અંક કુરબાનીની આ સત્ય ઘટનાઓએ સરકારની ઊંઘ ઉડાડી દીધી. તરત જ સરકારી ધોંસ આવી. બાકીની ચાર હજાર નકલો જપ્ત કરવામાં આવી. એને તત્કાળ જલાવી દેવાનો હુકમ આપવામાં આવ્યો. પરિણામે 'ચાંદ'ને પચીસ હજાર રૂપિયાની ખોટ આવી. સહગલજીને એનો સહેજે રંજ નહોતો. દિલમાં એટલી આશા હતી કે સોળ હજાર નકલો તો પ્રજામાં પહોંચી ગઈ. બસ, હવે લોકોને આઝાદીની દિલેર દાસ્તાન જાણવા મળશે.

'ચાંદ'ના આ ફાંસી અંકે આખા દેશને ડોલાવી દીધો. દિવાળીના એ દિવસોમાં કેટલાય દિલોમાં ઇન્કિલાબનો આતશ જાગ્યો. આઝાદીના હર કદમમાં ઇન્કિલાબનો નારો ગુંજતો હતો. આભમાં જેમ ચાંદ ઊગે, એ રીતે, આ કલમનો 'ચાંદ' ઊગ્યો હતો. કલમનો આ ચાંદ એ બોમ્બ- બન્દૂકધારી નહોતો. રણમેદાન એનું ક્ષેત્ર નહોતું. કાગળ અને કલમનો એ સિપાહી હતો. પત્રકારત્વની પથ્થરિયા ભૂમિનો એ લડવૈયો હતો.

એક રીતે કહીએ તો પત્રકારત્વના ઇતિહાસમાં એણે બહારવટુ ખેડ્યું હતું. એનું નામ શ્રી રામરખસિંહ સહગલ. એના પત્રનું નામ 'ચાંદ'. મકાનનું નામ રેન બસેરા.' સ્થળ : ઇલાહાબાદ.

સહગલજીના નામમાં જાદુ હતું. સહગલજી ખુદ સંસ્થા હતા. એમનું વ્યક્તિત્વ અદ્‌ભુત હતું. એવું અદ્‌ભુત વિરલ વ્યક્તિત્વ કે જે અંગ્રેજ સરકારના પાશવી જુલ્મો સામે, મિત્રોની દગાખોરી સાથે અને સમાજની બેવફાઈ સાથે સમાધાન કરી શક્યું નહિ. તલવારની ધાર પર એ ચાલ્યા. અગ્નિની જ્વાળા પર એ નાચ્યા. જખમનાં ગીત મોજથી ગાયાં. અમીરીનાં જામાને ફકીરીનો અંચળો બનાવી દીધો. ગજવેલ એવું કે ભાંગી ગયું, પણ વળ્યું નહિ !



એ જમાનો 'ચાંદ' સામયિકનો હતો. ચાંદનું કાર્યક્ષેત્ર સામાજિક, આર્થિક ને રાજકીય ગુલામી સામે નિર્દયપણે તલવાર ચલાવવાનું હતું. 'ચાંદ' ખુદ સંસ્થા બની ગયું હતું. એની પાસે માતબર પ્રેસ હતું. એની પાસે સમર્થ પ્રકાશનો હતાં. એક કલકત્તામાં અને બીજું ઇલાહાબાદમાં એમ બે કાર્યાલયો હતાં. પ્રતિ માસ 'ચાંદ' કાર્યાલય બારથી પંદર હજારનો પગાર ચૂકવતું હતું.

ચાંદ પાસે દોઢ લાખનાં મકાનો હતાં. તુફાન અને દીયા જેવાં એકસો બાવન જેટલાં પુસ્તકોના પ્રકાશનો એણે કર્યા હતાં. એક એક પુસ્તકે ક્રાંતિ સર્જી હતી. ફક્ત 'ચાંદ' સામયિકે જ ઈ. સ. ૧૯૨૫ની સાલમાં અઢાર હજારનો ફેલાવો હતો. ચાંદનું ઉર્દૂ સંસ્કરણ પ્રગટ થયું, જેનો ફેલાવો ચાર હજારનો હતો. આ કાર્યાલય તરફથી 'ભવિષ્ય' નામનું સાપ્તાહિક પ્રગટ થતું. એની એકવીસ હજાર પ્રતિઓ પ્રગટ થતી ને એના દૈનિક સંસ્કરણની આઠ હજાર પ્રત રોજ વેચાતી.

જે સમયે વર્તમાનપત્રોનું વાચન નહિવત્ હતું, એ વખતે આ પત્રોએ બહોળો વાચકવર્ગ મેળવ્યો હતો. અને સામે મહાસમર્થ અંગ્રેજ સરકારનો ભયંકર ખોફ વહોરી લીધો હતો. સરકારના લાંબા હાથ એના ગળાની આસપાસ ભરડો લેવા આતુર હતા. ને કાયદો લાલ ડોળા કાઢીને બેઠો હતો. જરાક ગફલત કે બધું ખતમ !

આ કાર્યાલયના કેટલાય સંપાદકો જેલનિવાસી બન્યા. વીસેક વાર તો હથિયારધારી પોલીસ સાથે કાર્યાલયની ઝડતી લેવાઈ. કેટલીય અમાનતો મંગાઈ. કેટલીય જમાનતો જપ્ત થઈ. જેલ અને દંડની સજાનો તો આરો ઓવારો નહોતો !

પંખી ઊડતું હતું. પિંજર ભેદવા. બાજ હડપ કરવા તૈયાર હતું. પણ આઝાદીના આ આશકનું હરકદમ ઇન્કલાબ લઈને આવતું. રેશમની રજાઈ એને રુચતી નહિ. અગનપથારી પર પોઢનારો એ જીવ હતો. અછૂતોદ્ધાર એ વખતે હજી પ્રાથમિક દશામાં હતો, એ વખતે તેમણે 'અછૂતાંક' કાઢી હલચલ મચાવી દીધી. 'ચાંદ'ના 'મારવાડી' અંકે તો એક તોફાન ખડું કર્યું અને આ પ્રયત્નના અવેજમાં શ્રી સહગલજીને એક મારવાડી બિરાદરે ખાસડાં માર્યાં. કલમની અસર અજોડ હતી.

ઈ. સ. ૧૯૨૯ના માર્ચ મહિનામાં ચાંદ કાર્યાલયે 'ભારત મેં અંગ્રેજી રાજ્ય' નામનો હિંદી ગ્રંથ બહાર પાડ્યો. આ આખો ગ્રંથ જાણીતા વિદ્વાન પં. સુંદરલાલજીએ તૈયાર કર્યો હતો. ને એમાં પ્રસિદ્ધ ઇતિહાસકાર મેજર બસુની પચીસ વર્ષની ખોજ આપવામાં આવી હતી. (અત્યારે ગુજરાતી અનુવાદ સુલભ છે.) આ ગ્રંથના ૨૧૦૦ પાનાં હતાં, ને ફોર કલર, થ્રી કલર અને સીંગલ કલરના કુલ એંસીથી એકસો જેટલાં ચિત્રો હતાં.

આ પુસ્તક પાછળ રૂપિયા પચીસ હજાર ખર્ચવામાં આવ્યા. અગાઉથી ગ્રાહક થનારને પોણા મૂલ્યમાં આવવાનું હતું, પણ એની ૬૫૦ પ્રતો મહામુશ્કેલીએ રવાના થઈ કે સરકારી ધોંસ આવી પહોંચી. કેટલીક પ્રતો પોસ્ટ ઓફિસમાંથી ઝડપી લેવામાં આવી, બાકીની કાર્યાલયમાંથી જપ્ત કરવામાં આવી. આ જપ્તી ગેરકાયદે છે, એમ ઠરાવવા ઇલાદાબાદની હાઇકોર્ટમાં અપીલ કરવામાં આવી.

આ કામ માટે રોજના રૂપિયા ત્રણસોની ફી ઠરાવી સુપ્રસિદ્ધ વકીલ શ્રી કૈલાસનાથ કાજુને ચાંદ કાર્યાલય તરફથી રોકવામાં આવ્યા. શ્રી સહગલજી હાર્યા, સરકારને ૪૦૫૦ રૂ. ખર્ચના આપવા પડ્યા, આમ ખાતર પર દિવેલ થયું.

મહાત્મા ગાંધીજીએ એ વખતે 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન'માં 'દિન દહાડે ડાકા' એ શીર્ષક નીચે એક સંપાદકીય નોંધ લખી. આ કામનો વિરોધ કર્યો. શ્રી રામરખસિંહ સહગલ શાંત બેસે તેવા માનવી નહોતા. એમને રાજકીય ક્રાંતિની, સામાજિક સુધારની ધૂન વળગી હતી. ઈ. સ. ૧૯૩૧માં તેઓએ 'સરદાર ભગતસિંહ' નામનું પુસ્તક પ્રગટ કર્યું. તદ્દન નવીન વિગતો એમાં હતી. ને ઊંચા આર્ટ પેપર પર એ છાપ્યું હતું. સરકારે જપ્ત કર્યું ને રૂ. છ હજારની નુકસાની થઈ. સરકારને સહગલજી દીઠ્યા ગમતા નહોતા. એ ગમે તે રીતે તેઓને વશ કરવા માગતી હતી. કાં કચડી નાખવા ઇચ્છતી હતી. આ ગજવેલ હતું. ભાંગી જાય એ હક્ક, વળવાની- નમવાની વાત નહિ.

વર્તમાન પત્રોના મોં બંધ કરવા અંગ્રેજ સરકાર નવનવા કાયદા કરતી હતી. એક કાયદાની ચૂંગાલમાં સહગલજીને ઝડપી લીધા. સરકારે એ કેસ પાછળ ત્રીસ હજાર ખર્ચ્યા. સહગલજીને આઠ હજારનું ખર્ચ થયું. આખરે ઈ. સ. ૧૯૩૧ની નવેમ્બરે સાડા સાતસો રૂપિયા દંડ અને છ સપ્તાહની જેલ થઈ.

આ પછી ભારતીય દંડવિધાનની ૧૨૪મી અ કલમ તેમના પર લાગુ પડી. રૂ. ચાર હજારના ખર્ચના ખાડામાં ઊતરી ગયા. આ પછી ૫૦૦ની જમાનત લીધી તે જપ્ત કરી. ઈ. સ. ૧૯૨૪માં 'પરાધીનોની વિજયયાત્રા' નામનું પુસ્તક પ્રગટ કર્યું. સરકારે જપ્ત કર્યું. શ્રી સહગલજી આઝાદીના ઉપાસક હતા. આઝાદીના ઉપાસકોના સાથી હતા. ઘી જે આંગળીએ નીકળે એ આંગળીએ કાઢવામાં માનતા હતા. તેઓએ 'માતૃમંદિર' નામની સંસ્થા સ્થાપી હતી. મકાન, મોટર, ટેલિફોન, તથા ભોજનની વ્યવસ્થા અહીં રહેતી.

'ચાંદ'ના આ ફાંસી અંકે આખા દેશને ડોલાવી દીધો. દિવાળીના એ દિવસોમાં કેટલાય દિલોમાં ઇન્કિલાબનો આતશ જાગ્યો. આઝાદીના હર કદમમાં ઇન્કિલાબનો નારો ગુંજતો હતો

બાહ્ય દેખાવમાં પથભ્રષ્ટા યુવતીઓ અને મનચલા યુવકો માટે આ સુધારણા ગૃહ હતું, પણ અંદર ખાને ક્રાંતિકારીઓ માટેનું વિશ્રામ ગૃહ હતું. આની પાછળ તેઓએ રૂપિયા છવ્વીસ હજાર ખર્ચ કર્યું હતું. પોતાની રોયલ ઇન્સ્યુરન્સ કંપનીની રૂ. પચીસ હજારની પોલીસી સંકટકાળે રૂ. તેર હજારમાં વેચીને પ્રવૃત્તિ ચાલુ રાખી હતી.

આ તો પરદેશી સરકારની સાથે પાસે મિત્રોએ પોતાની સરકાર પાસે મદદ માગવા તૈયાર કર્યા, મદદ માગી. અનેક કારણો બતાવી મદદ ન આપી. સહગલજીને શોક થયો કે સિંહે થોડા માટે ખડ ખાવાનો કાં વિચાર કર્યો ?

આમ છતાં આજે આઝાદીની ઇન્કિલાબી કથાઓમાં કલમ ખાતર લોહી રેડનાર સહગલજી શોભે છે. ધાક, ધમકી, જુલમ અને કાવાદાવા કરતી સરકાર સામે કલમથી અણનમ બનીને આ માનવી અડીખમ ઊભો રહ્યો. આજે કલમથી કદમબોસી કરનારાઓનો સમાજ ચોમેર જોવા મળે છે, ત્યારે સહગલજીનું સ્મરણ દિલને ભારે આશાયેશ આપે છે.

પંકજ અડવાણી : ક્યુ સ્પોર્ટ્સમાં જીવંત દંતકથા સમાન ભારતીય સુપરસ્ટાર

જિંદગી જ્યારે નવા પડકારો ફેંકે છે, ત્યારે તેની સાથે સાથે નવી શરુઆત કરવા માટેની તકોનું પણ સર્જન થતું હોય છે. મુશ્કેલીનો સામનો કરવાની હિમતની સાથે સાથે કંઈક નવું કરવાનો ઈરાદો અને તે માટેના પ્રયાસોમાં સાતત્યતા ઘણી વખત ઐતિહાસિક સફળતાના

Sports ફન્ડા

રામકૃષ્ણ પંડિત

શિખર સુધી પહોંચવામાં પાયારુપ ભૂમિકા ભજવે છે. એક સમયે સાવ સામાન્ય લાગતા વ્યક્તિની અસાધારણ પ્રતિભાની ઓળખ દુનિયાને થોડા વરસો બાદ તેની અદ્વિતિય સિદ્ધિઓ થકી થાય છે. સફળતાની સાથે સાતત્યતાનો તાલ મિલાવીને આગળ વધનાર દિગ્ગજો જ મહાનતાને પ્રાપ્ત કરી શકે છે અને આવી જ મહાનતા ભારતીય ક્યુ સ્પોર્ટ્સના સુપરસ્ટાર પંકજ અડવાણીએ હાંસલ કરી બતાવી છે.

ભારતીય રમત જગતમાં કોઈ ખેલાડી વર્લ્ડ ચેમ્પિયન તરીકેનું ગૌરવ ધરાવતો હોય તેવી ઘટના જવલ્લે જ જોવા મળે છે. જોકે પંકજ અડવાણી તેમાં અપવાદરુપ છે. બિલિયર્ડ્સ-સ્નૂકર સહિતના ક્યુ સ્પોર્ટ્સમાં ૪૧ વર્ષનો પંકજ અડવાણી ૨૯ વખત વર્લ્ડ ચેમ્પિયન બની ચૂક્યો છે. પંકજે ભારતીય રમત જગતમાં જ નહીં, પણ વિશ્વના મલ્ટીપલ વર્લ્ડ ચેમ્પિયન્સની હરોળમાં પોતાનું આગવું સ્થાન હાંસલ કર્યું છે. તેણે તાજેતરમાં બર્મિંગહામમાં રમાયેલી બિલિયર્ડ્સની વર્લ્ડ ચેમ્પિયનશિપમા ઈંગ્લેન્ડના રોબર્ટ હોલને હરાવીને ઈતિહાસ રચી દીધો હતો. તે ભારતીય રમત ઈતિહાસનો સૌથી સફળ ખેલાડી તરીકેનું પણ ગૌરવ ધરાવે છે કારણ કે અન્ય કોઈ રમતમાં આટઆટલા વર્લ્ડ ટાઈટલ જીતવાની સિદ્ધિ કોઈ ખેલાડી મેળવી શક્યો નથી.

પંકજ અડવાણીએ માત્ર શોખ ખાતર જ બિલિયર્ડ્સ-સ્નૂકર રમવાનું શરુ કર્યું હતુ. જોકે આ રમતમાં તેને વધુને વધુ રસ પડવા માંડ્યો. કલાકોની પ્રેક્ટિસની સાથે સાથે પંકજ સતત પોતાની રમતમાં નિખાર લાવવા માટે નવા-નવા પ્રયોગો કરતો રહેતો અને આ અંગેનો લાંબા સમયનો તેનો અભ્યાસ જ, ખરાખરીના મુકાબલામાં તેના માટે આશીર્વાદરુપ સાબિત થતો હોય છે. પંકજ અણધારી સ્થિતિમાંથી વળતો પ્રહાર કરીને સફળતા મેળવવા માટે જાણીતો છે અને તેનો લડાયક મિજાજ અને મક્કમતાની સામે ભલભલા દિગ્ગજોને શરણાગતિ સ્વીકારવા સિવાય બાકીનો કોઈ વિકલ્પ બચતો નથી.

ધીરજ, એકાગ્રતા અને નિયંત્રિત સ્ટ્રોક પ્લેની રમત તરીકે બિલિયર્ડ્ઝ અને સ્નૂકરની રમત ઓળખ ધરાવે છે. પંકજે અત્યાર સુધીમાં ૨૦ વખત વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપ જીતી છે. જેમાં ટીમ ટાઈટલ્સ પણ સામેલ છે. જ્યારે આઠ વખત તેના નામે સ્નૂકરના ટાઈટલ પણ નોંધાયેલા છે. આ ટાઈટલ્સમાં ટીમ ચેમ્પિયશિપ અને સિક્સ રેડ બોલ્સની ચેમ્પિયનશિપનો પણ સમાવેશ છે. વૈશ્વિક સ્તરે હવે સ્પર્ધાઓ વધુને વધુ તીવ્ર બનવા માંડી છે. તેની સાથે નવા-નવા ખેલાડીઓનું આગમન, આધુનિક ટેકનોલોજીની મદદથી લેવાતા તાલીમના કારણે પણ મુકાબલા જીતવા કઠિન બની રહ્યા છે, ત્યારે પંકજની સિદ્ધિ ખરેખર કાબિલે દાદ છે.

ક્યુ સ્પોર્ટ્સમાં ભારતીય ખેલાડીએ છેલ્લા ૨૩ વર્ષથી પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. તેણે કારકિર્દીનું પ્રથમ વર્લ્ડ ટાઈટલ વર્ષ ૨૦૦૩માં જીત્યું, ત્યારે તેની ઉંમર માત્ર ૧૮ વર્ષની હતી. તે પછી આજે ૨૦૨૬માં તેણે ૨૯મી વખત વિશ્વ વિજેતા બનવાની સિદ્ધિ મેળવી છે, ત્યારે તેની ઊંમર ૪૧ વર્ષે પહોંચી છે. આ દરમિયાન તેણે



ચેમ્પિયન ગીત સેઠી બાદ ક્યુ સ્પોર્ટ્સમાં ભારતની વિકાસયાત્રાને પંકજ અડવાણીએ નવી ઊંચાઈએ પહોંચાડી દીધી છે. પંકજની

અખાતી યદ્ધના સમયે જીવ બચાવીને સ્વદેશ પરત ફરેલા અડવાણી પરિવારના સૌથી યુવા પુત્ર પંકજે બિલિયર્ડ્સ-સ્નૂકરમાં ૨૯ વખત વર્લ્ડ ચેમ્પિયન બનીને ભારતીય રમત જગતમાં ઈતિહાસ રચી દીધો

૨૦૦૬ની દોહા એશિયન ગેમ્સમાં અને ૨૦૧૦ની ગ્વાંગઝૂ એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક હાંસલ કર્યા હતા.જ્યારે એશિયન બિલિયર્ડ્સ અને સ્નૂકરની વિવિધ સ્પર્ધાઓમાં તેણે કુલ ૧૪ વખત ભારતને ટાઈટલ અપાવ્યા છે. આ સિવાય રાષ્ટ્રીય સ્તરની ચેમ્પિયનશિપ્સમાં તેનો વરસોથી દબદબો રહ્યો છે.

બે દશકથી વધુ સમયથી ક્યુ સ્પોર્ટ્સમાં પ્રભુત્વ જમાવનારા પંકજ અડવાણીએ સિંગાપોરના પીટર ગિલક્રિસ્ટ, ઈંગ્લેન્ડના ડેવિડ કૌઝિયર અને રોબર્ટ હોલ તેમજ માઈકલ રસેલની સામે ઘણા નિર્ણાયક મુકાબલામાં વિજય મેળવ્યા છે. ભારતના જ સૌરવ કોઠારી અને ધ્રુવ સીતવાલા પણ આંતરરાષ્ટ્રીય સ્તરે તેના હરિફો રહ્યા છે. જોકે મોટાભાગના મુકાબલામાં પંકજની સફળતાના પાયામાં તેના ભાઈ શ્રી અડવાણીનો ફાળો ઘણો મોટો છે. શ્રી રમત જગતના મનોવિજ્ઞાની હોવાની સાથે ખેલાડીઓ તૈયાર કરવાથી લઈને તેમનામાં આત્મવિશ્વાસ રેડવાથી લઈને તેમને નવા પડકારો માટે તૈયાર કરવાનું કામ કરે છે. તે ખુદ પણ રાષ્ટ્રીય સ્તરના બિલિયર્ડ્સના ખેલાડી રહી ચૂક્યા છે અને તેમણે દેશના ટોચના આઠ ખેલાડીમાં સ્થાન મેળવ્યું હતુ.

પંકજના જન્મ બાદ અડવાણી પરિવાર કુવૈતમાં સ્થાયી થવાનું નક્કી કર્યું હતુ. જોકે નવા દેશમાં પહોંચ્યા બાદ પંકજના પિતાનું ગણતરીના વરસોમાં જ અવસાન થયું હતુ આ પછી તેની માતા કાજલે બંને બાળકોને ઉછેરવાની જવાબદારી ઉઠાવી લીધી. જોકે સદ્દામ હુસૈને શરુ કરેલા અખાતી યુદ્ધના પગલે તેઓને સ્વદેશ પરત ફરવું પડ્યું હતુ. તેઓ બેંગાલુરુમાં સ્થાયી થયા અને પાટા પરથી ઉતરી ગયેલી જિંદગીને ફરી ગોઠવવાનો પ્રયાસ કરવા માંડ્યા. આ દરમિયાન પંકજના મોટાભાઈ શ્રીએ પૂલ પાર્લર શરુ કર્યું. તે રાષ્ટ્રીય સ્તરે બિલિયર્ડ્સ ખેલાડી તરીકે ઓળખ મેળવી ચૂક્યો હતો. આ કારણે પંકજ તેના મોટાભાગની દેખરેખ હેઠળ ઘડાયો. ઘરનું જ પૂલ પાર્લર હોવાથી પંકજને પ્રેક્ટિસ માટે વધુ સંઘર્ષ કરવો પડ્યો નહતો.

કિશોરાવસ્થામાં ડગ માંડી રહેલા પંકજે ૧૩-૧૪ વર્ષની વયે જુનિયર બિલિયર્ડ્સ ટાઈટલ હાંસલ કરી બતાવ્યું અને ત્યાર બાદ ત્રણ જ વર્ષમાં તેણે દેશના ટોચના ખેલાડીઓને ચોંકાવતા સીનિયર સ્નૂકર ચેમ્પિયન તરીકેનો ખિતાબ હાંસલ કર્યો અને તે સૌથી યુવા વયનો રાષ્ટ્રીય ચેમ્પિયન બન્યો. રાષ્ટ્રીય સ્તરના અસરકારક દેખાવ કરી રહેલા પંકજની વિશિષ્ટ પ્રતિભાને માત્ર ૧૪ વર્ષની વયે ઈંગ્લેન્ડમાં રમાયેલી વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપમાં ભાગ લેવાની તક મળી. આંતરરાષ્ટ્રીય સ્તરના સ્પર્ધાઓના અનુભવે પંકજને ખેલાડી તરીકેની પરિપક્વ બનાવ્યો અને માત્ર ૧૮ વર્ષની વયે તેણે સૌપ્રથમ વખત વર્લ્ડ ચેમ્પિયન તરીકેનો તાજ ધારણ કરતાં ચીનના જીંગમેનમાં વર્ષ ૨૦૦૩માં ઈન્ટરનેશનલ બિલિયર્ડ્સ-સ્નૂકર ફેડરેશન દ્વારા યોજાયેલી વર્લ્ડ સ્નૂકર ચેમ્પિયનશિપ જીતી લીધી.

માત્ર ૧૮ વર્ષની ઉંમરે વર્લ્ડ ચેમ્પિયન તરીકેનો તાજ ધારણ કરનારા પંકજે સખત પ્રેક્ટિસ અને કટિબદ્ધતાને સહારે બિલિયર્ડ્સ-સ્નૂકરમાં પોતાનું એકચક્રીય સામ્રાજ્ય સ્થાપિત કરી દીધું છે. આ કારણે પહેલા વર્લ્ડ ટાઈટલના ૨૩ વર્ષ બાદ પણ તેણે ચેમ્પિયન બનવાનો સિલસિલો જારી રાખ્યો છે અને આ ૨૩ વર્ષ દરમિયાન વર્ષ ૨૦૦૪ અને ૨૦૧૧ જ એવા વર્ષો છે કે, જ્યારે તે એક પણ મેજર ટાઈટલ જીતી શક્યો નહતો. જોકે આ સિવાય ૨૧ વર્ષ દરમિયાન તેણે કોઈને કોઈ વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતી છે, જે તેને ભારતીય રમત જગતની સાથે વૈશ્વિક સ્તરે સાતત્યસભર ખેલાડીઓની હરોળમાં સ્થાન અપાવે છે.

પંકજના વર્લ્ડ ટાઈટલ અને એશિયન ટાઈટલ્સનો કુલ આંકડો ૪૩ સુધી પહોંચી ગયો છે અને હાલ જે પ્રકારે તે આગળ વધી રહ્યો છે, તે જોતાં આવનારા દિવસોમાં તે ૫૦ ટાઈટલના આંકડાને પાર કરી લેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

આથમતો અજવાસ અને સરહદે દીવો...

ઝાકળઝંઝા

રવિ ઈલા ભટ્ટ

બાળપણથી જ દિવ્યરાજનું એક જ સ્વપ્ન હતું : ભારતીય સેનાનો યુનિફોર્મ પહેરવો. તેના રૂમની દીવાલો પર દેશના શહીદોના ફોટા હતા. એનસીસીમાં તે બેસ્ટ કેડેટ રહ્યો હતો. પરંતુ ઘરની સ્થિતિને પગલે તે ક્યારેય પોતાનું સપનું પૂરું કરી શક્યો નહોતો.

જો કે, આ દિવાળી તેના માટે એક એવી ઘટના લઈને આવી હતી જેની તેને કલ્પના નહોતી. દિવાળીના તહેવાર પર ગૃહ મંત્રાલય અને સરહદ સુરક્ષા દળ (BSF) દ્વારા એક વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટના સંચાલનનું ટેન્ડર દિવ્યરાજની કંપનીને મળ્યું. રાજસ્થાનના જોધપુર સેક્ટરમાં ભારત-પાકિસ્તાનની સરહદે આવેલી છેવાડાની ફોરવર્ડ પોસ્ટ ઉપર ઉજવણીનું આયોજન હતું.

ધનતેરસના દિવસે દિવ્યરાજ પોતાની પ્રોડક્શન ટીમ સાથે જોધપુરથી આગળ જેસલમેર-બાડમેરના રણ વિસ્તાર તરફ રવાના થયો. સાંજે તેઓ બીએસએફની ૧૨૪મી બટાલિયનની 'વિજય' સરહદી ચોકી પર પહોંચ્યા. ચોકી પર ઊતરતાં જ દિવ્યરાજની નજર સામે ઊંચા કાંટાળા તારની વાડ પર પડી. વાડની આ તરફ ભારતની પવિત્ર માટી હતી અને પેલી તરફ પાકિસ્તાનનું રણ. એ ક્ષણે દિવ્યરાજના રૂંવાડાં ઊભાં થઈ ગયાં. ચોકીના વોચ ટાવર પર હાથમાં ઈન્સાસ રાઈફલ લઈને અડગ ઊભેલા જવાનને જોઈને તેને પહેલી વાર સમજાયું કે સરહદ માત્ર નકશા પર દોરેલી રેખા નથી, એ એક એવો જીવંત અહેસાસ છે જ્યાં જિંદગી અને મોત વચ્ચે માત્ર એક સેકન્ડનું અંતર હોય છે.

બીજા દિવસે સવારથી જ તૈયારીઓ શરૂ થઈ ગઈ અને દિવાળીએ સાંજે છ વાગ્યે આથમતા અજવાસમાં આખી ચોકી દીવાઓ અને ફેન્સિંગની લાઈટોના અજવાળે ઝળહળી ઊઠી. જવાનો ધીમે ધીમે એકઠા થવા લાગ્યા. તેમના ચહેરા પર એક અનોખો સંતોષ હતો.

કાર્યક્રમ શરૂ થયો. ગુજરાતના ગરબા, રાજસ્થાનનું ઘૂમર અને પંજાબના ભાંગડાના ગીતો વાગવા લાગ્યા. દિવ્યરાજ માત્ર સ્ટેજ પાછળ ઊભો ન રહ્યો. તે પોતે દોડીને જવાનોની વચ્ચે પહોંચી ગયો. એક ઓડિશાના જવાન બિશ્વજીત સાહુએ દિવ્યરાજનો હાથ પકડીને તેને વર્તુળમાં ખેંચી લીધો. દિવ્યરાજે તેમની સાથે ગરબા કર્યા, ડાન્સ કર્યો અને પછી બધા સાથે બેસીને દેશી ઘીના લાડુ અને જલેબી ખાધા.

ડાન્સ અને ભોજન દરમિયાન દિવ્યરાજની નજર અચાનક ચોકીના પશ્ચિમી છેડે ગઈ. ત્યાં થોડે દૂર સંપૂર્ણ કમાન્ડો ગિયરમાં, બુલેટપ્રૂફ જેકેટ અને હાથમાં અદ્યતન હથિયારો સાથે કેટલીક મહિલા જવાનો પેટ્રોલિંગ કરી રહી હતી અને કેટલીક વૉચ ટાવર પર પોઝિશન લઈ રહી હતી.

દિવ્યરાજે આશ્ચર્યથી ડેપ્યુટી કમાન્ડન્ટ ભાર્ગવ બરુઆને પૂછ્યું, 'સર, આ દીકરીઓ...?'

બરુઆ સાહેબે ગર્વથી હસીને કહ્યું, 'હા દિવ્યરાજ, આ આપણી બીએસએફની મહિલા પ્રહરીઓ છે. તમે જેને દીકરીઓ કહો છો, એ સરહદ પર દુશ્મન માટે સાક્ષાત મહાકાળી છે. આમાંથી ઘણી છોકરીઓ તો માત્ર બાવીસ-તેવીસ વર્ષની છે.'

દિવ્યરાજનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. ૨૨-૨૩ વર્ષની ઉંમર! જે ઉંમરે શહેરોની દીકરીઓ કોલેજના કેમ્પસમાં ફરતી હોય, કેરિયર કે લગ્નના સપના જોતી હોય, દિવાળીએ રંગોળી પૂરીને સુંદર કપડાં પહેરીને સેલ્ફી લેતી હોય, તે ઉંમરે આ યુવતીઓ માથે હેલ્મેટ અને હાથમાં એકે-૪૭ લઈને રણની ધૂળ વચ્ચે સરહદ સાચવી રહી હતી!



'સર, મારી સાથે અત્યાધુનિક ઓડિયો-વિઝ્યુઅલ રેકોર્ડિંગ સેટઅપ છે. આપણે આ પ્રસંગે એક પોડકાસ્ટ રેકોર્ડ કરવો જોઈએ. મારે દેશને બતાવવું છે કે જે દીકરીઓને આપણે ઘરમાં નાજુક સમજીએ છીએ, તેઓ દેશની સરહદે કેવી અડગ ઊભી છે. તમે બંને અધિકારીઓ હોસ્ટ બનો અને આ દીકરીઓ સાથે વાતચીત કરીએ.' - દિવ્યરાજે ત્યારે જ એક ઓફર મુકી.

અધિકારીઓએ થોડો વિચાર કરીને મંજૂરી આપી દીધી. ચોકીના એક ખૂણામાં, જ્યાંથી સરહદની ફેન્સિંગ સ્પષ્ટ દેખાતી હતી, ત્યાં બે કેમેરા અને માઈક્રોફોન ગોઠવવામાં આવ્યા. બે ખુરશીઓ પર કમાન્ડન્ટ રાઠોડ અને ડેપ્યુટી કમાન્ડન્ટ બરુઆ બેઠા, અને તેમની વચ્ચે બે મહિલા જવાનોને બેસાડવામાં આવી. એક હતી આસામના એક નાના ગામડાની ૨૨ વર્ષીય પલ્લવી બોરા અને બીજી હતી ઓડિશાના મયૂરભંજ જિલ્લાની ૨૩ વર્ષીય સુનિતા મુર્મુ. બંને હજુ હમણાં જ પોતાની પેટ્રોલિંગ ડ્યુટી પૂરી કરીને આવી હતી. તેમના ચહેરા પર રેતીના કણો ચોંટેલા હતા, પણ આંખોમાં અદભુત તેજ હતું.

દિવ્યરાજે રેકોર્ડિંગનું બટન દબાવ્યું અને લાઈવ પોડકાસ્ટ શરૂ થયો.

'જય હિન્દ સાથીઓ. આજે દિવાળીની આ પવિત્ર રાત્રે, ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સીમા

'અમે શહેરોમાં બેસીને આઝાદી અને સુરક્ષાને બહુ હળવાશથી લઈએ છીએ. પણ તમારી એક-એક ક્ષણ, તમારો આ તહેવારોનો ભોગ... એનું ઋણ આ દેશ ક્યારેય ચૂકવી નહીં શકે...'

પરથી અમે તમારી સામે લઈને આવ્યા છીએ એ અવાજ, જે કદાચ ટીવી સ્ક્રીન સુધી નથી પહોંચતા. મારી સાથે છે આસામના ડેપ્યુટી કમાન્ડન્ટ ભાર્ગવ બરુઆ અને અમારી બહાદુર દીકરીઓ, કોન્સ્ટેબલ પલ્લવી અને કોન્સ્ટેબલ સુનિતા.' - કમાન્ડન્ટ રાઠોડ બોલ્યા

'પલ્લવી, તમે આસામના લીલાછમ બ્રહ્મપુત્રાના કિનારેથી આવો છો, જ્યાં ચારે તરફ હરિયાળી છે. અને આજે તમે રાજસ્થાનના આ સૂકા, બળબળતા રણમાં દેશની સરહ

કંટકવેધ

ધર્મેશ પટેલ

મા-દીકરા વચ્ચે ડાઇનિંગ ટેબલ ઉપર ડિનર સમયનું વાતાવરણ આજે કંઈક અલગ હતું. થોડી વિરોધાભાસી લાગણીઓ વર્તાતી હતી.

બાકી મોટા ભાગે ડિનરનો સમય મા-દીકરા વચ્ચે હકારાત્મક વાતો, હળવી ચર્ચાઓમાં જ રહેતો હતો, કારણ દીકરો એક પ્રતિષ્ઠિત મનોચિકિત્સક તરીકે હોસ્પિટલમાં પોતાના દિવસભરની ફરજો અદા કરી, ડિનરના સમયમાં પોતાની મા સાથે મુક્તપણે ચર્ચાઓ કરી, એક હળવાશનો અનુભવ કરતો, અને મા પણ પોતાના દીકરાની એક મિત્રભાવે વાતો સાંભળતી અને પોતાની સમજ અનુસાર સૂચનો કરતી, બંને મા દીકરા માટે દિવસ દરમિયાનનો આ સમય અતિ મહત્વનો બની રહેતો.

પરંતુ આજે માના ચહેરા પર થોડી ચિંતા, થોડો ભય, થોડો શોક, થોડું આશ્ચર્ય, એમ મિશ્રિત લાગણીઓ વર્તાઈ રહી છે.

અને આશ્ચર્યની વાત એ છે કે દીકરો, જેનું મન, જેની આંખો અતિ ઉલ્લાસ, મહત્વાકાંક્ષી ભવિષ્ય દર્શનથી છલોછલ છલકાઈ રહી છે, તે માના ચહેરાના ભાવો જોવામાં અસમર્થ છે.

અને ત્યારે વધારે આશ્ચર્યની વાત છે કે દીકરો નામાંકિત મનોચિકિત્સક છે.

થોડી સ્વસ્થતા કેળવીને, મા ધીમા સ્વરે પૂછે છે, 'દીકરા, આ પગલું ભરવું જરૂરી છે?'

અતિ ઉત્સાહિત સ્વરમાં દીકરો જવાબ આપે છે, 'મમ્મી, આ માત્ર એક પગલું નથી. તારા દીકરા માટે પ્રગતિના વિશાળ આકાશમાં એક ઉડાન છે.'

'પરંતુ દીકરા, આપણી પાસે અહીં શું નથી ? આ શહેરમાં તારી ઉચ્ચ પ્રતિષ્ઠા છે, આર્થિક સદ્ધરતા પણ વ્યવસ્થિત પ્રમાણમાં છે. આપણે મા-દીકરા પાસે એકબીજાના સાથનો અમૂલ્ય અવસર પણ છે. તારા પિતાજીના અવસાન પછી આપણા બંનેના સાથનું શું મહત્વ છે, એ તને નથી સમજાતું?'

'મમ્મી.' દીકરો થોડો અટકીને કહે છે, 'તારી વધી જ વાત બરાબર છે, પરંતુ આ શહેરમાં મારા કાર્યક્ષેત્રમાં જેટલું મેળવી શકાય, લગભગ એ બધું જ મેં મેળવી લીધું છે. હવે મને મુંબઈની નામાંકિત અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત હોસ્પિટલ તરફથી ત્યાં જોડાવાની ઓફર આવી છે, તો આ મોકો હું કઈ રીતે જવા દઉં?'

'મમ્મી, મમ્મી, મારી પ્યારી મમ્મી, કેટલી ભોળી છે તું. અમે એકબીજાને પસંદ કરીએ છીએ, એ વાત બરાબર છે, પરંતુ પ્રગતિના આવા અમૂલ્ય મોકાને લાગણીવેણા માટે, અમારું જનરેશન વેડફી ન શકે.'

'મમ્મી, આ તો હજી મારી પહેલી ઉડાન છે. મારો ગોલ તો યુ.એસ.ની ટોપની હોસ્પિટલમાં કામ કરવાનું છે.'

મા થોડી ગભરાઈને કહે છે, 'તો બેટા, હું તો અહીં એકલી રહી જવાની.'

'શું વાત કરે છે, મમ્મી ? અહીંયા સુંદર મજાનું ઘર છે, બે નોકરો છે, રસોઈ માટે રોજ આવનાર રાધા બા છે, ડ્રાઈવર રાજુ છે, તારે બહાર જવું હોય તો તને લઈ જશે. એકલી ક્યાંથી રહેવાની તું ? અને સમય મળશે તો હું વચ્ચે-વચ્ચે આવતો રહીશ.'

મા પાસે દલીલો ઘણી હતી, પરંતુ દરેક માની જેમ પોતાના દીકરાની દલીલોમાં પણ હાર નહીં ઇચ્છનારી આ મા પણ થોડી વાર ચૂપ થઈ ગઈ. વિચાર્યું, મારા દીકરાની પ્રગતિમાં મારે અંતરાયો ઊભા નથી કરવા. મારે તો આ સમયે એને શુભેચ્છા અને આશીર્વાદ આપવા જોઈએ.

થોડી સ્વસ્થ થવાનો પ્રયત્ન સાથે દીકરાને પૂછે છે, 'તો કાલે કેટલા વાગે તારે નીકળવાનું છે?'

'સવારે નવ વાગે, મમ્મી.'

'દીકરા, તો પછી હું તારી બેગ પેક કરી દઈશ.'

'ઓકે, મમ્મી. ગુડ નાઈટ.'

આજની નાઈટ ગુડ ન હોવા છતાં પણ ભારે, 'ગુડ નાઈટ, બેટા' મા એવો જવાબ આપે છે.

એક જ ઘરમાં મા અને દીકરા, એ બન્નેના મસ્તિષ્ક વિરોધાભાસી લાગણીઓથી ભવિષ્યના વિચારો કરી રહ્યા છે.

સવારે મા પોતાના નિત્યક્રમ પ્રમાણે પૂજા-પાઠ કરી ઘરના મંદિરમાંથી બહાર આવે છે. આજે એનું મન વ્યથિત હોવાના કારણે ધ્યાનપૂર્વક ભક્તિમાં લીન થઈ શક્યું ન હતું. આજની પૂજા-પાઠ એને મને ઔપચારિકતા પૂરી કરવા બરાબર હતી.

દીકરો બેડરૂમમાંથી મુંબઈ જવાની સંપૂર્ણ તૈયારી સાથે બહાર આવે છે.

'આવ દીકરા, બ્રેકફાસ્ટ કરી લે.'

'હા મા, આજનો દિવસ મારા માટે મારી લાઈફનો ટર્નિંગ પોઈન્ટ છે.'

મા પાસે આજે શબ્દોની કમી વર્તાઈ રહી હતી. ચહેરા પર સ્પષ્ટ અસમંજસતા દેખાઈ રહી છે, પરંતુ મનોચિકિત્સક દીકરાને ભવિષ્યના સપનાઓની ચકાચોંધમાં કશું દેખાતું નથી.

બ્રેકફાસ્ટ પૂરું થયું. આખરે માએ મન મક્કમ કર્યું.

'દીકરા, સાચવીને જજે. પહોંચીને ફોન કરજે. ખાવા-પીવામાં ધ્યાન રાખજે અને તબિયતનું ધ્યાન રાખજે. સમય મળે, મને અચૂક ફોન કરજે.'

'હા, ચોક્કસ, મા. આજે ઉતાવળ છે, એટલે હવે નીકળું.'

'હા દીકરા, સાચવીને જજે.'

ગાડી પૂરપાટ ઝડપે હાઈવે ઉપર મુંબઈ તરફ દોડી રહી છે. ડોક્ટર અભય આજની મિટિંગની મનમાં તૈયારી કરી રહ્યો છે.

અચાનક ગાડીની ઝડપ ધીમી પડે છે અને ઊભી રહી જાય છે.

'શું થયું છે રાજુ ?' અભય ડ્રાઈવરને પૂછે છે.

'સર, ગૂગલ મેપ સ્ક્રીન પર બતાવે છે કે આગળ ટ્રાફિક જામ છે, જે બિલકુલ અટકી જ ગયા હોય એવું લાગે છે.'

'શું કારણ હોઈ શકે, રાજુ ?' અભય પૂછે છે.

'સર, મારો ડ્રાઈવર મિત્ર આપણા કરતાં બે કલાક વહેલો મુંબઈ જવા માટે નીકળ્યો હતો. હું એને ફોન કરીને પૂછી લઉં.'

ડ્રાઈવર રાજુ ફોન ઉપર બધી માહિતી મેળવી લે છે અને ડોક્ટર અભયને જણાવે છે, 'સર, આગળ બ્રિજ ઉપર એક કેમિકલ ટેન્કર લિક થઈ ગયું છે. એટલે વાહન વ્યવહાર રોકવામાં આવ્યા છે. અને નક્કી નથી ક્યારે ચાલુ થાય.'

ડોક્ટર અભય અકળાઈ ઊઠે છે. 'ઓહ, નો ! શું કરવું હવે ? રાજુ, તું તો જાણે છે કે મારે આજે મુંબઈ પહોંચવું કેટલું જરૂરી છે.'

રાજુ, જે રસ્તાઓનો જાણકાર છે, એ જણાવે છે કે, 'સર, અહીંથી થોડા આગળ વધીએ તો ડાબી બાજુ એક કાચો રસ્તો છે. જંગલના ગામડામાં થઈ, બ્રિજની પણ આગળ જઈને હાઈવેને મળે છે, પણ રસ્તો ખૂબ ખરાબ હશે. તમે કહેતા હો તો રિસ્ક ઉઠાવીએ.'

ડોક્ટર અભયને આશાનું કિરણ દેખાયું. 'અરે ભાઈ, તો રિસ્ક ઉઠાવી લે. આજે જરૂરી છે.'

'ઓકે, સર.'

બોલી રાજુએ ગાડી આગળ જઈ, ડાબી બાજુ કાચા રસ્તે વાળી લીધી. રસ્તો ખરેખર ખૂબ ખરાબ હતો. એકલ-દોકલ બાઈક સિવાય કોઈ વાહન દેખાતું નહીં, પરંતુ ડોક્ટર અભયનું મન તો ફક્ત મંઝિલ સુધી પહોંચવામાં જ હતું, એટલે અત્યંત ખરાબ રસ્તો પણ એને મદદગાર લાગતો હતો.

આજે જાણે દિવસ જ કસોટીનો હોય. તેમણે ત્રણ કિલોમીટર કાચા રસ્તે ચાલીને ગાડી બંધ પડી ગઈ. રાજુના અનેક પ્રયત્નો છતાં ગાડી સ્ટાર્ટ ન થઈ, તે ન થઈ.

ડોક્ટર અભય ગુસ્સે થઈ કહ્યું, 'હવે શું કરીએ?'

'સર, આ એક બાઈકવાળો આવતો દેખાય છે. તે જો હાઈવે પર જતો હોય તો હું એની સાથે બેસી જાઉં અને હાઈવે પરથી કોઈ મિકેનિકને લઈ આવું.'

'જે કરવું હોય તે જલ્દી કર, પણ તું મને મુંબઈ પહોંચાડ.' અભય ઉશ્કેરાઈને બોલ્યો.

રાજુ બાઈક સવાર સાથે વાતચીત કરી, એની સાથે મિકેનિકને લેવા માટે નીકળી જાય છે.

'આજનો દિવસ જ ખરાબ છે, પણ કોઈ હિસાબે જવું તો છે જ.'

મનોમન આવું વિચાર કરતા દરવાજો ખોલી, એ બહાર નીકળે છે. થોડા હળવામાં વોકિંગ માટે, આગળ જવા માંડે છે.

થોડા આગળ વધ્યા પછી રસ્તાથી થોડે દૂર અંદર, એક અત્યંત જર્જરિત નાનું ઘર દેખાય છે. બધી દિવાલો તૂટેલી-ફૂટેલી હતી. છતની જગ્યાએ ફાટેલું પ્લાસ્ટિક ખૂબ જ અવ્યવસ્થિત રીતે બાંધેલું હતું. ઘર જોઈને જ એમ થાય કે આમાં કોઈ પણ મનુષ્ય માટે રહેવું અશક્ય છે. કુતૂહલવશ, અભય ઘરની થોડી નજીક જાય છે અને ત્યાં ઘરની બાજુમાં એક વૃદ્ધા, જેની દશા આ ઘર કરતાં પણ વધારે જર્જરિત લાગતી હતી, તે કાંટાઓની સુકાયેલી ડાળખીઓ સાથે ઝઘડો કરી રહી હતી. ક્યારેક ગુસ્સામાં, તો ક્યારેક રડીને, તો ક્યારેક ખડખડાટ હસીને, એમને જાણે ટોણાઓ મારી રહી હતી.

'અરે કાંટિયાઓ, (કાંટાઓનો સમૂહ) તમને મેં મારું ભલું કરનાર જાણેલા, તમને મારા પોતાના માનેલા, પણ તમે તો મારા વરને, મારા દીકરાને જેવા જ મને ભોંક્યા.'

રડતા-રડતા વૃદ્ધા અચાનક જાણે રોજનું હોય એમ, પીડાથી કણસવાને બદલને થોડા કાંટાઓ ઉંચકીને પોતાની છાતીએ ચાંપેલા છે.

'માફ કરજો, મને માફ કરજો. મારાથી તમને મરાઈ ગયું, પણ પેલી રાતના જો તમે મને સાથ આપ્યો હોત તો, મારી ખુશીઓ લૂંટનારને બાતમી ના આપતે, તો સારું થાત. પણ મને માફ કરજો.'

આમ બોલી વૃદ્ધા ડૂસ્કે-ડૂસ્કે રડી પડે છે.

મનોચિકિત્સક ડોક્ટર અભય આ બધું જોઈને, સાંભળીને દિગ્મૂઢ બની જાય છે. આખી પરિસ્થિતિનો શું નિષ્કર્ષ કાઢવો એ સમજ નથી શકતો. માણસજાતની આ દશા કઈ રીતે હોઈ શકે ? મનોચિકિત્સકની પ્રેક્ટિસ દરમિયાન અનેક કેસો જોનાર અભય માટે આ કંઈક અલગ જ પ્રકારનું માનવ વર્તન હતું.

વૃદ્ધા પાસે જવાની ઈચ્છા હોવા છતાં, એના પગલાં સામે દેખાતી, એક નાનકડી દુકાન તરફ આગળ વધે છે, જેની છત દેશી નળિયાની બનાવેલી હતી અને એને લાકડાઓનો ટેકો મારેલો હતો.

ત્યાં જઈ દુકાનદાર, જે ઉંમર હોવા છતાં પણ સ્વસ્થ દેખાતા હતા, એમણે અભયને આવકાર આપ્યો.

'આવો સાહેબ, આ બાજુ કેમ આવવાનું થયું?'

અભય ગાડી બગડવાની ઘટના અને બીજી બધી વાતો વૃદ્ધા જોઈને ભૂલી ગયો હતો. તે ઓચિંતો મૂળ પરિસ્થિતિમાં આવી ગયો અને દુકાનદારને ગાડી બગડવાની અને અહીં અટકવાની વાતો જણાવી.

હવે સમય તો પસાર કરવાનો જ છે, તો દુકાનદારને પૂછે છે, 'શું ચા મળશે?'

દુકાનદાર કહે છે, 'સાહેબ, અહીં તો ભાગ્યે જ કોઈ ચા પીવે છે, પણ તમારે જો વગર દૂધની ચા પીવી હોય તો હું બનાવી દઉં. મને ઉકાળો પીવાની આદત છે, તો સામાન છે મારી પાસે.'

ઝરમર વરસાદને લીધે ઠંડક પ્રસરી રહી હતી. અભય પણ થોડીક તાજગી મળશે, એ હિસાબે વગર દૂધની ચા માટે હા પાડી.

દુકાનદારે ચા બનાવવાની શરૂઆત કરી, પણ અભયનું મન ફરી વૃદ્ધાના વર્તન વિશે વિચારવા લાગ્યું અને આખરે એને પ્રશ્ન પૂછી જ નાખ્યો.

'વડીલ, આ માજી આવું વર્તન કેમ કરે છે? શું થયું છે એમને?'

દુકાનદારે પૂછ્યું, 'શું કરશો સાહેબ, જાણીને ? આમ પણ લાંબી વાત છે.'

અભય વધારે ઉત્સુકતાથી પૂછે છે. 'હવે ગાડી ના સુધરે ત્યાં સુધી તો મારી પાસે સમય છે જ. તમે મને જણાવો.'

'સારું સાહેબ, તો સાંભળો.'

લાકડાના ચૂલ્હા સળગાવતા દુકાનદારે વૃદ્ધાની આપવીતી જણાવવાની શરૂઆત કરી.

'ગામના બધા લોકો એને કાંતા મા કહીને બોલાવે છે, પણ સાહેબ, હું તો એને ત્યારથી ઓળખું છું, જ્યારે લગ્ન કરીને આ ગામમાં આવી. જાણવા મળેલું કે એક અનાથ છોકરી છે, અનેક જુલ્મો અને દુઃખો સહન કરી કોઈ દૂરના મામાને ત્યાં ઉછરેલી. એટલે અમને ગામ લોકોને કોઈ પ્રકારનું આશ્ચર્ય ન થયેલું કે આવા નાલાયક અને કામચોર, દારૂડિયા ભીખાને કોણે લગ્ન કરવા માટે છોકરી આપી ? બાકી કોઈ પણ સારા માબાપ, વડીલ પોતાની દીકરી આવા માણસને નહીં જ આપે.

પરંતુ કાંતા તો તે સમય અબુધ, નાદાન અને કાચી વય ધરાવતી, નાસમજ બાળકી. એ તો ભીખાને જ પોતાનો સર્વસ્વ સમજી, પોતાના સુંદર ભવિષ્યના લગ્નજીવનના મધુર સપનાઓ જોવા લાગી.'

ડોક્ટર અભય આશ્ચર્યથી બોલ્યા, 'પણ જે હોય તે, મામા તો કહેવાય ને ? પછી આવા માણસને છોકરી કેમ આપી ?'

ચૂલામાં ફૂંક મારતા દુકાનદારે ઉત્તર આપ્યો, 'સાહેબ, દીકરી જ્યારે બોજ લાગવા માગે છે ને, ત્યારે તો સગા માબાપ પણ ઉતાવળે ખોટા માણસને પોતાની કન્યાનું દાન કરી દે છે, જ્યારે આ તો લાંબી સગાઈ ધરાવતો મામો, જે દિવસથી કાંતાની જવાબદારી એના પર આવી, તે ક્ષણથી, એના માટે તો એ બોજ બની ગઈ હતી.'

અભય માથું હલાવતા ધીમા અવાજે બોલે છે, 'સાચી વાત છે, વડીલ, વર્ષોથી આ માનસિકતામાં બહુ ઓછો બદલાવ આવ્યો છે, જે પૂરતો નથી. તમે આગળ શું થયું તે જણાવો.'

દુકાનદાર કંઈક ન સમજાય એવું હળવું હસીને બોલ્યા, 'ચમત્કાર સાહેબ, ચમત્કાર.'

અભયના મોઢામાંથી નીકળી જ ગયું, 'કેવો ચમત્કાર?'

'ભીખાનો ત્રણેક મહિનાનો ત્રાસ અને અવ્યવસ્થિત વર્તનનો સામનો કરીને પણ, કાંતાએ પોતાની હિંમત અને સજ્જનતા અને માયાળુ સ્વભાવ ન છોડ્યો અને કોણ જાણે કેમ એનું આવું પ્રેમભર્યું વર્તન જોઈને ભીખામાં બદલાવ આવવા લાગ્યો. બંને વચ્ચે ધીમે ધીમે ઝઘડાઓ બંધ થઈ ગયા. ભીખાની માનસિકતા બદલાવા લાગી.

પહેલાં, એકલી જ કાંતા છૂટા છવાયાં, જ્યાં કામ મળે ત્યાં કરવા જતી. છ મહિના બાદ તો, બંને પતિ-પત્ની સાથે કમાવા લાગ્યા. નાનું અમથું, એમનું ઘર, કાંતાએ પોતાની સમજદારીથી, કુનેહથી જાણે એ બંને પતિ-પત્ની માટે સૌથી સુખમય સ્થાન બનાવી દીધું.'

દોઢ વર્ષ પછી તો એમને ત્યાં એક સુંદર મજાના પુત્રનો જન્મ થયો. કાંતાએ ખૂબ વહાલથી નામ રાખ્યું ગુલાબ. પતિ-પત્નીની ખુશીની કોઈ સીમા ન રહી. ખાસ કરીને કાંતાના જીવનનો સૌથી ખુશીનો સમય હતો.

પણ ખુશી એ કાંતાની સખી થોડી હતી, જે એની સાથે લાંબો સમય વિતાવે. એ તો કાંતાથી દૂર જવાનો મોકો શોધતી હતી, અને મોકો એને ખૂબ જલ્દી મળવાનો હતો.

અભયનું કુતૂહલ વધતું ચાલ્યું અને એને પૂછી નાખ્યું, 'કેવો મોકો?'

'સાહેબ, ચા બની ગઈ છે, હું લઈ આવું.'

દુકાનદારે પ્રખર પ્રજ્વલિત અગ્નિ ઉપરથી ચાની તપેલી ઉતારી લીધી.

'આ લો સાહેબ, ચા પીઓ.'

ચા નો કપ હાથમાં લેતા, અભય અધિરાઈથી બોલ્યો, 'આગળ જણાવો.'

દુકાનદાર વાત આગળ ચલાવે છે.

'ગુલાબના આવવાથી જવાબદારીઓ વધી, અને ભીખાએ અને કાંતાએ વિચાર્યું કે આ છૂટા છવાયા કામોથી થનારી આવક ચાલશે નહીં, માટે કંઈક અલગ કરવું પડશે. ને આખરે ભીખો નોકરી શોધવા માટે મુંબઈ ચાલ્યો ગયો. ને થોડા સમયમાં એને નોકરી મળી ગઈ.

કાંતા અહીં છૂટા છવાયા કામો કરીને ગુલાબને ઉછેરવા લાગી. બધું સમૂસુતરું ચાલતું હોય એવું લાગતું હતું.'

અભય કહે, 'તો વડીલ, આ તો બધું સારું જ કહેવાય ને?'

દુકાનદાર જણાવે છે, 'તમે ધીરજ રાખો સાહેબ, કમનસીબી કહો કે પછી કાંતા સાથે જીવનની ક્રૂર મજાક.

ભીખો નોકરી મળ્યા બાદ શરૂઆતમાં તો અઠવાડિયામાં રજાના દિવસે કાંતા અને ગુલાબને મળવા માટે ગામમાં આવતો, પણ અમુક સમય બાદ, એને ગામ આવવાનું ઓછું કરી નાખ્યું. જ્યારે આવતો તો કાંતા સાથે ઝઘડો કરતો, દારૂ પીવાનું પણ ચાલુ કરી દીધેલું હોય, એમ લાગતું.

કાંતાને ખબર ન પડી કે, એના સુખમય જીવનમાં ઓચિંતું આ શું થવા લાગ્યું. એણે ભીખાને કહ્યું કે મુંબઈ છોડી પાછો ઘરે આવી જા, આપણે ઓછી કમાણીએ પણ સુખેથી જીવશું, પણ ભીખો ન માન્યો અને મા-દીકરા બંનેને છોડીને મુંબઈ જતો રહ્યો.

ઘણા સમય સુધી ભીખાના ન આવવાના કારણે કાંતા પર દયા ખાઈને ગામના બે વ્યક્તિ ભીખાની તપાસ કરવા માટે મુંબઈ ગયા અને સમાચાર લાવ્યા કે ભીખો તો કોઈ બીજી સ્ત્રી સાથે પોતાનું જીવન જીવે છે, શહેરી જીવન એને માફક આવી ગયું છે અને પાછો ગામમાં આવવાનો નથી.'

અનુસંધાન પાનાનં ૦૬ પર



કાંતાની કમનસીબી, જે એની કાયમની સખી હતી, તેણે પ્રભાવ બતાવી દીધો. દીકરો વહુ, કાયમ માટે ગામ છોડી એ જ કંપનીમાં જે કંપનીમાં નોકરી કરતો હતો, તેની બાજુમાં જ રહેવા જતા રહ્યા અને ફરી કાંતા બાજુ જોવાની દરકાર કરી નહીં

'દીકરા, આવી ગયો, તે જ પૂરતું છે. બીજું મને શું જોઈએ ?' અને કાંતાની દુઃખમયી કાંટાળી જીવનકથા સમાપ્ત થાય છે

પ્રેત સૃષ્ટિની રોમાંચક વાતો

દુર્ગેશ ઉપાધ્યાય



ભૂત-પ્રેતની વાતોમાં તમે માનતા હોવ કે ના હોય, પણ યુગોથી આ એક અગોચર સૃષ્ટિની વાતો થતી આવી છે, અને એ સાંભળવી ક્યારેક આશ્ચર્યજનક કે રોમાંચક લાગે છે. જોકે એ સૃષ્ટિ વિષે વ્યક્તિગત માન્યતા કે અનુભવો અલગ-અલગ હોઈ શકે છે. એવી સૃષ્ટિની કેટલીક પ્રચલિત રસપ્રદ વાતો અહીં જાણવા માટે રજૂ કરી છે. જોકે આ કોઈ ગેરમાન્યતા ફેલાવવાનો ઈરાદો તો નથી જ.

અમેરિકાના વ્હાઈટ હાઉસમાં ઘણાં ભૂત ભમતાં હોવાની વાતો પ્રચલિત છે. અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્રાહ્મ લિંકનનું ભૂત આ રાષ્ટ્રપતિ ભવનમાં ભમતું હોવાનું કહેવાય છે. તો વળી આ ભવનમાં કેનેડીનું ભૂત પણ દેખાયાનું કેટલાક સેવકોનું કહેવું છે.

આ રાષ્ટ્રપતિ ભવનમાં રહેલી પ્રેસીડેન્ટ કુલીજની પત્નીએ એક રાતે એક ઓરડામાં અબ્રાહમ લિંકનનું ભૂત ફરતું જોયું હોવાનું અગાઉ જણાવેલું અને રાષ્ટ્રપતિ ટુમેને પણ એક ટીવી મુલાકાતમાં પોતાના કક્ષમાં લિંકનના ભૂતે બારણાં ખખડાવ્યાનું જણાવ્યું હતું. તો વળી હોલેન્ડની રાણી વિલ્હેમીનાએ પણ લિંકનના ભૂતની વાતને સમર્થન આપ્યું હતું. એણે કહ્યું હતું કે, પોતે એકલા એક રૂમમાં સૂઈ રહ્યાં હતાં, ત્યાં બારણું ખખડતાં તેમણે બારણું ખોલ્યું. તો સામે સફેદ લાંબોકોટ પહેરેલી વ્યક્તિ દેખાઈ હતી જે અબ્રાહ્મ લિંકનનું જ ભૂત હતું અને ત્યારે રાણી એક મોટી ચીસ પાડી જમીન પર પટકાઈ પડ્યાં હતાં. જોકે સદ્નસીબે કોઈ ઈજા થઈ ન હતી પણ ત્યારથી એમણે તે ઓરડો છોડી દીધો હતો.

ત્યાર બાદ રાષ્ટ્રપતિ એડમ્સના પત્નીએ પણ આ મહેલમાં ભૂત ભમતાં હોવાનું નોકરો પાસેથી સાંભળ્યું હતું. જોકે તે એક સુવાવડમાં મરણ પામ્યાં હતાં, અને તે પછી તેમનું ભૂત પણ અહીં દેખાયું હોવાનું કેટલાક નોકરોએ જણાવ્યું હતું. વળી પૂર્વ રાષ્ટ્રપતિ જેકશનનું પ્રેત પણ અહીં ભમતું હોવાનું ત્યાંની એક નોકરાણીએ કહ્યું હતું.

જોકે આ બધાં ભૂતોએ કોઈને ભારે હાની પહોંચાડી હોય તેવું કોઈએ કહ્યું નથી. અમેરિકાના વાઈટ હાઉસની ભૂતોની વાતો વર્ષો અગાઉ ખૂબ ચર્ચામાં રહી હતી.

બ્રિટનના રોયલ પેલેસમાં પણ ભૂત-પ્રેતની વાતો ચર્ચામાં રહી છે. ટાવર ઓફ લંડન તો ભૂતોથી ભરેલું છે એમ કહેવાય છે. લેડી જેન ગ્રેનું ભૂત તેમની વર્ષગાંઠ પર ટાવર ઓફ લંડન પર (૧૯૫૪) ફરતું દેખાયું હતું એમ તેના ગાર્ડઝ દ્વારા જણાવાયું હતું. વળી અહીં ૧૫ ઓગષ્ટ ૧૯૪૧ના રોજ જોસેફ જેકોલ્સને ટાવર પર ફાયરિંગ સ્કવોડ દ્વારા ફાંસી આપવામાં આવી હતી જે બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જર્મની માટે જાસૂસી કરતા હોવાથી દોષી ઠેરવવામાં આવેલા, ત્યારબાદ અહીં તેમનું ભૂત કોઈએ જોયું હતું. ટાવર ઓફ લંડનને 'બ્લડી ટાવર' પણ કહે છે. અહીં ૧૪૮૩માં એડવર્ડ પાંચમા અને તેના ભાઈ રિચાર્ડની હત્યા કરાઈ હતી.

ગ્રેટ બ્રિટનને વિશ્વમાં સૌથી વધુ ભૂતિયો વિસ્તાર ગણવામાં આવ્યો છે. જેમાં સ્કોટલેન્ડ, વેલ્સ, નોધર્ન આર્યલેન્ડ ભૂત કથાઓથી ભરેલા છે. ટાઈનહોમ ડોર્સેટ ઈંગ્લેન્ડનું ભૂતિયા શહેર ગણાતું હતું. બ્રિટનનું સૌથી ભૂતિયા ગામ 'પ્લકલી' મનાય છે. જે ગિનીસબૂક ઓફ રેકોર્ડમાં નોંધાયું છે. જ્યાં ૧૪ જેટલાં ભૂત રહેતાં હતાં. વળી એપિંગ ફોરેસ્ટ ભૂતિયા જંગલ તરીકે ઓળખાય છે. જ્યાં અસંખ્ય લોકોને દફનાવવામાં આવ્યા હોવાથી પેરાનોર્મલ એક્ટીવીટીના અહેવાલો જાણવા મળ્યા છે.

ગ્રેટ બ્રિટનને વિશ્વમાં સૌથી વધુ ભૂતિયો વિસ્તાર ગણવામાં આવ્યો છે. જેમાં સ્કોટલેન્ડ, વેલ્સ, નોધર્ન આર્યલેન્ડ ભૂત કથાઓથી ભરેલા છે

આ બધું તો ખરું પણ ભૂતપ્રેત વેર લઈ શકે અને ક્યારેક મદદરૂપ પણ થાય એવું પણ કહેવાય છે. જાણીતા લેખક શો ડેસમંડે તેમના એક પુસ્તકમાં લખ્યું છે, તેમ ઈંગ્લેન્ડના એક તબીબની પત્નીના અનુભવ મુજબ તેના પતિના મરણ પછી તેણે તેના પતિનું ભૂત જોયું હતું. અને મુશ્કેલીના સમયમાં ભૂતે મદદ પણ કરી છે. એટલું જ નહીં ઘણી બાબતોમાં ભૂતે માર્ગદર્શન પણ આપ્યું હતું.

વળી ભૂતે વેર વાળ્યું હોય એવા એક કિસ્સામાં બ્રિટનનો એક રેલ-વેનો એન્જીન ડ્રાઈવર એક સ્ત્રીને ચાહતો હતો, એ જ સ્ત્રીને બીજો એક એન્જીન ડ્રાઈવર ચાહતો હતો. એટલે બંને વચ્ચે સંઘર્ષ થયો અને બીજાએ પેલાને મારી નાખ્યો, એ મરી જતાં ભૂત થયો અને એક દિવસ હત્યા કરનાર ડ્રાઈવર ગાડી ચલાવી રહ્યો હતો, ત્યારે પેલાના ભૂતે ટ્રેનનું ડ્રાઈવીંગ વ્હીલ પોતાના હાથમાં લઈ લીધું અને ટ્રેનને બીજા પાટા પર વાળી દઈ સામેથી આવતી એક ટ્રેન સાથે અથડાવી દીધી, જેમાં પેલો જીવિત ડ્રાઈવર મૃત્યુ પામ્યો. આમ તેણે પોતાની હત્યાનું વેર ભૂત થઈને વાળ્યું હતું એમ કહેવાય છે.

જોકે ભૂતોની વાતો ભારે ભ્રામક અને અવનવી છે. એ એક પેરાનોર્મલ સૃષ્ટિ છે. લંડનની એક ટીવી ચેનલે તો આવાં સ્થળો વિષે એક સિરીયલ ચલાવી હતી. જોકે કેટલાક લોકોએ તે અંગે વિરોધ દર્શાવતાં બંધ કરાઈ હતી. કહેવાય છે કે હવે બ્રિટન અને અમેરિકામાં પહેલાં જેટલાં ભૂતો નથી અને ભૂતોમુક્ત શહેરો બની ગયાં છે. વાત ગમે તે હોય પણ ભૂતોની આ અવનવી વાતો રોચક રહી છે અને તેમાં ન માનનારાને પણ આ વાતો સાંભળવી ગમે છે.

જોકે ભારતની વાત કરીએ તો રાજસ્થાન અલવરમાં આવેલ ભાનગઢનો કિલ્લો ભૂતિયા કિસ્સાથી ભારે ચર્ચામાં રહ્યો છે, પણ એ મુગલશૈલી અને રાજસ્થાની વાસ્તુકલાનો અદ્ભૂત સંગમ ધરાવે છે. જેની સ્થાપત્યકલા લોકોને આકર્ષે છે.

ડ્રોનથી ફૂડ ડિલિવરી

શોધ સંશોધન

વસંત મિસ્ત્રી



અમેરિકાના ચારલોટે, દલાસ અને હ્યુસ્ટનમાં, ડ્રોન ફૂડની ડિલિવરી કરે છે. હવે ડ્રોન ટૂંક સમયમાં તમારી બાલ્કનીમાં દ્રાક્ષ, દ્રાક્ષાસવ કે દાલ-બાટીનું પેકેટ ઊતારશે. ડ્રોનને ટ્રાફિક નડતો નથી અને પેટ્રોલની જરૂર પણ નથી.

તમને કકડીને ભૂખ લાગી હોય અને જ્યારે તમને ફૂડ ડિલિવરી કંપની ૩૫ મિનિટ પછીની ડિલિવરી સૂચવે તો કેવું લાગે. આજ સમયે ડ્રોનથી પાંચ મિનિટમાં ડિલિવરી મળતી હોય તો તમે શું કરશો?

ડ્રોનને કોઈ રાઈડરની જરૂર નથી, પેટ્રોલ જરૂરી નથી. તેને ટ્રાફિક નડતો નથી. કોઈ અકસ્માતના પૈસા આપવાના રહેતા નથી. એને કોઈ સિગ્નલ નડતો નથી. એટલે ફૂડની ડિલિવરી ઝડપી બની રહે છે.

આલ્ફાબેટની ''વિન્ગ'' નામની કંપનીએ ૧૦ લાખથી વધુ કમર્શીઅલ ડ્રોન ડિલિવરી કરી છે કેટલાંક દેશોમાં ''રોબોટેક્સી'' આવી સેવા આપે છે. આ 'રોબોટેક્સી' ને કારણે વુહાન ચીનમાં ટેક્ષી ડ્રાઈવરોની આવક ઘટી ગઈ છે.

અમેરિકામાં પણ ''વેમો'' એ ટેક્ષી ડ્રાઈવરોને નવરા કરી નાંખ્યા છે. ભારતમાં ડ્રાઈવર વિનાના વાહને ચાલવું મુશ્કેલ છે કારણ કે આપણે લાલ સિગ્નલની પરવા કરતાં નથી ''રોબોટેક્સી'' ભારતીય ટ્રાફિકમાં મુંઝાય જાય. એ ચાલવા કરતાં ઊભી વધુ સમય માટે રહે જેનાથી ડિલિવરીમાં મોડું થાય.

ડ્રોન તો સહેલાઈથી અમેરિકાની લોનમાં માલની ડિલિવરી કરે પરંતુ અમદાવાદના ૨૩માં માળની બાલ્કનીમાં તે કેવી રીતે પહોંચશે?

અમદાવાદની પોળમાં તો આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ પણ મૂર્ખ બની જાય..! ગોળ ગોળ ફરતાં એ તો માણેકચોકમાં જ ઊતરી પડે.

આવી સ્થિતીમાં ભારતીય ડ્રોન ક્યાંક વચ્ચે ડિલિવરી કરશે. ત્યાંથી ગ્રાહકે માલ ઊઠાવવા પડશે. એટલે કે વલસાડના લોકો હવે આવાંબાઈના મેદાનમાં ડ્રોન પાસે આવવું પડશે અથવા બોપલની પ્રજાએ નજીકના ''ઓક્સિજન પાર્ક'' પાસે જઈ ડ્રોનના ખભેથી માલ ઊતારવો પડે જો આધુનીક ઉપકરણથી જીવનશૈલી સરળ બનતી હોય તો આપણે અવાજ ઊંચો રાખવા પડશે.

ડ્રોનને કોઈ રાઈડરની જરૂર નથી, પેટ્રોલ જરૂરી નથી. તેને ટ્રાફિક નડતો નથી. કોઈ અકસ્માતના પૈસા આપવાના રહેતા નથી

દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. નવું સ્વીકારો, સરકારે સમૃદ્ધ થવું હોય તો બદલાવ જરૂરી છે.

દીપાવલીની મહાનિશા સાધના :

તંત્રશાસ્ત્રના ગૂઢ રહસ્યોનું વૈજ્ઞાનિક વિશ્લેષણ

હિંદુ ધર્મની સનાતની અને તાંત્રિક પરંપરામાં દીપાવલીની રાત્રિને વર્ષની ચાર સૌથી શક્તિશાળી મહારાત્રિઓમાંની એક માનવામાં આવે છે. તંત્ર શાસ્ત્રમાં તેને 'મહાનિશા' કહેવામાં આવી છે.

અગોચર વિશ્વ

દેવેશ મહેતા

મહાનિશા એટલે અત્યંત ગાઢ, અંધકારમય અને ઊર્જાથી પરિપૂર્ણ કાલખંડ.

દીપાવલી કાર્તિક (ગુજરાત તથા બીજી અમુક રાજ્યોમાં આસો) માસની અમાસના રોજ આવે છે જે આખા વર્ષની સૌથી ગાઢ અંધારી રાત હોય છે. તંત્ર અનુસાર પ્રકાશ (ઊર્જા)ને ચમકાવવા માટે પૂર્ણ અંધકાર (Absolute Void) સૌથી ઉત્તમ પૃષ્ઠભૂમિ બની રહે છે. આ રાત્રે બ્રહ્માંડીય ઊર્જા (Cosmic Energy) ના કિરણો પૃથ્વીના ગુરુત્વાકર્ષણ અને વાયુમંડળ સાથે એક વિશેષ કોણ બનાવે છે.

તંત્રશાસ્ત્રના જાણકારો માને છે કે આ મહાનિશામાં દ્રશ્ય અને અદ્રશ્ય આયામો (Portals) ની વચ્ચેનું અંતર ન્યૂનતમ થઈ જાય છે જેનાથી સૂક્ષ્મ શક્તિઓ અને મંત્ર તરત સક્રિય થઈ જાય છે. દીપાવલીની રાત્રે શક્તિના ત્રિવિધ રૂપો - મહાલક્ષ્મી, મહાકાલી અને મહાસરસ્વતીની સાધના કરાય છે. કેટલાક ભૌતિક સમૃદ્ધિ માટે મહાલક્ષ્મી દેવીની સાધના કરે છે, કેટલાક શક્તિ બળ મેળવવા, ભય અને મુસીબતો દૂર કરવા મહાકાલી દેવીની સાધના અને દશમહાવિદ્યા સાધના કરે છે તો કેટલાક આત્મ સાક્ષાત્કાર કરવા વિશુદ્ધ ચેતનાની અનુભૂતિ કરવા મહાસરસ્વતી સાધના કરે છે.

તંત્ર કોઈ અંધવિશ્વાસ નથી. વાસ્તવમાં તંત્ર શાસ્ત્ર પ્રાચીન ઋષિઓનું ઊર્જા વિજ્ઞાન (Science of Energy) છે દીપાવલીની રાત્રિની મહત્તા પાછળ ખગોળીય અને ન્યૂરોલોજિકલ કારણ છે...

દીપાવલીના સમયે સૂર્ય અને ચંદ્ર બન્ને તુલા રાશિમાં પ્રવેશ કરે છે. તુલાનો સ્વામી શુક્ર છે જે ભૌતિક સુખ, આકર્ષણ, પ્રેમ અને ઓજસ્વિતાનો કારક છે. અમાસના દિવસે સૂર્ય એક વિશિષ્ટ ભરતીના ખેંચાણ (Tidel Force) કામ કરે છે. માનવ શરીરમાં ૭૦% જલ તત્વ હોય છે, આ ગુરુત્વાકર્ષણ અને ચુંબકીય ખેંચાણ આપણા તંત્રિકા તંત્ર (Nervous System) માં આવેલી અંતઃસ્રાવી ગ્રંથિઓ (જેમ કે પીનિયલ અને પિટ્યૂટરી ગ્લેન્ડ) ને ભારે પ્રમાણમાં પ્રભાવિત કરે છે.

વૈજ્ઞાનિક રીતે પૂરેપૂરી અંધારી રાતમાં માનવ મસ્તિષ્કમાં મેલાટોનિન (Melatonin) નામના હોર્મોનનો સ્રાવ સૌથી વધારે પ્રમાણમાં થાય છે. જ્યારે બહારનો શોરબકોર અને પ્રકાશ બંધ થઈ જાય છે ત્યારે મસ્તિષ્કના તરંગો સરળતાથી 'આલ્ફા' અને



'થીટા' અવસ્થામાં પહોંચી જાય છે. આ એ જ માનસિક સ્થિતિ છે જેમાં અવચેતન મન પૂરેપૂરું જાગૃત હોય છે. આ અવસ્થામાં ઉચ્ચારિત કરાવેલ કોઈપણ મંત્ર જાપ કે મનોચક્ષુપ્રેક્ષણ (વિઝ્યુઅલાઈઝેશન) સીધા બ્રહ્માંડીય ચેતના સાથે જોડાઈ જાય છે. તેથી તે જે હેતુ માટે કરાયેલ હોય તેની સરળતાથી સિદ્ધિ આપી દે છે.

મહાનિશાના સન્નાટામાં જ્યારે કોઈ વિશિષ્ટ બીજતંત્ર (જેમ કે ક્રીં, એં, હ્રીં કે શ્રીં) નું ઉચ્ચારણ કરવામાં આવે છે ત્યારે ધ્વનિ તરંગોને અવશોષિત કરનારા, વાતાવરણમાં કોઈ વિક્ષેપ નથી હોતો. મંત્રોની ફ્રીકવન્સી સીધા સૂક્ષ્મ શરીરમાં રહેલા ચક્રો સાથે અનુનાદ (Resonance) પેદા કરે છે. જેથી ચક્રોનું ભેદન તીવ્ર ગતિથી થાય છે. તાંત્રિક બીજ મંત્રોના ગુંજનથી મસ્તિષ્કના રિવોર્ડ સેન્ટર ઉત્તેજિત થાય છે જેનાથી ડોપામાઈન (Dopamine) અને ગાબા (GABA) ન્યૂરોટ્રન્સમીટર રૂપ હોર્મોન નીકળે છે. ડોપામાઈન ખુશી અને આનંદની અનભૂતિ કરાવે છે. જ્યારે GABA (Gamma-Aminobutyric Acid) અવરોધક ન્યૂરોટ્રાન્સમીટર તણાવ ઓછો કરે છે, ચિંતા દૂર કરે છે, ન્યૂરોનને શાંતિ કરે છે, ઓવરથિંકિંગની પ્રક્રિયા એકદમ ઘટાડી દે છે.

આપણી લિમ્બિક સીસ્ટમ, ખાસ કરીને અમિગડાલા (Amygdala) ભય, ક્રોધ અને ચિંતાનું કેન્દ્ર છે. તાંત્રિક સંદર્ભમાં જેને ભય મુક્તિ કે શત્રુ નાશ (આંતરિક શત્રુઓ-ષડરિપુ-કામ,ક્રોધ,લોભ, મોહ અને મદ) કહેવામાં આવે છે, ન્યૂરોસાયન્સની ભાષામાં એને 'અમિગડાલાનું શાંત થવું' એ જ બાબત છે. મહાનિશાની સાધના દરમિયાન જ્યારે ધ્વનિ બ્રહ્માંડિય ઊર્જા સાથે સંવાદિતા સાધે છે ત્યારે અમિગડાલા હાઈપરએક્ટિવ મોડને છોડીને શાંત થઈ જાય છે. એટલે સાધકના ભય, ક્રોધ, ચિંતા દૂર થઈ જાય છે. આ જ કારણ છે કે દીપાવલીની મહાનિશાએ કરવામાં આવેલી સાધનાથી ડિપ્રેશન, એન્ઝાયટી, મેનિયા અને ફોબિયાથી હંમેશ માટે મુક્તિ મળી જાય છે. આમ, તાંત્રિક વિજ્ઞાન ઊર્જાના વિજ્ઞાનની સાથે અતિ-આધુનિક ન્યૂરો બાયોલોજી (Advanced Neurobiology) છે.

આમ, દીપોત્સવીની મહાનિશા એક એવો પ્રાકૃતિક 'ખગોળકીય અને ન્યૂરોલોજિકલ અવકાશ ઊભો કરે છે જેમાં માનવ મસ્તિષ્કને બહુ ઓછા પ્રયત્ને ઉચ્ચતમ સ્તર પર રી-પ્રોગ્રામ (Re-program) કરી શકાય છે.'

કાર્તિક અમાવસ્યાની મહાનિશા જેવી ભૂતકાળમાં થઈ નથી અને ભવિષ્યમાં થવાની નથી. આ વિશિષ્ટ કાલખણ્ડમાં તાંત્રિક મંત્ર અને યંત્ર નિઃશંકપણે તરત સિદ્ધ કરી લે છે...

મહાનિશાયાં યત્કિંચિજ્જપ્તં કોટિગુણંભવેત્ ।
તસ્માત્સર્વપ્રયત્નેન મહાનિશાં ન લડંઘયેત્ ॥

'મહાનિશા (દીપાવલી કે કૃષ્ણપક્ષની ગાઢ અમાવાસ્યાની અર્ધરાત્રી) ના સમયે જે કંઈપણ મંત્ર જાપ કે સાધના કરવામાં આવે છે એનું ફળ કરોડગણું પ્રાપ્ત થાય છે. એટલા માટે સાધકે કોઈ પણ સ્થિતિમાં પૂરા પ્રયત્ન સાથે મહાનિશાના સમય ભાગને વ્યર્થના જવા દેવો જોઈએ અર્થાત્ તે સમયે જાગીને ચોક્કસપણે સાધના કરવી જોઈએ.'

- કુલાર્ણવ તંત્ર

'અમાવસ્યાં મહાનિશાતુલ્યા ન ભૂતા ન ભવિષ્યતિ ।
સિદ્ધયન્તિ તાંત્રિકા મન્ત્રા યન્ત્રાણિ ચ ન સંશય : ॥

કાર્તિક અમાવસ્યાની મહાનિશા જેવી (ઉર્જાવાન રાત્રિ) ભૂતકાળમાં થઈ નથી અને ભવિષ્યમાં થવાની નથી. આ વિશિષ્ટ કાલખણ્ડમાં તાંત્રિક મંત્ર અને યંત્ર નિઃશંકપણે તરત સિદ્ધ કરી લે છે.'

'કાર્તિકે કૃષ્ણપક્ષે તુ પંચદશ્યાં મહાનિશિ ।
આવિર્ભૂતા મહાકાલી યોગિનીકોટિભિઃ ॥

કાર્તિક માસના કૃષ્ણપક્ષની પંદરમી તિથિ અર્થાત્ અમાસની મહાનિશામાં કરોડો યોગિનીઓ સાથે ભગવતી મહાકાલી પ્રગટ થઈ.'

- વિશ્વસાર તંત્ર

જુઓ ! સત્, ચિત્ ને આનંદની કદી ન આથમતી ઉષા ઊગી રહી છે !

હિંદુ ધર્મની જેમ જૈન ધર્મમાં પણ દીપોત્સવી પર્વનો અનુપમ મહિમા છે. આસો વદી અમાસ એટલે કે દિવાળીની મધરાતે જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર આજના બિહાર રાજ્યના પાવાપુરી ગામમાં નિર્વાણ

જાણ્યું છતાં અજાણ્યું

મુનીન્દ્ર

પામ્યા. ભગવાન મહાવીર આ દિવસે સકલ કર્મથી મુક્ત અને સિદ્ધ - બુદ્ધ થયા.

ભગવાન મહાવીરના પરિનિર્વાણની એ મહાઘટના જોઈએ. ભગવાન મહાવીરે એમનું બેંતાલીસમું ચોમાસું પાવાપુરીમાં કર્યું. અહીંના રાજા હસ્તિપાલના તલાટીની કચેરીમાં તેઓ ઊતર્યા. ત્રણ મહિના પૂરા વીતી ગયા, ને ચોથો પણ અડધો પૂરો થવા આવ્યો. એ વખતે ભગવાન મહાવીરે નજીકમાં આવી પહોંચેલા પોતાના નિર્વાણસમયની સૌને માહિતી આપી.

આ ખબરથી પાવાપુરીના ઘરઘરમાં શોકની છાયા પથરાઈ ગઈ; આકાશનું નિર્મળ હેયું રજથી ભરાઈ ગયું; ને તળાવના જળમાં કમળ પણ ગંભીર બની ગયાં. રે ! આખરે પ્યારા પ્રભુની જુદાઈ !

જ્ઞાનીઓ કહેવા લાગ્યા : 'આનંદો, પ્રભુ આજે મુક્તિને વરશે! મુક્તિ વચ્ચેથી દેહની દિવાલ દૂર થશે. એ સર્વતંત્રસ્વતંત્ર થશે.'

પ્રજાજનો નિશ્વાસ નાખતા હતા : 'રે, પ્રભુની આ અલૌકિક દેહછબી હવે ફરી ક્યાં ને ક્યારે નીરખવા મળશે ? યુગ યુગ પછી સાંપડેલી આ અમૃતવાણી ફરીથી ક્યાં ને ક્યારે સાંભળવા મળશે ? અરે ! જ્ઞાનીઓના વચનથી શોક અને આનંદને સમાન ગણવાની અમે મહેનત કરીએ છીએ, પણ આનંદને ઠેકાણે શોક આવીને એવો બેસી ગયો છે, કે કેમે હઠાવ્યો હઠતો નથી ! રે, શું પ્રભુ આપણાથી દૂર થશે !'

પણ ભક્તજનો પોતાના શુષ્ક ને સંતપ્ત મુખથી આનંદનો એક અવાજ પણ કાઢી શકતા નથી. તેઓ કહે છે : જાણે ભગવાન હજી ગઈ કાલે જ તો આપણી વચ્ચે આવ્યાં છે; બારબાર વર્ષની મૌન-વાદળી જાણે હમણાં જ વરસી છે; બસો-પાંચસો નહીં, સો બસો નહીં, પોણોસો પણ નહીં-હજી તો માત્ર બોંતેર વર્ષ જ થયાં છે. એટલામાં દેહમુક્તિની આ મથામણ શી ? ભાઈ તમારી વાત અમે સમજીએ છીએ. એમને માટે મૃત્યુ એ શોકનો વિષય નથી, પણ જીવનનો ઉત્સવ હોઈ શકે. મૃત્યુનો ઉત્સવ તો ક્યા મનથી થાય ? ગમે તેવી અજવાળી હોય, પણ રાત તે રાત જ કહેવાય ને !

પ્રભુએ તો ઉપદેશની વર્ષા આંરભી દીધી. જતાં જતાંય જગતને જેટલું ધર્મામૃતનું પાન કરાવ્યું તેટલું સારું. સોળ પ્રહર સુધી અખંડ ઉપદેશ આપ્યો. બારે પર્ષદા તન્મય બનીને પ્રભુવાણીના અમૃતનું પાન કરતી હતી. જાણે મેઘ અનરાધાર વરસતો હતો, ને સૂકી ધરતી હોંશે હોંશે એને ઝીલતી હતી. દિવસોથી સેવામાં રહેતો દેવોનો સ્વામી ઈંદ્ર પણ છેક છેલ્લી ઘડીએ હિંમત હારી બેઠા. સાજ તો બધા સજાવ્યા, મૃત્યુ-ઉત્સવની બધીય રચના કરી, પણ છેલ્લી પળે પ્રભુના અભાવની કલ્પના એમને પણ અત્યંત અકળાવનારી લાગી.

એકત્ર થયેલાં અનેક નર-નારીઓની વતી ઈંદ્રરાજે પ્રભુને પ્રશ્ન કર્યો : 'ભગવન્, આપનાં ગર્ભ, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન હસ્તોત્તરા નક્ષત્રમાં હતાં ખરું ને ?'

ભગવાને જવાબમાં કેવળ હકારદર્શક માથું હલાવ્યું.

'આપના નિર્વાણના નક્ષત્રમાં ભસ્મગ્રહ સંક્રાન્ત થાય છે. અનિષ્ટ



ભાવિની એ આગાહી કહેવાય ને ?'

ભગવાને પૂર્વવત્ હકાર ભણ્યો.

'તો પ્રભુ, આપ તો સમર્થ છો, સર્વજ્ઞ છો, સર્વશક્તિમાન છો. આપની નિર્વાણઘડીને થોડી લંબાવી ન શકાય ?'

ઈંદ્રરાજના મનમાં ઊંડે ઊંડે ઇચ્છા હતી કે એકવાર નિર્વાણઘડીને આગળ ધકેલવામાં આવે તો પછી વળી જોઈ લેવાશે. અણીનો ચૂક્યો

'રે, પ્રભુની આ અલૌકિક દેહછબી હવે ફરી ક્યાં ને ક્યારે નીરખવા મળશે ? યુગ યુગ પછી સાંપડેલી આ અમૃતવાણી ફરીથી ક્યાં ને ક્યારે સાંભળવા મળશે ?'

સો વર્ષ જીવે.

ભગવાન મેઘ જેવી વાણીથી બોલ્યા : 'ઈંદ્રરાજ, મોહ વિવેકનો નાશ કરે છે, માટે એને અંધ કહ્યો છે. મારા નશ્વર દેહ પ્રત્યેનો તમારો મોહ આજે તમને આ બોલાવી રહ્યો છે. નિકટ રહ્યા છો, જ્ઞાની થયા છો, છતાં ભાખેલું ભૂલી ગયા કે આયુષ્યની એક ક્ષણ પણ સુર, અસુર કે માનવ- કોઈ વધારી શકતું નથી. દેહનું કામ, જન્મનું કારણ ને મૃત્યુની ગરજ સરી ગયાં, હવે આયુષ્યની એક ક્ષણ અને એ ક્ષણનો એક કણ પણ બોજારૂપ છે. ઈંદ્રરાજ ! જુઓ, પણે કદી ન કરમાતી અમર વસંત ખીલી રહી છે. સત્, ચિત્ ને આનંદની કદી ન આથમતી ઉષા ઊગી રહી છે ! સ્વાગત માટે સજ્જ થઈએ !

ભેગા થયેલા સમુદાયમાં પ્રભુના અંતેવાસીઓ પણ હતા. તેઓ ભક્તજનોને એકઠા કરીને ખાનગીમાં આશ્વાસન આપતા. જાણે કોઈ ખાનગી વાત તેઓ જાણતા હોય તેમ કહેવા લાગ્યા : 'ભલે ભગવાન ગમે તે કહે, પણ હાલમાં તેઓ નિર્વાણ નહિ સ્વીકારે : તે એક ને એક બે જેવી વાત છે. અમે એમના અંતેવાસી છીએ એટલે અંદરની વાત જાણીએ છીએ.'

કઈ વાત જાણો છો ?' શ્રોતાવર્ગ પ્રશ્ન કરતો.

'અમને બરાબર યાદ છે, કે ભગવાને પોતાના પ્રિય શિષ્ય મહર્ષિ ગૌતમને એકવાર કહ્યું હતું કે આપણે બંન્ને એકસરખા થઈશું. આજે એમણે જ મહર્ષિ ગૌતમને ધર્મબોધ દેવા બીજે ગામ મોકલ્યા છે. પ્રભુ વિના એક ક્ષણ પણ જીવી શકે નહીં એવા ગૌતમસ્વામીના આવ્યા વગર ભગવાન કંઈ દેહ છોડી દેશે ? શાંતિ ધારણ કરો આ તો પ્રભુની લીલા છે, આપણી પરીક્ષા છે.'

આ વાતથી આખા સમુદાયમાં હૈયાધારણ પ્રસર્યું, પણ ભગવાન તો અન્તિમ ક્રિયામાં મગ્ન હતા; પર્યંકાસને બિરાજ્યા હતા. બાદર મનોયોગ ને વચનયોગ રૂંધીને કાયયોગમાં સ્થિર થયા હતા. થોડી વારમાં બાદર કાયયોગમાંથી સૂક્ષ્મ કાયયોગમાં પ્રવેશ કર્યો. વાણી તથા મનના કાયયોગને રૂંધ્યા. આયુષ્યની શીશીમાંથી છેલ્લા કણ ઝરતા હતા, ને એ પણ હવે પૂર્ણ થવાની તૈયારીમાં હતા. દુવિધામાં પડેલો જનસમૂહ એમની સહસ્ત્ર સૂર્યની કળાથી તપતી મુખમુદ્રા સામે નીરખી રહ્યો હતો. સહુના શ્વાસ ઊંચા હતા. સહુના મોં પર ઓશિયાળાપણું હતું.

પ્રભુએ છેલ્લો સૂક્ષ્મ કાયયોગ પણ રૂંધ્યો. સર્વ ક્રિયાઓનો ઉચ્છેદ કર્યો, ને આંખોને આંજી દેનારું તેજવર્તુળ પ્રગટ થયું. તારાગણોથી વિભૂષિત અમાવાસ્યાની રાત્રિ એકાએક અલૌકિક પ્રકાશથી ઝળહળી ઊઠી. ચારેતરફ જય જયનાદ સંભળાયા. 'પ્રભુ નિર્વાણ પામ્યા !' હવામાં શંખ ફૂંકાયા, વનમાં દુંદુભી વાગ્યાં. સંસારને ઝળહળાવી રહેલો મહાદીપક અંતરચક્ષુઓને ઉજમાળ કરી, ચર્મચક્ષુઓથી સામેથી બુઝાઈ ગયો. મોહની દારુણ પળો પર ઈંદ્રરાજ વિજય મેળવી હવે સ્વસ્થ થતા હતા ને કહેતા હતા : 'દીપક પેટાવો ! દીપાવલી રચો ! પ્રભુ નિર્વાણ પામ્યા !'

અમાવાસ્યાની એ રાત અનેક દીપકોથી ઝળહળી ઊઠી, પણ કેટલાક શંકિતોનું હૃદય, પેલા મોટી મોટી વાતો કરી આશ્વાસન આપનાર અંતેવાસીઓ પાસેથી, ગુરુ ગૌતમને આપેલા વચનની હકીકતનો જવાબ માગવા ઉત્સુક હતું; પણ તેઓએ તો પ્રભુની ગેરહાજરીમાં જીવવું અશક્ય લાગવાથી અનશન લઈ લીધું હતું. હવે તો તેઓ ન બોલવાના હતા, ન ચાલવાના હતા !

બીજી તરફ પ્રભુનો નિર્વાણ-ઉત્સવ રચાઈ રહ્યો હતો : શંખ, મૃદંગ ને પણવથી આકાશ ગુંજી રહ્યું હતું. ભગવાન મહાવીરે નિર્વાણના આગલા દિવસે એટલે કે કાળી ચૌદશે આખો દિવસ ધર્મોપદેશ આપ્યો હતો. ભગવાનનો આ અંતિમ ઉપદેશ ઉત્તરાધ્યયન નામના આગમ સૂત્રમાં આજે મળે છે. આને પરિણામે કાળી ચૌદશ અને અમાવાસ્યા આ બે દિવસ દરમિયાન શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું વાચન-શ્રવણ કરવામાં આવે છે.

અમાવાસ્યાની રાત્રિએ ભાવિકજનો ભગવાન મહાવીર સ્વામીનો જાપ અને તેમનું ધ્યાન કરે છે. મધ્યરાત્રીએ દેવવંદન (વિશેષ પ્રાર્થના) કરવામાં આવે છે. આસો વદ અમાસની એ રાત્રિ પૂરી થયા બાદ સવારે એટલે કે કારતક સુદ એકમના દિવસે ભગવાનના પ્રથમ શિષ્ય ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

વિ. સં. પૂર્વે આસો વદી અમાસની રાત્રિના પાછલા પહોરે આ ઘટના બની. આથી કારતક સુદ એકમના દિવસે ગૌતમસ્વામીનો જાપ (આરાધના) તથા દેવવંદન કરવામાં આવે છે.

આ રીતે કાળી ચૌદશ, દિપાવલી અને બેસતા વર્ષના દિવસે મહત્ત્વની ઘટનાઓ બની. એની સ્મૃતિમાં કેટલાક ભાવિકજનો ત્રણ દિવસના ઉપવાસ સહિત આરાધના કરે છે. નૂતન વર્ષના પ્રથમ દિવસે એટલે કે કારતક સુદ એકમની સવારે ભાવિકજનો જ્યાં સાધુ મહારાજનો યોગ હોય ત્યાં માંગલિક સ્તોત્રો (નમસ્મરણ) અને શ્રી ગૌતમસ્વામીના રાસનું સ્મરણ કરે છે.

બીજમંત્રના વાવેતર માટે જરૂરી ચાલકબળ!

વાગ્બીજ સાધનાના વિનિયોગ અંગેની લેખમાળાનો આ બીજો અંક છે. વિનિયોગ શું છે અને તેના છ અંગો કઈ જાણકારી પૂરી પાડે છે, એ અંગે વાત કરી. હવે આગળ!

ૐ અસ્ય સરસ્વતી મન્ત્રસ્ય બ્રહ્મા ઋષિઃ
ગાયત્રી છન્દઃ મહાસરસ્વતી દેવતા
ઐં બીજમ્ હ્રીં શક્તિઃ
મમ સર્વાભીષ્ટસિદ્ધયે જપે વિનિયોગઃ ।

વાગ્બીજ સાધનાનો આ વિનિયોગ છે, જેના મંત્રદ્રષ્ટા ઋષિ અંગે જાણ્યું. તેનો છંદ ગાયત્રી છે.

સનાતન તંત્ર

બ્રહ્મચારી પરખ ઓમ

પ્રાચીનકાળમાં મંત્રો અથવા માલામંત્રો યાદ રાખવા માટે કોઈ ઉપકરણ ઉપલબ્ધ નહોતાં. આથી, ઋષિ-મુનિઓએ છંદ થકી તેને આગળ ધપાવવાનો માર્ગ શોધ્યો. જ્યારે મંત્રને વર્ણબદ્ધ કરી દેવામાં આવે, ત્યારે તેને કર્ણોપ્કર્ણ પરંપરા થકી ગુરુ-શિષ્ય પરંપરામાં સરળતાપૂર્વક આગળ પહોંચાડી શકાય. આ કારણોસર જુદા જુદા છંદ અસ્તિત્વમાં આવ્યા. જેમકે, ત્રિષ્ટુપ, અનુષ્ટુપ, જગતી, બૃહતી, પંક્તિ, ગાયત્રી, ઉષ્ણિક વગેરે.

વાગ્બીજ મંત્રના દેવતા 'મહાસરસ્વતી' છે. સંસ્કૃત ભાષામાં મંત્રશાસ્ત્રની જ્યારે વાત આવે, ત્યારે દેવી અને દેવતા એવા બે વિભાગો નથી. એ વિભાજન તો મનુષ્ય થકી થયેલું છે. આપણી મૂળ પ્રાચીન ભારતીય સંસ્કૃતિ માટે આવા બે વિભાગોનું કોઈ જ અસ્તિત્વ નથી. દુર્ગા સપ્તશ્લોકી ચંડીપાઠના વિનિયોગમાં પણ 'મહાકાલી-મહાલક્ષ્મી-મહાસરસ્વતી દેવતા' એવું વર્ણન જોવા મળે છે. બાલા ત્રિપુરસુંદરીના ત્ર્યક્ષરી મંત્રના વિનિયોગમાં 'બાલાત્રિપુરા દેવતા' જોવા મળે છે. આથી, મંત્ર અને તેના પ્રભાવની વાત આવે ત્યારે સ્ત્રી અથવા પુરુષ એવા બે વિભાજન જોવા મળતા નથી, તેનું મૂળ કારણ એટલું જ કે મંત્રનો પ્રભાવ એકસમાન જ હોય છે. મંત્ર પુલ્લિંગ, સ્ત્રીલિંગ કે નપુસકલિંગ હોઈ શકે, પરંતુ દરેક દેવી અથવા દેવતાની સાધના અંતતઃ મનુષ્યને પરબ્રહ્મ સુધી લઈ જાય છે. દેવતા મહાસરસ્વતી હોવાનું એક કારણ એ પણ ખરું કે વાગ્બીજ એ મૂળ તો દેવી મહાસરસ્વતીનો મંત્ર છે.

વિનિયોગમાં 'ઐં' બીજ છે અને 'હ્રીં' શક્તિ છે. માયાબીજ હ્રીં દેવી લક્ષ્મીનો બીજમંત્ર છે. 'ઐં' વાગ્બીજ છે, મા સરસ્વતી અને મહાવિદ્યા માતંગીનો મૂળ બીજમંત્ર છે. અહીં પ્રશ્ન એ થવો જોઈએ કે શા માટે 'ઐં' બીજ અને 'હ્રીં' શક્તિ છે? કેમ 'હ્રીં' બીજ અને 'ઐં' શક્તિ નહીં?

'હ્રીં' વિના 'ઐં'નું વિકસિત થવું શક્ય નથી. સાધના થકી કદાચ વાગ્બીજને મનુષ્યની ચેતનામાં રોપી દેવામાં આવે, પરંતુ જો તેને 'હ્રીં' શક્તિરૂપી બળ પ્રાપ્ત ન થાય તો એ સાધના પૂર્ણપણે ફળીભૂત ન થાય.

વિનિયોગના ષડાંગમાંના આ બે અંગો - બીજ અને શક્તિ - નો અર્થ સમજવો અહીં જરૂરી બની જાય છે. બીજ અર્થાત્ જે તે મંત્રમાં નિહિત એ મૂળ વર્ણ, જેના કારણે મંત્રની વાવણી સંભવ થાય છે. ધરતીમાં વાવવા માટે જ્યાં સુધી બીજ ઉપલબ્ધ ન હોય, ત્યાં સુધી ઝાડ કઈ રીતે ઊગે? જ્યાં સુધી બીજ ન મળે, ત્યાં સુધી ખેતી કઈ રીતે થાય? બસ, આવી જ રીતે, જ્યાં સુધી સાધના દરમિયાન મંત્રરૂપી બીજ ન પ્રાપ્ત થાય, ત્યાં સુધી મનુષ્યની ચેતનાનો વિકાસ કઈ રીતે થાય?

બીજી બાજુ, ખેતીકામ દરમિયાન બીજ વાવી દીધા પછી જો તેને યોગ્ય વાતાવરણ પૂરું પાડવામાં ન આવે, તો એ બીજનો વિકાસ કઈ રીતે થાય? બીજને અંકુરિત થવા માટે પણ ઊર્જાની જરૂર પડે છે. જો 'ઐં' બીજ હોય, તો 'હ્રીં' શક્તિ છે; જેનો અર્થ એ કે 'ઐં' બીજને અંકુરિત થવા માટે જે શક્તિની જરૂરિયાત છે, એ 'હ્રીં' થકી પ્રાપ્ત થાય છે. અહીં 'હ્રીં' એ 'ઐં' બીજનું ચાલકબળ સાબિત થાય છે. 'હ્રીં' વિના 'ઐં'નું વિકસિત થવું શક્ય નથી. સાધના થકી કદાચ વાગ્બીજને મનુષ્યની ચેતનામાં રોપી દેવામાં આવે, પરંતુ જો તેને 'હ્રીં' શક્તિરૂપી બળ પ્રાપ્ત ન થાય તો એ સાધના પૂર્ણપણે ફળીભૂત ન થાય. વાગ્બીજનું વાવેતર કર્યા પછી પણ એ ખેતી અધૂરી જ રહી જાય.

વાગ્બીજ અને માયાબીજનો સીધો સંબંધ સર્વોચ્ચ તંત્રવિદ્યા મા લલિતા મહાત્રિપુરસુંદરી સાથે જોડાયેલો છે, જેના વિશે વાત કરીશું આવનારા અંકે.

અંધકાર એક જ્યોત થકી ચાલ્યો જાય છે

જ્યોત પ્રગટાવવી કલા છે. એક વિધિ-વિધાન છે. જ્યોત પ્રગટાવવી મારું લાંગરવું છે. તે મારું એકાગ્રતાનું કેન્દ્ર છે. સજગતાથી થયેલ કૃત્ય છે, સંકલ્પ પણ છે.

- રંજની રાવ

સમગ્ર બ્રહ્માંડ સામેની લડાઈનો પ્રારંભ પણ એક જ્યોત પ્રગટાવવાથી થાય છે. અંધકાર સાથે લડવાથી અંધકાર દૂર થતો નથી. આપણાં આંગણે, ઓટલે કે ઓસરીએ એક

લેન્ડસ્કેપ

સુભાષ ભટ્ટ

દિપ પ્રગટાવીએ અને અંધકાર હારશે. એક સદીથી બંધીયાર ખંડમાં વસતો અંધકાર પણ એક જ્યોત થકી ચાલ્યો જાય છે. અંધકાર અને ઉજાસ બન્ને અનંતરૂપા છે- તેથી અનંત રીતે પ્રગટે છે. અહંકાર, અજ્ઞાન, અધુરપ, અભાવ પણ અંધકારની જ અભિવ્યક્તિ છે. તેવી જ રીતે એકાદ કાવ્ય, મંત્ર, કૃત્ય, સ્મિત પણ જ્યોતની જ અભિવ્યક્તિ છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં એક જ્યોર્તિમય સંવાદ છે. કોઈ સાધક યાજ્ઞવલ્કયને પૂછે છે. 'સૂર્ય અસ્ત થયો હોય, ચંદ્ર પ્રગટ્યો ન હોય અને અગ્ની પણ ઓલવાઈ ગયો હોય ત્યારે માણસનો પ્રકાશ કોણ ? ત્યારે ઋષી કહે છે, આત્મા.' આ સૂત્ર 'આત્મદીપઃ ભવ !' છે જેના ઉજાસમાં સ્વયંને અને અન્યને આપણે નીરખવાના છે. આપણી પ્રજ્ઞા પણ જ્યોત છે. પણ કમનસીબે ક્યારેક પાડોશીના વાયરમાં ફોલ્ટલાઈન શોધવામાં આપણો સ્વયંનો ખંડ અંધારીઓ રહી જાય છે.



પશ્ચિમમાં એક રૂપક કથા છે. ગીવ અને ટેક (આપવું અને લેવું) નામના બે દોસ્તારો હતા. બન્ને પ્રવાસે નીકળ્યા. બન્ને રૂમ અને ટીફીન શેર કરતા. બન્ને એક જ મારગ પર સાથે જ ચાલતા. ગીવ તો માર્ગમાં મળે તે સૌની સાથે પોતાની વાતો, વસ્તુઓ, વારતાઓ અને પ્રેમ, મૈત્રી, સ્મિત વહેંચતો જાય. તેથી પ્રવાસના અંતે તેનો થેલો ખાલી હતો પણ વહેંચવાના આનંદ થકી તેની સ્મૃતિ છલોછલ હતી. જ્યારે ટેક તો મારગમાં વસ્તુઓ એકઠી કરતો રહ્યો. આમ પણ જગત અને જીવન પર જેને શ્રધ્ધા ન હોય તેને વસ્તુઓ-સામાન એકઠો કરવાની વાસના ખૂબ જ હોય છે. આખરે ટેક વજનથી થાકેલો હતો તેથી તે ખુબ મોડો પહોંચ્યો. તેણે જીવન-મારગ પરની મોજ, મસ્તી, મૈત્રી, ખોઈ અને વસ્તુઓ લાવ્યો.

આપણે પણ આ દિવાળીએ, આ વરસના અંતે આપણો સામાન તપાસી લેવાનો છે. તેમાં શું છે, ચેતના કે પદાર્થ ? ઉજાસ કે અંધકાર ? તે સમજી લેવાનું છે. દિવાળી એટલે અંતરનો ઉજાસ અને બહારના ઉલ્લાસનો સરવાળો !

જ્યોત ગઈકાલ કે આવતી કાલની નથી હોતી, તે આજે, અહીં આ પળે હોય છે. જ્યોતનું તત્વજ્ઞાન-મનોવિજ્ઞાન અદ્ભૂત છે. જ્યોતને ઓલવી નાખવામાં અને સ્વયં ઓલવાય જવામાં ચૈતન્ય ભેદ છે, જ્યોતના વિલીન થવામાં અને નિર્વાણ પામવામાં પણ ભેદ છે. ભારતીય પ્રજ્ઞાનું શિખર તો કહે છે, 'દીપજ્યોતી પરબ્રહ્મ.'

જગતમાં ઘણી વસ્તુઓ એવી છે જે આપણે ન કરી શકીએ દાખલા તરીકે વસંતને વહેલી-મોડી ન કરી શકીએ, સુકા ઘાસને લીલું ન કરી શકીએ,

'સૂર્ય અસ્ત થયો હોય, ચંદ્ર પ્રગટ્યો ન હોય અને અગ્ની પણ ઓલવાઈ ગયો હોય ત્યારે માણસનો પ્રકાશ કોણ? ત્યારે ઋષી કહે છે, આત્મા.' આ સૂત્ર 'આત્મદીપઃ ભવ!'

અમાસની પુનમ ન કરી શકીએ પણ હા, સમગ્રતાથી એક જ્યોત પ્રગટાવીને બ્રહ્માંડ આખાના અંધકારને આપણે પડકારી શકીએ ખરા. પરમ મરમી વિનોબાજી આમ કહે છે :

દેવી ઉષા, તું સાત્વિકતાની મૂર્તિ છે, રજોગુણી દિવસ અને તમોગુણી રાતની કાતરમાં સપડાયેલા મનનો છુટકારો તારી સિવાય કોણ કરશે ?

તમને કોઈ વાર એમ પણ થાય કે, આવા લોકો કરતાં તો આપણા શત્રુ સારા...

શત્રુ કરતાં વધુ પીડા પહોંચાડનાર આ ૭ જણા!

તમારે માટે દુનિયામાં સૌથી ખરાબ કોણ ? એવું જો, કોઈ પૂછે તો તમે પળના વિલંબ વગર કહી દેશો કે...શત્રુ ! દુશ્મન ! વિરોધી ! હરીફ ! પ્રતિસ્પર્ધી! પણ, અહિ તમે થોડી ચૂક કરો છો -ભૂલ કરો છો એમ કહી શકાય. કોઈ તરફથી તમને જરા વધુ પડતી પીડા પહોંચી રહી હોય તો તમે તરત જ એની ગણતરી 'શત્રુ' કે 'દુશ્મન' તરીકે કરવા લાગી જશો. પણ, અહિ તમને એવા ૭ જણાની આછી-આછી ઝલક આપવી છે જેઓ તમારા શત્રુ-દુશ્મન તો નથી પરંતુ શત્રુ-દુશ્મન કરતાં વધુ પીડા તેઓ તમને પહોંચાડી શકે છે !

જેની 'કરની' અને 'કથની' અલગ હોય!

જે પણ વ્યક્તિની 'કરની' અને 'કથની' અલગ માલમ પડી રહી હોય એટલે કે, વ્યક્તિ પોતાના મુખેથી બોલી કૈંક રહ્યો હોય અને પછીથી તે કરી કૈંક રહ્યો હોય...તેના વર્તન-વ્યવહાર સાથે તેનાં વચનોનો વ્યવસ્થિત મેળ જણાઈ નહિ રહ્યો

તમને અગાઉથી તેઓની પરખ નહિ થઈ શકી તેમજ તેઓની સાથે રહેતાં નહિ આવડ્યું તો તેઓ સાથે ભૂતકાળમાં સરસ સંબંધો વિકસાવ્યા બદલ તમને ભારોભાર પસ્તાવો થઈ શકે !

હોય તો, તે વ્યક્તિ જીવનમાં ગમે ત્યારે તમને શત્રુ કરતાં વધુ પીડા આપી શકે છે. તમને એક વાર એવું લાગે કે, આના કરતાં તો શત્રુ સારો ! જેની કરની -કથની અલગ છે તે છળ-કપટ કરી શકે છે.

જેની અંદર સ્વાર્થનું પ્રમાણ સ્પષ્ટ હોય!

સ્વાર્થનું પ્રમાણ દરેકની અંદર હોય છે પણ જો, કોઈ વ્યક્તિની અંદર સ્વાર્થનું પ્રમાણ એ રીતે તમને વર્તાઈ રહ્યું હોય કે તેને તમે સ્પષ્ટ રીતે 'સ્વાર્થી' વ્યક્તિની કક્ષામાં મૂકી શકો ! તો, તે વ્યક્તિ સાથે જોડાયેલા રહેવાથી તમને જીવનમાં દુશ્મન કરતાં વધુ દુ:ખ સહન કરવાનું આવશે એમાં કશો સંદેહ નહિ. વ્યક્તિ જો, તમારી સાથે પોતાના સ્વાર્થ મુજબ વ્યવહારો રાખી રહી છે તો તે તમારે માટે ભવિષ્યે કોઈ શત્રુ કરતાં વધુ દુ:ખદાયી નીવડશે.

જે તમારી અસહમતિ સાથે અસહમત રહ્યા કરે!

કોઈ વાત-બાબત માટે તમારી પ્રમાણિક અસહમતિ છે...એ સંજોગોમાં જે તમારી સાથે ખરેખર જ મૈત્રીભાવથી જોડાયેલ છે તે પણ સહમત થશે અને, તમારી અસહમતિ સાથે પોતે અસહમત કદાપિ રહેશે નહિ ! તમારી પ્રમાણિક અસહમતિ સાથે સહમત નહિ થનાર વ્યક્તિ તરફથી તમને જીવન દરમ્યાન ગમે ત્યારે શત્રુ કરતાં વધુ પીડા પ્રાપ્ત થવાની છે તેની ખાતરી આપી શકાય. જ્યારે, તમે સાચા છો ત્યારે તમારા મત સાથે જે સહમત નથી તે વ્યક્તિ તમારે માટે ક્યારેક શત્રુ કરતાં ખતરનાક બની શકે છે.



કશો લાભ નહિ હોય તો પણ, અસત્યભાષણ!

માણસને કૈંક લાભ હોય -ફાયદો હોય - સ્વાર્થ હોય અને તે ખોટું બોલી નાખે, જૂઠું બોલી નાખે તે વાત બહુ જ સ્વાભાવિક છે. જીવ માત્ર સ્વાર્થી છે પરંતુ, તમારી આજુબાજુ કોઈ વ્યક્તિ એવી છે જે કશા લાભ-ફાયદા-સ્વાર્થ વગર પણ જૂઠું બોલતી રહે છે તો, તે વ્યક્તિ એક કાળે તમારા જીવનમાં શત્રુથી વધુ ગંભીર પરિણામો લઈ આવી શકે છે. કશા હેતુ-લાભ વગર અસત્યભાષણ જેવી પ્રવૃત્તિઓ રાખનારી વ્યક્તિ કરતાં શત્રુપીડા વધુ સારી હોવાનું ઘણા લોકોએ જણાવ્યું છે.

ભૂલ પોતાની-વાંક પોતાનો, જવાબદાર બીજાંને ગણવા!

જે પણ વ્યક્તિ પોતાની ભૂલનો એકરાર નથી કરી રહ્યો...પોતાનો વાંક જેને મંજૂર નથી...પોતે જાણે છે-સારી રીતે સમજે છે કે, કોઈ વાત-બાબત માટે પોતાની ભૂલનું-પોતાના વાંકનું જ આ પરિણામ છે ! તેમ છતાં, પોતાની ભૂલ-પોતાનો વાંક સ્વીકારવાને બદલે પરિણામમાં વ્યક્તિ બીજાંની ભૂલ - બીજાનો વાંક હોવાનું સમજે છે તેમજ સમજાવે છે તે વ્યક્તિ તમારા દુશ્મન કરતાં વધુ શક્તિશાળી છે અને તેની શક્તિઓ ભવિષ્યમાં તમારું ભલું થવામાં કશી કામ આવવાની નથી. જો, વ્યક્તિ પોતાની ભૂલ-પોતાના વાંક બદલ આવેલ કોઈ પરિણામ માટે તમને દોષી ઠેરવે છે તો, તમારે માટે તે ગમે ત્યારે દુશ્મન કરતાં ઘાતક પુરવાર થઈ શકે છે.

કોઈના વખાણ નહિ- હમેશા અન્યોની નિંદા જ!

કોઈના પણ કદાપિ વખાણ નહિ કરી શકનારી અને નિરંતર અન્યોની નિંદા જ જેને મુખેથી સાંભળવા મળી રહી હોય તે વ્યક્તિને તમે ભવિષ્યમાં ક્યારેય પણ તમારી તરફમાં લઈ શકવાનાં નથી તેની ખાતરી આપી શકાય. કોઈની પણ પ્રશંસા જેને મુખેથી સાંભળવા નહિ મળી રહી હોય તે વ્યક્તિ કદરદાન નથી...તમારા હૃદયને એવી વ્યક્તિ દ્વારા ભવિષ્યમાં દુ:ખ પહોંચવાનું જ છે. જે વ્યક્તિ કોઈની પણ પ્રશંસા નથી કરી રહ્યો તે વ્યક્તિ તમારી પણ પ્રશંસા કેવી રીતે કરશે ? જે લગભગ દરેક જણની નિંદા જ કરે છે તે તમારી પણ નિંદા કેમ નહિ કરે ? અન્યોની કેવળ નિંદા તે નકારાત્મકતાની ચરમસીમા છે અને નકારાત્મકતા તે શત્રુતા કરતાં વધુ ખતરનાક છે.

તમારી ઉપર અધિકાર સ્થાપવાની કોશિશ!


કોઈ પણ સુયોગ્ય વ્યક્તિ -સુપાત્ર વ્યક્તિ અન્યો પર પોતાનો અધિકાર સ્થાપવાની કોશિશ કદાપિ કરશે નહિ. કોઈ પણ વ્યક્તિ બીજાં બધાંને સ્વતંત્ર રાખે-સ્વતંત્ર રહેવા દે અને કોઈ પણ રીતે-પ્રકારે બાંધે નહિ તે વ્યક્તિ દરેક જાણ સાથે સાચો સખાભાવ રાખી રહી છે એમ કહેવાય.

કૌશિક કુમાર દીક્ષિત

અન્યોનું જીવન પોતે નિયંત્રિત કરનારી વ્યક્તિઓ જો, તમારા જીવનમાં પ્રવેશી ચૂકી હોય તો તમારે તેમનાથી ખૂબ સંભાળવું પડશે...જે પણ વ્યક્તિ તમારા જીવન ઉપર કોઈ પ્રકારે આધિપત્ય જમાવવા જાય છે તે વ્યક્તિમાં એક કાળે તમને દુશ્મનનાં દર્શન અચૂક થવાનાં છે તેમાં કોઈ શક નહિ ! તમારા જીવન ઉપર કે જીવનનાં કોઈ ભાગ ઉપર રીતસર દબાણ ઊભું કરનાર વ્યક્તિ આગળ જતાં તમને શત્રુ કરતાં વધારે કષ્ટદાયક જણાશે ! - તો, આવી ૭ પ્રકારની વ્યક્તિઓ ક્યાંક ને ક્યાંક દરેક જણની આસપાસ હોય છે-હોઈ શકે છે...તમને તેઓની સાથે રહેતાં આવડી જાય તો જ તમે તેઓથી બચી શકો અને તેઓ સાથે તમારે શત્રુતા નહિ થાય ! તમને અગાઉથી તેઓની પરખ નહિ થઈ શકી તેમજ તેઓની સાથે રહેતાં નહિ આવડ્યું તો તેઓ સાથે ભૂતકાળમાં સરસ સંબંધો વિકસાવ્યા બદલ તમને ભારોભાર પસ્તાવો થઈ શકે ! આ ૭ પ્રકારની વ્યક્તિઓને બરાબર ઓળખી-સમજી લઈ તે મુજબ હોશિયારીપૂર્વક જો તમે તમારા સંબંધોનું આયોજન કરી શકો તો તમારે કોઈ ચિંતા નહિ-કોઈ ફિકર નહિ !

ફટાકડા ફોડવાનો શોખ ધરાવનારાંનાં તન-મનનો અભ્યાસ!

બધા લોકો ફટાકડા ફોડતા નથી તેમ, અમુક લોકોને ફટાકડા પ્રત્યે રીતસર ગાંડપણ હોય છે તો અમુક લોકોને ફટાકડા તરફ ભારે તિરસ્કાર પણ હોય છે. ફટાકડા અમુકને ગમે છે તો, અમુકને બિલકુલ ગમતા નથી.



ફટાકડાનો અમુકને બિલકુલ ડર-ભય હોતો નથી તો, અમુક લોકોને ફટાકડાથી ડર પણ લાગે છે. ફટાકડા મુખ્યત્વે કરી બે પ્રકારના હોય છે... એક તો, દ્રશ્ય (એટલે કે, એવા ફટાકડા ફૂટતા જોવાની મઝા આવતી હોય છે !) અને બીજું, શ્રાવ્ય (એટલે કે, ફટાકડા દ્વારા અમુક ખાસ પ્રકારના અવાજો થાય છે જે ફોડનારને તેમજ ત્યાં હાજર લોકોને એક જાતનો આનંદ આપી જાય છે !)

ફટાકડા ફોડવાનો શોખ કોને હોય ?

ફટાકડા ખૂબ મોંઘા હોય છે એટલે, સામાન્ય રીતે જ જેમને ફટાકડા ફોડવા પરવડે તે લોકોને ફટાકડાનો શોખ જોવા મળી શકે. પણ, દરેક પૈસાદારને ફટાકડાનો શોખ હોવો જરૂરી નથી. પોતાની પાસે અઢળક રૂપિયા હોય તો પણ, ફટાકડા ફોડવા બિલકુલ નહિ ગમે તેવા અસંખ્ય લોકો તમારી આસપાસ જીવી રહ્યા છે ! અને, પોતાની પાસે રૂપિયા નહિ હોય તો પણ કોઈકની પાસે માંગીને અથવા ઉધારી કરીને પણ ફટાકડા લઈ આવી ફોડવાનો શોખ લોકોમાં જોવા મળે છે. જે પણ વ્યક્તિ ગમે તેવું નુકસાન પણ હસતે મોંએ સહન કરી શકવાની તાકાત ધરાવે છે તેને સામાન્ય રીતે ફટાકડા ફોડવા ગમે છે. પળવારમાં કશું પણ મેળવ્યા વગર વ્યક્તિ રૂપિયાનો ધૂમાડો કરી નાખે છે ! જેને ફટાકડાનો શોખ છે તે જીવનમાં ભલભલાં નુકસાન ખમી લેવાની તાકાત પણ પોતાની પાસે રાખે છે. નુક્સાનોથી ગભરાઈ જનાર વ્યક્તિ ફટાકડાનો શોખીન હોઈ શકે નહિ-બની શકે નહિ-રહી શકે નહિ !

જેને ફટાકડાનો શોખ છે તે જીવનમાં ભલભલાં નુકસાન ખમી લેવાની તાકાત પણ પોતાની પાસે રાખે છે

ફટાકડાનો શોખ કઈ ગ્રંથિને આભારી?

ફટાકડા ફોડવાનો શોખ એડ્રીનલ ગ્લેન્ડ (જે કિડનીના ઉપરના ભાગમાં આવેલી હોય છે) આપણા લોહીમાં એડ્રીનલિન નામે એક હોર્મોન છોડે છે અને તેને પ્રતાપે વ્યક્તિને ફટાકડા ફોડવાનો શોખ પેદા થાય છે તેમજ તે ઉત્તરોત્તર વધતો રહે છે. એડ્રીનલ ગ્લેન્ડ વ્યક્તિના રુધિરમાં જ્યાં સુધી એડ્રીનલિન છોડતું રહે છે ત્યાં સુધી ફટાકડા ફોડવાનો શોખ તેનામાં જળવાઈ રહે છે. આમ, કોઈ પૂછે તો તમે હવે કહી શકો કે...જેને ફટાકડા ફોડવા બહુ ગમે છે તેના શરીરમાં એડ્રીનલ ગ્રંથિ સારા એવા પ્રમાણમાં એડ્રીનલિન તેના લોહીની અંદર છોડી રહી હશે !

ફટાકડા ફોડવાથી વ્યક્તિને શું મળે છે ?

આમ તો, ફટાકડા ફોડવામાં રીતસરનું નુકસાન જ છે...વ્યક્તિને સીધી રીતે કશો લાભ-ફાયદો હોતો નથી. પરંતુ,ફટાકડાના અવાજો-રંગબેરંગી રોશની વગેરેને લીધે વ્યક્તિના મગજમાં ડોપામાઈન નામે એક રસાયણ દ્રવે છે જે તેને કૈંક ગમી રહ્યું હોવાની અનુભૂતિ કરાવે છે. એમાં વ્યક્તિને સમજ નથી પડી રહી હોતી કે, ખરેખર આનંદ જેવું શું છે તો પણ તે તેનો આનંદ તે માણે છે ! ફટાકડા ફોડીને વ્યક્તિ પોતાના બાળપણની થોડોક નજીક આવી જવા પામે છે ! ફટાકડા ફોડનાર વ્યક્તિનું એકંદર આરોગ્ય સારું રહેતું જોવા મળે છે. કેમ કે, પોતાનું -પોતાનાં નાણાનું નુકસાન નજર સામે જોઈને પણ તે વ્યથિત થવાને બદલે હરખાઈ શકે છે.

ફટાકડા ફોડવાનો શોખ અને એકલતા

ફટાકડા જે ફોડી શકે છે-ફોડવામાં આનંદ મેળવી શકે છે તે વ્યક્તિને કદાપિ પોતે એકલતાનો શિકાર હોવાની ફરિયાદ હોઈ શકે નહિ. ફટાકડા ભલે, કોઈ વ્યક્તિ એકલા-એકલા ફોડી લે પરંતુ તે કૃત્યનો આનંદ તેનો એકલાનો હોતો નથી...ફટાકડા નહિ ફોડનાર વ્યક્તિઓ પણ અગર ત્યાં હાજર હોય તો તે બીજાના ફોડેલા ફટાકડાનો આનંદ લૂંટી શકે છે-લૂંટી લે છે. જેને ફટાકડા ફોડવાનો ખૂબ જ રસ છે તે વ્યક્તિ સામૂહિક આનંદ મેળવવામાં શ્રદ્ધા રાખે છે તેમ જણાવી શકાય. ફટાકડાનો શોખ ધરાવનાર વ્યક્તિ મળતાવડો હોય છે જ્યારે ફટાકડા પ્રત્યે અણગમો રાખનાર વ્યક્તિ અતડો રહે છે.

ફટાકડાનો શોખ પોતાની તાકાતનું પ્રદર્શન

પોતાની તાકાતનું પ્રદર્શન કરવાનું જેને ગમે છે તેને જ ફટાકડા ફોડવાનો શોખ હોઈ શકે. અગ્નિ ઉપર તેમજ અવાજો ઉપર ક્યાંક પોતાનો કાબૂ છે તેવાં મન-મગજ સાથે વ્યક્તિ ફટાકડા ફોડવા જાય છે. આ એક બહુ જ મોટી અંતરંગ લાગણી છે-ભાવના છે. ફટાકડા ફોડવાનો શોખ ધરાવતી પ્રત્યેક વ્યક્તિને પોતાની પ્રશંસાઓ-તારીફો વગેરે સાંભળતા રહેવાનું ગમે છે તેમજ જેને ફટાકડાનો શોખ નથી તેને તમે કદાપિ તારીફોપ્રશંસાઓ કરીને કે તેનાં ગુણગાન ગાઈને તમે ખુશ કરી શકવાનાં નથી તેમ કહી શકાય. ક્યાંક, તમે ફટાકડાનો શોખ નથી તેની આગળ તેની પ્રશંસાઓ કરશો નહિ કેમ કે તેનાથી એને કશો ફરક પડવાનો નથી.

ફટાકડા ફોડવાનો શોખ અને ડિપ્રેશન

ફટાકડા ફોડવાનો શોખ ભલે, બીજો કોઈ ફાયદો કરી શકે કે નહિ પણ વ્યક્તિનું ડિપ્રેશન જરૂર દૂર કરી શકે છે. ફટાકડા ફોડવાનો શોખ ધરાવતી વ્યક્તિઓ પૈકી એવી કોઈ વ્યક્તિ તમને નહિ મળશે જે ડિપ્રેશનની ફરિયાદ કરી રહી હોય ! ડિપ્રેશનની ફરિયાદ કરનારાં પૈકી ૯૯% લોકો તમને ફટાકડા તરફ અણગમો રાખનારાં જણાશે તેમાં કોઈ સંદેહ નહિ ! આમ, ફટાકડાનો શોખ ડિપ્રેશનનો એક ગૂઢ ઉપચાર પણ હોવાનું તમે સમજી શકો છો.

લોગઈન

એક દીવો છાતી કાઢીને છડેચોક ઝળહળે,
તો એ અંધારાના સઘળા અહંકારને દળે.
હરેક ચીજને એ આપે સૌ સૌનું મૂળ સ્વરૂપ
આવું મોટું દાન કરે તો પણ એ રહેતો ચૂપ
પોતાને ના કૈં જ અપેક્ષા અન્ય કાજ બસ બળે.
અંધકાર સામે લડવાની વિદ્યા ક્યાંથી મળી?
કિયા ગુરુની કૃપા થકી આ રીત તપસ્યા ફળી?
હે દીવા, એ શાશ્વત પળ, તું પ્રકટે છે જે પળે.

- રમેશ પારેખ

અંતરનેટની કવિતા

અનિલ ચાવડા

અંધકારના અહંકાર સામે અજવાળાનું આંદોલન

મોટાભાગનાં યુદ્ધો અંધકાર અને અજવાસ વચ્ચે, સત્ય અને અસત્ય વચ્ચે હોય છે. જેમાં એક તરફ હોય છે ઝળહળતું સામ્રાજ્ય, બીજી તરફ નાનકડો દીવો! અંધકારનું સામ્રાજ્ય હંમેશાં મોટું હોય છે, પણ અંધકાર ગમે તેટલો વિશાળ હોય, એનું પોતાનું કોઈ અસ્તિત્વ નથી. એનું આખું સામ્રાજ્ય પ્રકાશની ગેરહાજરી પર ઊભેલું છે. જેનું અસ્તિત્વ જ બીજાની ગેરહાજરી ઉપર નભતું હોય, એના અહંકારનું આયુષ્ય કેટલું?

ગુજરાતી ભાષાના અપ્રતિમ કવિ રમેશ પારેખે આટલી મોટી દાર્શનિક વાતને એક નાનકડા દીવાની જ્યોતમાં સમાવી લીધી છે.

અંધકાર એટલે માત્ર પ્રકાશનો અભાવ નહીં. અજ્ઞાન, અન્યાય, અંધશ્રદ્ધા પણ અંધકાર છે. માણસને માણસથી નાનો ગણવાની માનસિકતા, સત્તા પર બેસીને સત્યનું ગળું ઘોંટવાની વૃત્તિ, બીજાના અધિકારો પર પોતાનો અધિકાર જમાવવાની ભૂખ, આ બધાં અંધકારનાં જ નામો છે. અંધકારની મોટી ચાલાકી એ છે કે એ પોતાને અંધકાર તરીકે ઓળખાવતો નથી. એ ક્યારેક પરંપરાનો પોશાક પહેરે છે, ક્યારેક ધર્મનો, ક્યારેક સત્તાની ખુરશીમાં બેસે છે અને ક્યારેક સંસ્કારની.

દીવો કોઈ વસ્તુનું સર્જન કરતો નથી, છતાં દરેક વસ્તુને એનું મૂળ સ્વરૂપ પાછું આપે છે. અંધારામાં પડેલું ફૂલ રંગ ગુમાવી બેસે છે. વૃક્ષ ઓળખ ગુમાવી દે છે. ચહેરો પણ ઓળખાતો નથી. દીવો પ્રગટતાની સાથે બધા પોતાની ઓળખ પાછી મેળવે છે. ફૂલ ફરી ફૂલ બને છે, વૃક્ષ ફરી વૃક્ષ, અને ચહેરો ફરી ચહેરો. દીવો પોતાનો રંગ કોઈ ઉપર ચડાવતો નથી. એ ગુલાબને ગુલાબ રહેવા દે છે, કાંટાને કાંટા. સુંદરને સુંદર બતાવે છે, કુરૂપને કુરૂપ. પ્રકાશનો ધર્મ વસ્તુઓને પોતાની ઇચ્છા પ્રમાણે બદલવાનો નથી, પણ જેવી છે તેવી દર્શાવવાનો છે. આ અર્થમાં દીવો માત્ર પ્રકાશદાતા નથી, ઓળખદાતા છે. એ કોઈને કશું આપીને પોતાનું ઋણ નથી જતાવતો. એ તો જેનું જે છે તેને તે પાછું સોંપે છે. આટલું મોટું દાન કરીને પણ દીવો ચૂપ રહે છે! એ બંધ ઓરડામાં બહાદુરીની બડાઈ નથી હાંકતો. એ જાહેરમાં પણ ઝળહળે છે. એને ખબર છે, પવન આવશે, વંટોળ આવશે, કોઈ ફૂંક મારીને ઓલવી નાખવાનો પ્રયત્ન પણ કરશે. છતાં ઝળહળતો રહે છે.

આપણે નાનકડી ભલાઈનો પણ મોટો ઢોલ પીટીએ છીએ. મદદ કરતાં પહેલાં મદદના ફોટા પાડીએ છીએ. આપણાં સદ્કાર્યોને પણ પ્રશંસાના પગરખાં પહેરાવીને



બજારમાં ફેરવીએ છીએ. દીવો આ માનસિકતા સામેનો મૌલિક વિરોધ છે. એ પોતાનું કામ કરે છે, પણ કામનો કકળાટ નથી કરતો. એની જ્યોતને તાળીઓની જરૂર નથી. અભિનંદનપત્રની અપેક્ષા નથી. એની પાસે આપવાનું છે એટલે આપે છે. આપણે ત્યાં કહેવાય છે કે ચંદન ઘસાય તો સુગંધ આપે. શેરડી પિલાય તો રસ આપે. વૃક્ષને પથ્થર મારો તો ફળ આપે. દીવો આ જ પરંપરાનો પ્રકાશિત વારસદાર છે.

કવિ દીવાને સવાલ પૂછે છે કે, અંધકાર સામે લડવાની વિદ્યા ક્યાંથી મળી? પણ આ સવાલ માત્ર દીવાને નથી, એવા દરેક માણસને છે જેણે અન્યાય સામે ઊભા રહેવાની હિંમત કરી. દરેક યુગમાં કોઈ ને કોઈ માણસ દીવો બનીને પ્રગટ્યો છે. કોઈએ અંધશ્રદ્ધા સામે વિજ્ઞાનનો દીવો પ્રગટાવ્યો, કોઈએ અસમાનતા સામે સમાનતાનો, કોઈએ ગુલામી સામે સ્વતંત્રતાનો, તો કોઈએ નિરાશાના સામે આશાનો. આ પ્રશ્નમાં કવિની ઊંડી દાર્શનિક દ્રષ્ટિ પ્રગટ થાય છે.

અંધકાર સામે લડતો દીવો અંધકારને ગાળો નથી આપતો, દલીલો નથી કરતો, ધમકાવતો પણ નથી. માત્ર પ્રગટે છે. એનું પ્રગટવું જ પ્રતિકાર બની જાય છે.

આ કવિતા વાંચીને દીવા વિશે સમજાય, તેનાથી વધારે જાત વિશે વિચારવાનું મન થાય છે. આપણે કેટલો પ્રકાશ મેળવ્યો એના કરતાં કેટલો આપ્યો એ વધારે મહત્ત્વનું છે. દુનિયામાં અંધકારની ફરિયાદ કરનારા માણસોની ખોટ નથી. અંધકાર વિશે ભાષણો આપનારા પણ ઓછા નથી. ખોટ છે માત્ર એવા માણસોની, જે પોતે પ્રગટવાની તૈયારી રાખે. માણસના જીવનની સૌથી મોટી સિદ્ધિ પણ એ જ છે, પોતે ઓલવાઈ જાય એ પહેલાં બીજાના જીવનમાં અજવાળું મૂકે.

લોગઆઉટ

તું તારા દિલનો દીવો થા ને, ઓ રે! ઓ રે! ઓ ભાયા!
રખે કદી તું ઉછીનાં લેતો પારકાં તેજ ને છાયા;
એ રે ઉછીનાં ખૂટી જશે ને ઊડી જશે પડછાયા!

- ભોગીલાલ ગાંધી 'ઉપવાસી'

સ્કવેર કટ

અધીર અમદાવાદી

- જમાઈ દસમો ગ્રહ કહેવાય, તો સાઢુભાઈ?
- મધુકર માંકડ, રાજકોટ
- **એ પણ જમાઈ તો ખરા જ ને?**
- ગરોળી માળિયામાં શું કામ જતી હશે?
- પંકજ ભાવસાર, સચિન
- **સફાઈ કરનારને ચોંકાવી દેવા.**
- દિવાળીમાં તમે ક્યાં જવાના?
- કિશોર ગોંડલીયા, સુરત
- **જવું ફરજિયાત છે?**
- નવી કહેવત પ્રમાણે ગાડી, લાડી અને મોબાઈલ કોઈને અપાય નહીં. શું કહેવું છે?
- હરેશ લાલવાણી, અમદાવાદ
- **ગાડી-લાડી સાથે મોબાઈલનો પ્રાસ નથી બેસતો.**
- મીઠાને સબરસ કેમ કહેવાય છે?
- સરલા દોશી, અમદાવાદ
- **જોડણીની ભૂલ ના થાય એટલે.**
- હાથમાં ગરમાગરમ ચાનો કપ હોય એજ સમયે જોરદાર છીંક આવવાની થાય તો શું કરવું?
- જ્યોતિષ પાઠક, વડોદરા; ધવલ જે. સોની, ગોધરા
- **કપ નાકના લેવલથી અધ્ધર રાખી છીંક ખાવી. ચામાં કશું પડવું ના જોઈએ.**
- તમારી માનીતી હિરોઈન સપનામાં આવે તો યાદ રહે છે?
- મીતેષ શાહ, વડોદરા
- **હા, એક તો ૨૪૩ વખત આવી છે.**
- પ્રસાદ અને પ્રસાદીમાં શું ફેર?
- કલ્પેશ પરમાર, વડોદરા
- **પ્રસાદ ગ્રહણ થાય, પ્રસાદી મળે.**
- માણસ પૈસા સુખી થવા કમાય છે, પણ સુખી થવા પૈસા જ ઓછા પડે છે, આવું કેમ?
- મનુભાઈ એસ. સોની, બહુચરાજી
- **બધા માણસ આઈપીઓ નથી લાવી શકતાં.**
- અડધી દુનિયા દુશ્મન લાગતી હોય તો શું કરાય?
- નયનભાઈ પટેલ, ભરૂચ
- **બીજા અડધા ભાગમાં રહેવા જતાં રહેવું.**
- મેરીટ લિસ્ટ અને મેરિડ લિસ્ટમાં શું ફેર?
- રમેશ ગોરસિયા, મોરબી
- **આશા અને નિરાશાનો.**
- ભાભી તો તમને અધીરા કહીને જ બોલાવતા હશે ને?
- કાદિર લુહાર, અમદાવાદ
- **શું નામે નહીં, ભાભી શું કામ બોલાવે છે એ મહત્વનું છે.**
- ગાયને માતા, બિલાડીને માસી, ઉંદરને મામા તો કૂતરાને શું કહીશું?
- જગદીશ રાઠવા, છોટા ઉદેપુર
- **લે કુ કુ કુ કુ ....**
- કાળો કાગડો અને ધોળો ગધેડો કેમ બદનામ છે?
- રોહિત 'કર્મ', હિંમતનગર
- **તમારા જેવા સજ્જનોને ચાંચ-લાત મારવાને લીધે.**
- લોકોને વધારે શું નડે છે?
- ચેતનકુમાર ત્રિવેદી, અમદાવાદ
- **ખંજવાળ.**
- અંગ્રેજશાહી, રાજાશાહી ને લોકશાહીમાં શું શ્રેષ્ઠ?
- ડૉ. કવિ રાજેન્દ્ર કે. હાથી, વડોદરા
- **એ બધુ છોડો, શાહી ફાલુદા ઝાપટો.**
- પત્નીનો અવાજ બંધ કરવાનો શું ઈલાજ છે?
- શશિકાંત જી. દેસલે, સનિયા કણદે, સુરત
- **રસોડામાં સાઉન્ડ પ્રૂફ દરવાજો નખાવો.**
- લગ્ન સમયે 'ડીજે' તો 'છૂટાછેડા' વખતે?
- મેહુલ સોલંકી, બોટાદ
- **રૂપિયા બચ્યા હોય એ મુજબ પાર્ટી કરવી.**

તમારા સવાલો આ ઈમેઈલ આઈડી પર મોકલી આપો
squarecut@gujaratsamachar.com

યુવાન વયે સ્ટ્રોક આવવા પાછળ DNA જવાબદાર?

સ્ટ્રોક એટલે મગજનો હુમલો. વિશ્વભરમાં દર વર્ષે આશરે ૧.૨ કરોડ લોકોને સ્ટ્રોક આવે છે, જ્યારે ભારતમાં જ દર વર્ષે અંદાજે ૧૨.૫ લાખ નવા કેસ નોંધાય છે. Global Burden of Disease (GBD) ૨૦૨૧ના આંકડા મુજબ વિશ્વમાં વર્ષ ૨૦૨૧માં આશરે ૧.૧૯ કરોડ અને ભારતમાં ૧૨.૫૧ લાખ લોકોને સ્ટ્રોક આવ્યો હતો. આ આંકડા દર્શાવે છે કે સ્ટ્રોક આજે એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા બની ગયો છે.

ડૉ. જયેશ શેઠ

સ્ટ્રોક મુખ્યત્વે બે પ્રકારનો હોય છે. પ્રથમ પ્રકારને ઇસ્કેમિક સ્ટ્રોક (Ischemic Stroke) કહેવામાં આવે છે. લગભગ ૮૦થી ૯૦ ટકા કિસ્સાઓમાં આ પ્રકારનો સ્ટ્રોક જોવા મળે છે. તેમાં મગજની રક્તવાહિનીમાં લોહીનો ગઠ્ઠો જામવાથી મગજના કોઈ ભાગમાં લોહી અને ઓક્સિજન પહોંચતા બંધ થાય છે. બીજા પ્રકારને હેમરેજિક સ્ટ્રોક (Hemorrhagic Stroke) કહેવામાં આવે છે. તેમાં મગજની રક્તવાહિની ફાટી જવાથી મગજમાં રક્તસ્ત્રાવ થાય છે.

સ્ટ્રોક માટે જવાબદાર મુખ્ય કારણો

સ્ટ્રોક થવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. તેમાં હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, મેદસ્વિતા, લોહીમાં કોલેસ્ટ્રોલનું વધેલું પ્રમાણ, વધુ પડતું મીઠું અને ચરબીવાળો ખોરાક, તમાકુ અને દારૂનું સેવન, બેઠાડુ જીવન તથા માનસિક તણાવનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વારસાગત જનીનિક ફેરફારો પણ કેટલાક કિસ્સાઓમાં સ્ટ્રોકનું કારણ બની શકે છે.

સ્ટ્રોક અને આપણા જનીનો (DNA) વચ્ચેનો સંબંધ

જો કોઈ પરિવારમાં એક કરતાં વધુ વ્યક્તિને નાની ઉંમરે સ્ટ્રોક થયો હોય અથવા એક જ વ્યક્તિને વારંવાર સ્ટ્રોકના હુમલા આવતા હોય, તો તેની પાછળ વારસાગત જનીનિક કારણ હોઈ શકે છે. આપણા શરીરના દરેક કોષમાં રહેલા DNAમાં જનીનો હોય છે, જે શરીરની વિવિધ પ્રક્રિયાઓનું નિયંત્રણ કરે છે. આ જનીનોમાં થતા કેટલાક ફેરફારો મગજની રક્તવાહિનીઓની રચના, કાર્ય અને લોહીના પ્રવાહને અસર કરી શકે છે.

સ્ટ્રોકને માત્ર મોટી ઉંમરનો રોગ માનીને અવગણવો જોઈએ નહીં. યુવાન વયે સ્ટ્રોક આવે ત્યારે તેની પાછળ છુપાયેલું જનીનિક કારણ શોધવાથી દર્દીનું યોગ્ય નિદાન, સારવાર શક્ય બને છે

આવા જનીનિક ફેરફારો માતા અથવા પિતા પાસેથી વારસામાં મળી શકે છે. સ્ટ્રોક સાથે સંકળાયેલા કેટલાક મહત્ત્વના જનીનો અને રોગો નીચે મુજબ છે.

૧. CADASIL અને NOTCH3 જનીન

CADASIL એટલે Cerebral Autosomal Dominant Arteriopathy with Subcortical Infarcts and Leukoencephalopathy. આ રોગ NOTCH3 જનીનમાં થતા ફેરફારને કારણે થાય છે. તેમાં મગજની નાની રક્તવાહિનીઓને નુકસાન થાય છે. પરિણામે નાની ઉંમરે વારંવાર સ્ટ્રોક, માઈગ્રેન, યાદશક્તિમાં ઘટાડો અને સમય જતાં માનસિક ક્ષમતામાં ઘટાડો જોવા મળી શકે છે. આ રોગ સામાન્ય રીતે ઓટોસોમલ ડોમિનન્ટ પદ્ધતિથી વારસામાં મળે છે. HTRA1 જનીનમાં થતા ફેરફારોને કારણે મગજની નાની રક્તવાહિનીઓનો રોગ થઈ શકે છે. તેના કારણે વારંવાર સ્ટ્રોક, ચાલવામાં તકલીફ, શરીરનું સંતુલન જાળવવામાં મુશ્કેલી અને નાની ઉંમરે મગજની કાર્યક્ષમતામાં ઘટાડો જોવા મળી શકે છે. COL4A1 અને COL4A2 જનીનોમાં થતા ફેરફારો મગજની રક્તવાહિનીઓની રચનાને નબળી બનાવી શકે છે. તેના કારણે મગજમાં રક્તસ્ત્રાવ, સ્ટ્રોક, ખેંચ આવવી અને આંખો તથા કિડની સહિત અન્ય અંગોમાં પણ તકલીફો જોવા મળી શકે છે. Fabry નામનો વારસાગત રોગ GLA જનીનમાં થતા ફેરફારને કારણે થાય છે. તેમાં શરીરમાં ચોક્કસ ચરબીયુક્ત પદાર્થ જમા થવા લાગે છે. પરિણામે હાથ-પગમાં બળતરા કે દુખાવો, ચામડી પર લાલ દાણા, આંખના કોર્નિયામાં ફેરફાર તથા કિડની અને હૃદયને નુકસાન થઈ શકે છે. કેટલાક દર્દીઓમાં નાની ઉંમરે સ્ટ્રોક પણ આવી શકે છે. આ રોગની વહેલી ઓળખ થાય તો ચોક્કસ સારવાર ઉપલબ્ધ છે. ADA2 જનીનમાં થતા ફેરફારોને કારણે DADA2 નામનો વારસાગત રોગ થાય છે. તેમાં શરીરની નાની રક્તવાહિનીઓમાં સોજો અને નુકસાન થવાથી વારંવાર સ્ટ્રોક આવી શકે છે. ખાસ કરીને નાની ઉંમરે મગજના કેટલાક ભાગોમાં લોહીનો પ્રવાહ બંધ થવાથી ગંભીર તકલીફો ઊભી થ

કાર્ટૂન કોર્નર - કાનજી



હોરાઈઝન
અનુસંધાન

નવા કપડાં પહેરીએ છીએ, તો વિચારોને પણ નવા અને સકારાત્મક કેમ ન બનાવીએ?

દિવાળી એટલે લક્ષ્મીનું સ્વાગત, પરંતુ લક્ષ્મીનો અર્થ માત્ર નાણાં અને સંપત્તિ નથી. જ્ઞાનની લક્ષ્મી, સ્વાસ્થ્યની લક્ષ્મી, સંતોષની લક્ષ્મી, સંબંધોની લક્ષ્મી અને સમયની લક્ષ્મી પણ એટલી જ મહત્ત્વની છે. કોઈની પાસે અઢળક સંપત્તિ હોય પરંતુ પરિવાર સાથે વિતાવવા માટે સમય ન હોય તો તેની સમૃદ્ધિ અધૂરી છે. કોઈની પાસે મોટું ઘર હોય પરંતુ તેમાં હાસ્ય અને આત્મીયતા ન હોય તો તે ઘરનો પ્રકાશ પણ અધૂરો છે. કદાચ એટલે જ દિવાળીના દીવાઓ આપણને યાદ અપાવે છે કે જીવનમાં પ્રકાશની જરૂર માત્ર ઘરની દીવાલોને નથી, આપણા સંબંધો અને વિચારોને પણ છે.

દિવાળીનો દીવો પોતે બળીને બીજાને પ્રકાશ આપે છે, એ વાત આપણે બાળપણથી સાંભળીએ છીએ. પરંતુ આજના સમયમાં તેનો અર્થ માત્ર ત્યાગ નથી; તે આપણા જીવનમાં જ્ઞાન, કરુણા, ઉદારતા અને જવાબદારીનો પ્રકાશ ફેલાવવાનો સંદેશ પણ છે. એક દીવો બીજા દીવાને પ્રગટાવે તો પોતાનો પ્રકાશ ઓછો થતો નથી. એ જ રીતે કોઈના જીવનમાં ખુશી વહેંચવાથી આપણી ખુશી પણ ઓછી થતી નથી, બલ્કે વધે છે.

જ્ઞાન પોસ્ટ :

આ વર્ષે દિવાળીના દિવસે જ્યારે ઘરના ઉંબરા પર દીવો પ્રગટાવીએ ત્યારે માત્ર લક્ષ્મીજીના આગમનની જ નહીં, પરંતુ ઘરમાં સુખ, શાંતિ, સ્વાસ્થ્ય, સમજણ અને આત્મીયતાના આગમનની પણ પ્રાર્થના કરીએ. કારણ કે અંતે દિવાળીનો સાચો અર્થઆકાશમાં ફૂટતા રંગબેરંગી પ્રકાશમાં નહીં, પરંતુ એકબીજાના જીવનમાં પ્રગટાવેલા નાના-નાના દીવાઓમાં સમાયેલો છે. અંધકાર ગમે તેટલો ગાઢ હોય, એક નાનકડો દીવો તેને પડકારવા માટે પૂરતો છે. આવો, આ દિવાળીએ બહારની રોશનીની સાથે મન અને જીવનમાં પણ થોડો વધુ ઉજાસ પ્રગટાવીએ.

હોટલાઈન
અનુસંધાન

ભારત-પાક યુદ્ધ વખતે આરાસને સેનાને તેના ઓર્ડર મુજબ હાથગોળા - હેન્ડ ગ્રેનેડ બનાવી પુરા પાડ્યા હતા. આપણા શસ્ત્રોના કારખાનામાં આ ગોળાની કિંમત તે વખતે ચાર રૂપિયા પડતી હતી. આરાસને એ સવા રૂપિયાના ભાવે બનાવી આપ્યા હતા.

ફટાકડાની મોસમ ભલે એકમાત્ર દશેરા-દિવાળીના તહેવારો પુરતી ગણાતી હોય, પણ એનું ઉત્પાદન બારે મહિના ચાલુ રહે છે. આથી કામદારોની રોજી કાયમી છે. વર્ષે દેશભરમાં ૩૦૦ કરોડના ફટાકડા માટે, અને એનાથી વધુ કિંમતના માચીસો માટે લેબલો અને પેકિંગોના છાપકામને પહોંચી વળવા અહીં પ્રિન્ટિંગ પ્રેસોની સંખ્યા બહુ જ મોટી છે. આ પ્રેસોમાં બાકીના સમયમાં કેલેન્ડરો જ છપાય છે. થોડા વર્ષો પહેલાં સુધી મુંબઈથી પ્રસિદ્ધ થતા ચિત્રમય દિવાળી અંકોના મુખપૃષ્ઠો તથા રંગીનચિત્રો શિવાકાશીમાં જ છપાતાં શિવાકાશીની આસપાસ પંદર માઈલ સુધી માચીસ, ફટાકડા તથા છાપકામ ઉદ્યોગ ફેલાયેલો હોઈ આ સમગ્ર વિસ્તારમાં ધૂમ્રપાનની મનાઈ છે. શિવાકાશીમાં માચીસના ઢગલા હોવા છતાં સિગારેટ-બીડીનું કોઈ નામ નથી લેતું.

આ વિસ્તારમાં ફેકટરી ઇન્સ્પેકટર તરીકે સેવા બજાવનાર એક અધિકારી કહે છે. ફટાકડાનું ઉત્પાદન અને નિકાસ વધારવાના પ્રયાસો જલ્દી કારગત નીવડતા નથી. કારણ કે આ વિસ્તારમાં મોટી સંખ્યામાં ગેરકાનૂની રીતે ફટાકડા બનાવતા પુષ્કળ યુનિટો છે. કેટલાંક તો નાના ઝૂંપડામાં કે ભોંયરામાં દારૂખાનું બનાવે છે. વળી બાળમજૂરોનું શોષણ પણ હદ બહારનું થાય છે.

માત્ર છ મહિના પહેલાં શિવાકાશી નજીકના કટ્ટાનરપટ્ટી ખાતેની ફટાકડા ફેકટરીમાં ધડાકા સાથે આગ ફાટી નીકળી તેમાં ૨૫ મજૂરો માર્યા ગયા હતા. તે પૂર્વે ૨૦૧૨માં એક મોટી આગ ફાટી નીકળી એમાં ૪૦ કામદારોનું મોત થયું હતું. એક અંદાજ પ્રમાણે છેલ્લા એક દાયકામાં આશરે ૬૪૪ મજૂરોએ આગ ફાટી નીકળવાના કેસમાં જાન ગુમાવ્યો છે. કેટલાંક કેસમાં તો મરનાર મજૂરના પરિવારને વળતર રૂપે રૂા.૫૦૦૦૦ કે એક લાખ જેવી રકમ આપી મામલો પતાવી દેવાય છે. કોઇ મજૂર દાઝી જાય તો તરત તેને તબીબી સારવાર મળે તેવી ઇમરજન્સી મેડિકલ સર્વિસનો પણ અભાવ છે આમ છતાં વિજય જોસેફની સરકાર શિવાકાશીને વિશ્વના નકશામાં ચમકાવવા માંગે છે. હવે ચીન અને હોંગકોંગ નેપાળના રસ્તે ભારતમાં ફટાકડા ઘુસાડવાનું વિચારી રહ્યા છે. જો આમાં તેમને સફળતા મળે તો શિવાકાશીને અસર થાય. બાકી નજીકના ભવિષ્યમાં શિવાકાશીના ફટાકડા ઉદ્યોગને કોઈ હચમચાવી શકે એમ નથી.

તામિલનાડુ સરકારે કેન્દ્રને પત્ર લખી એવી રજૂઆત કરી છે કે જો શિવાકાશી તેમજ દેશના બીજા વિસ્તારોના ફટાકડા ઉદ્યોગની નિકાસ વધારવી હોય તો 'એકસપ્લોઝીવ એક્ટ'માં સુધારા વધારા કરવા પડશે. દારૂખાનાની આઇટમો સીધી ગ્રાહકો પાસે પહોંચે છે અને એ એટલી જોખમી નથી જેટલી ધારી લેવાય છે.

શિવાકાશીની કંપનીઓને યુરોપ અને અમેરિકા ઉપરાંત પોલેન્ડ સ્થિત કંપનીએ આ વર્ષે મોટા ઓર્ડરમાં રસ દાખવ્યો છે. આ કંપનીઓમાં અમુક એવી પણ છે જે અગાઉ ચીનને ઓર્ડર આપતી હતી. હાલમાં તામિલનાડુની સરકાર પણ શિવાકાશીના ફટાકડા અને આતશબાજીને વૈશ્વિક માપદંડો પ્રમાણેનું સ્તર આપવાના પ્રયાસ કરી રહી છે.

તામિલનાડુ સરકારે ચેન્નાઇ તથા થુથુકુડી બંદરોએથી ફટાકડા તથા આતશબાજીની નિકાસ થઇ શકે તેવી માળખાકીય સુવિધાઓની માગણી કરી છે. આ પ્રકારની સુવિધાઓ મળી જાય તો ટૂંક સમયમાં વૈશ્વિક બજારમાં ચીનનો વિકલ્પ બની શકે છે.

મુખ્ય પ્રધાન વિજય જોસેફ મક્કમ મને કાર્યવાહી કરે અને શિવાકાશીનો ઉદ્ધાર થાય તેવા પગલાં ભરે તો આ ફટાકડા નગરનું ભવિષ્ય ભવ્ય આતશબાજી જેવું ઝાકમઝાળ દેખાય.

ઝાકળઝંઝા
અનુસંધાન

અમારું જીવન કોઈના રક્ષણ માટે કામ આવી રહ્યું છે. દેશવાસીઓને અમારી એટલી જ વિનંતી છે કે તમે દિવાળી ધામધૂમથી ઉજવો, પણ એક દીવો સરહદના જવાનોના નામે પ્રગટાવજો.' -સુનિતાએ સીધું કેમેરા સામે જોતા કહ્યું.

દિવ્યરાજે રેકોર્ડિંગ બંધ કર્યું. તેની આંખોમાંથી અશ્રુધારા વહી રહી હતી. તે આગળ વધ્યો અને બંને હાથ જોડીને પલ્લવી અને સુનિતા સામે દંડવત થઈ ગયો. તેનો અવાજ રૂંધાઈ ગયો હતો.

'અમે શહેરોમાં બેસીને આઝાદી અને સુરક્ષાને બહુ હળવાશથી લઈએ છીએ. પણ તમારી એક-એક ક્ષણ, તમારો આ તહેવારોનો ભોગ... એનું ઋણ આ દેશ ક્યારેય ચૂકવી નહીં શકે

કમાન્ડન્ટ રાઠોડે દિવ્યરાજના ખભા પર હાથ મૂક્યો, 'દિવ્યરાજ, રડવાનું નહીં. સેનામાં ન જોડાઈ શક્યા તો શું થયું? તમે આજે અહીં આવીને અમારો તહેવાર યાદગાર બનાવી દીધો. દેશસેવા માત્ર સરહદ પર બંદૂક લઈને નથી થતી, પોતાના કામમાં પ્રામાણિક રહીને, કાયદાનું પાલન કરીને, કોઈને નડતરરૂપ ન બનીને અને સરહદના જવાનોની ભાવનાઓને દેશ સુધી પહોંચાડીને પણ થાય જ છે. તમે આજે એ જ કર્યું છે.' દિવ્યરાજ શાંત થયો અને તેણે ચપટી માટી હાથમાં લઈને પોતાના કપાળે તિલક કર્યું અને સહજ સ્મિત તેના ચહેરા ઉપર આવી ગયું.

કંટકવેધ
અનુસંધાન

કાંતા માટે આ આઘાત ખૂબ કઠિન હતો. એક બે દિવસ તો એની આંખોમાંથી આંસુ સૂકાતા ન હતા, પણ માસૂમ અને નાદાન દીકરા ગુલાબને જોઈને, હવે હિંમત એકઠી કરી અને પોતે હવે સર્વસ્વ જીવન ગુલાબ માટે જીવશે, એવું નક્કી કરી, જીવનને એક અલગ વળાંક આપવાનું નક્કી કર્યું. અને બધું બાજુએ મૂકીને, પોતાના દીકરાના ભવિષ્ય માટે જીવન જીવવાનું શરૂ કર્યું.

અભય બોલી ઊઠે છે, 'વાહ, મા તે મા'.

દુકાનદાર કહે છે, 'મા તો મા જ હોય છે સાહેબ, ભગવાનનું બીજું રૂપ. પણ સંતાનો એ ભગવાનના રૂપની કદર પોતાના સ્વાર્થ માટે નથી કરતા, એનું શું?'

અભય આશ્ચર્યથી પૂછે છે, 'એવું તો શું થયું?'

દુકાનદાર જણાવે છે, 'સર્વસ્વનું બલિદાન આપી ગુલાબને મોટો કરી, એને પોતાનો આધાર માની, કાંતા જીવનમાં કંઈક રાહત અનુભવવા લાગી હતી.'

ગુલાબ પણ અહીંથી પચાસેક કિલોમીટર દૂર એક કંપનીમાં નોકરી કરી ઠીકઠાક કમાવા લાગ્યો.

સમય જતાં, કાંતાએ દીકરા ગુલાબને લગ્ન કરી લેવા માટે કહ્યું. લગ્ન થયા. થોડા સમય બધું બરાબર ચાલ્યું, પણ વહુ દીકરા દુર થવા લાગ્યા.

કાંતાની કમનસીબી, જે એની કાયમની સખી હતી, તેણે પ્રભાવ બતાવી દીધો. દીકરો વહુ, કાયમ માટે ગામ છોડી એ જ કંપનીમાં જે કંપનીમાં નોકરી કરતો હતો, તેની બાજુમાં જ રહેવા જતા રહ્યા અને ફરી કાંતા બાજુ જોવાની દરકાર કરી નહીં.

રાહ જોઈ જોઈને કાંતાની આંખો થાકી ગઈ.

ખાવા-પીવાનું પણ અનિયમિત થઈ ગયું. વર્ષો પછી ઘર પણ તૂટી-ફૂટી ખંડેર થઈ ગયું. કાંતા માટે આ ફટકો અસહનીય હતો.

સાત આઠ વરસ, દીકરાની આ જ અભાન સ્થિતિમાં રાહ જોઈ. ઘર ખંડેર, પોતે અશક્ત, જર્જર અને બિલકુલ અસહાય દશામાં આવી ગઈ.

અચાનક એક દિવસ ગામમાંથી એક ભક્ત મંડળી પસાર થઈ. એ લોકો સાથે કાંતાએ પોતાની આપવીતી કહી. ભક્ત મંડળી સાથે ચર્ચા બાદ ધીમે ધીમે કાંતાના જીવનમાં ફરક આવવા લાગ્યો.

દુકાનદાર જણાવે છે, 'રકમની પોટલી ખંડેરના ઘરમાં મૂકી તો દીધી, પણ કાંતાનું મન પૈસા ચોરી જવાની બીકે ડરવા લાગ્યું. વિચારવા લાગ્યું, પૈસા તો કાલે સવારે આવવાના છે, તો તૂટેલા-ફૂટેલા બારી-બારણાં વગરના ઘરમાં સચવાશે કેવી રીતે ? સલામતી માટે કંઈક તો કરવું પડશે.

આજુબાજુ જે પણ બોરડી, બાવળ, કરમદા વગેરે જે કોઈ કાંટાળા વૃક્ષો દેખાયા, તેની લવાઈ એટલી કાંટાળી ડાળખીઓ લાવી, ઘરની આજુબાજુ વાડ બનાવી દીધી. અને એ જ એણે સૌથી મોટી ભૂલ કરી નાખી.'

અભય આશ્ચર્યથી પૂછે છે, 'કેવી ભૂલ?'

દુકાનદાર જણાવે છે, 'જે ખંડેર આજે સુધી કોઈના માટે પણ સામાન્ય ધ્યાન આપવા જેવી જગ્યા ન હતી, તે સામાન્ય જન માટે તો આજે પણ ન હતી. પણ બાજુના ગામના બે ચોર, જે દારૂ પીવા માટે ગમે તે ઘરની નાની-મોટી ચીજવસ્તુ ચોરી જતા, તેનું ધ્યાન આ કાંટાળી વાડ તરફ ગયું.

અને આ કાંટા ચોરો માટે બાતમીદાર બની ગયા. 'ત્યાં ખંડેરમાં કંઈક તો છે.'

કાંતા મોડી રાત સુધી જાગી. ચોરોએ ધીરજ રાખી. કાંતા આખરે મોડી રાતે ઊંઘમાં પડી ગઈ. ચોરોએ મોકો મળતા, રકમની પોટલી ઉઠાવી ગયા. મનમાં ત્રણ-ચાર મહિના પીવાની વ્યવસ્થા થઈ ગઈ. એવા વિચારો કરતા ખુશી-ખુશી ભાગી ગયા.'

કાંતા સવારે જાગીને જોયું તો રકમની પોટલી ગાયબ. જીવનમાં થોડું સુખપૂર્વક રહેવાનું એનું છેલ્લું સપનું ચકનાચૂર થઈ ગયું હતું.

હતપ્રભ અવસ્થામાં એ કલાકો બેસી રહી હશે. ઘણા લોકોએ એને સાંત્વનાની જગ્યાએ ટોણા માર્યા, 'તારે આ કાંટાળી વાડ કરવાનું કામ શું ? એ કાંટાઓએ જ ચોરના કાનમાં કહી દીધું, 'અહીં ચોરી કરો.'

કાંતા માટે આ ફટકો મરણતોલ હતો. છેલ્લા લગભગ દોઢ વર્ષથી આ જ દશા છે. કોઈ ખાવાનું આપે તો ખાય, કાંટા સાથે ઝઘડો કરે. ક્યારેક હસે, ક્યારેક રડે, તો ક્યારેક કાંટાઓને મારે, તો ક્યારેક કાંટાઓની માફી માગે.

અમને પહેલાં તો આશ્ચર્ય થયું કે એની સાથે કાંટા ભોંકાવાની ક્રિયા થાય છે, પરંતુ એને પીડા કેમ નથી થતી, અથવા તો થતી હશે પણ એના ચહેરા પર વરતાતી કેમ નથી ?

પતિ, પુત્ર, ગુલાબ અને આખરે કાંટાઓ ઉપર શ્રદ્ધા રાખનાર, વિશ્વાસ મૂકનાર કાંતાને, બધા જ ભોંકનાર અને પીડા આપનાર જ સાબિત થયા.

ડૉક્ટર અભય થોડીવાર માટે નિ:શબ્દ બની ગયો. થોડીવાર પછી સ્વસ્થ થવાના પ્રયત્ન કરી બોલ્યો, 'વડીલ, શું એમની પાસે જઈ શકું ?' અને કાંતાની દુ:ખમયી કાંટાળી જીવનકથા સમાપ્ત થાય છે.

કદાચ કોઈ પ્રેમભર્યા શબ્દો, અવાજ, પ્રેમભર્યા દીકરાના સ્પર્શ માટે જ શ્વાસો ટકાવી રાખ્યા હતા.

અભયની આંખોમાંથી આંસુઓની ધારા વહે છે.

'સાહેબ, ગાડી સુધરી ગઈ છે.' રાજુ ડ્રાઈવરનો અવાજ આવે છે.

અભય જેમ તેમ સ્વસ્થ થવા પ્રયત્ન કરે છે, પાકિટમાંથી પૈસા કાઢી દુકાનદારને આપતા કહે છે, 'માજીની અંતિમ સંસ્કાર ક્રિયા કરવા માટે આ રાખી લો.'

અને રાજુ સાથે ઉતાવળે ગાડી તરફ આગળ વધે છે અને કહે છે, 'રાજુ, મુંબઈ નથી જવાનું. બસ, તું મને ફટાફટ મારી મમ્મી પાસે પહોંસાડી દે. અત્યારે મારે એમની પાસે જ જવું છે.'

અને ગાડી ઘર તરફ, મા તરફ ગતિમાન થઈ ગઈ.

સ્પેક્ટ્રોમીટર
અનુસંધાન

ફી આતશબાજી અને સાંસ્કૃતિક મેળો ભરાય છે. ભારતીય મૂળના લોકો અડધોઅડધ છે એવા મોરેશિયસમાં દિવાળી પર સત્તાવાર રાષ્ટ્રીય રજા હોય છે. ઇન ફેક્ટ, એશિયામાં મલેશિયા (મોટાભાગના રાજ્યો), ફીજી, ત્રિનિદાદ એન્ડ ટોબેગો, ગયાના, સુરીનામ, શ્રીલંકા અને નેપાળ જેવા દેશોમાં દિવાળીની રજા હોય જ છે.

ફીજીમાં ૧૮૭૯થી ભારતીય મજૂરો દ્વારા લાવવામાં આવેલી પરંપરા હવે સમગ્ર દેશની જાહેર રજા બની ગઈ છે. દીવા પ્રગટાવવા, ફટાકડા અને સામુદાયિક ભોજન સાથે બિન-ભારતીય લોકો પણ ઉત્સાહથી જોડાય છે. ત્રિનિદાદ એન્ડ ટોબેગોમાં ચાગુઆનાસમાં આવેલું દિવાલી નગર તો ૨૭ એકરમાં ફેલાયેલું છે, જેમાં નવ દિવસ સુધી નૃત્ય, સંગીત, લોકકળા અને ભારતીય ખાદ્યપદાર્થોનો ઇન્ડો કેરેબિયન મેળો ભરાય ડરબન (દક્ષિણ આફ્રિકા)ના સમુદ્ર કિનારે દર વર્ષે વિશાળ દિવાળી મેળો યોજાય છે. થાઈલેન્ડ ને વિએતનામમાં પણ ભારતીય પ્રવાસીઓને રીઝવવા દિવાળી ડેકોરેશન થાય છે.

ગણેશના ફોટોવાળી કરન્સી નોટ ધરાવતા ઇસ્લામિક ઈન્ડોનેશિયા (સુમાત્રા/બાલી) અને મ્યાનમારમાં પણ વર્ષો જૂની પરંપરા મુજબ હિન્દુ સમુદાય દિવાળી ધામધૂમથી ઉજવે. ફ્રાન્સ હોય કે ફિનલેન્ડ. આપણો ગુજરાતી સમાજ પણ દિવાળી સ્નેહમિલન કરે ને પરમિશન લઈને જાહેર જગ્યાએ ફટાકડા ફોડવાનો લુત્ફ લે. હેલસિંકીમાં દિવાળી પર જેવો કલ્યરલ ફેસ્ટિવલ જોયો, એવો તો ભારતમાં નથી જોયો ! ન્યુઝીલેન્ડમાં તો પ્રાઈમ મિનિસ્ટર દિવાળી ઉત્સવમાં પહોંચી જતા હોય એવું બન્યું છે. અરે, યુએસ પ્રેસિડેન્ટ પણ એમની સત્તાવાર ઓવલ ઓફિસમાં દીવો પ્રગટાવે છે દિવાળીનો આપણા ઇન્ડિયન અમેરિકન મિત્રો સાથે. ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ ખાતેના બ્રિટિશ વડાપ્રધાન આવાસમાં દર વર્ષે દીપોત્સવ યોજાય!

આપણે ગયા રવિવારે દિવાળીની ગુજરાતી સ્વાદસફર ફરસાણની માણેલી. પણ ભારતની પાડોશમાં બનતી દિવાળી સ્પેશ્યલ વાનગીઓ બાબતે જાણો છો ? સેલ રોટી નેપાળી તિહાર (દિવાળી)ની સૌથી મહત્વપૂર્ણ વાનગી છે. ચોખાના લોટ, ખાંડ, દૂધ અને ઘીના ખીરામાંથી બનતી આ મીઠી, ક્રિસ્પી રિંગ જેવી દેખાતી વાનગી બહારથી કડક અને અંદરથી સોફ્ટ હોય છે. એમ જ અનરસા ચોખાના લોટ, સાકર અને તલમાંથી બનાવવામાં આવતી મીઠાઈ છે. ગાતો પોટેટો કદી ચાખ્યા છે ? મોરેશિયસમાં શેરડીના ખેતરોના સીમાડે દીવા મુકાય પછી દિવાળી પર ઘરોઘર બનતી આ લોકપ્રિય મીઠાઈ છે. બાફેલા શક્કરિયા અને મેંદાના લોટની પેસ્ટ્રી બનાવી તેમાં છીણેલું નાળિયેર, ખાંડ અને એલચીનું પૂરણ ભરીને સોનેરી તળવામાં આવે છે. ગાતો નેપોલિટાઈનમાં જામથી જોડાયેલા બે બિસ્કિટ જેના પર પિંક આઈસિંગ કરેલું હોય છે.

ત્રિનિદાદ ટોબેગો ગુયાના વગેરેમાં કુરમા બને. જેમાં મેંદામાં ઘી, એલચી અને આદુના મસાલા નાખી એની નાની સળીઓ તળીને તેના પર ખાંડની ઘટ્ટ ચાસણીનું પડ ચડાવી ક્રન્ચી કેરેમલ ઈફેક્ટ આપવામાં આવે. તો મોહનભોગ નામના 'પરસાદ'માં આપણો સત્યનારાયણવાળો શીરો જરા જુદી રીતે લક્ષ્મીપૂજન માટે બને ! ટ્રિની બરફીમાં મિલ્ક પાવડર, ક્રીમ અને ખાંડની ચાસણીમાંથી બનતી બરફી પર વરિયાળીનો ભુક્કો છાંટવામાં આવે ! મલેશિયા અને સિંગાપુરમાં સાઉથ ઇન્ડિયન અસરમાં મુરુક્કુ બને કે અચ્ચુ મુરુક્કુ નામની મેંદા અને નાળિયેરના ખીરાની કૂકીઝ બને ! સુજિયમ એટલા બાફેલી ચણાની દાળ અને ગોળના પૂરણના ગોળા બનાવી તેને મેંદાના ખીરામાં બોળીને તળવામાં આવતું દિવાળી મિષ્ઠાન્ન. ફિજિયન બાબકૂ એટલે તળેલો મીઠો બ્રેડનો ડમ્પલિંગ જે દિવાળીની સવારે ખાસ નાસ્તામાં લેવાય.

નેપાળમાં દિવાળીને 'યમપંચક' તરીકે ઉજવવામાં આવે છે. એમાં માત્ર લક્ષ્મી જ નહીં, પણ પ્રકૃતિ અને પ્રાણીઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની અનોખી પરંપરા છે. કાગ તિહારમાં પ્રથમ દિવસે કાગડા (યમરાજના દૂત) ને અન્ન અર્પણ કરાય. કુકુર તિહારમાં બીજા દિવસે કૂતરાઓને તિલક અને ફૂલોની માળા પહેરાવી તેમની વફાદારી બદલ પૂજા કરવામાં આવે. ગાય અને ગોરુ તિહારમાં ત્રીજા અને ચોથા દિવસે ગાય અને બળદની પૂજા થાય. ભાઈ ટીકામાં પાંચમા દિવસે બહેનો ભાઈના કપાળે સપ્તરંગી તિલક કરીને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે.

કેરેબિયન દેશોમાં વાંસની લીલી ડાળીઓને વાળીને અદ્ભુત આકારો (જેમ કે દીવો, ઓમ, મોર કે કમળ વગરે) બનાવવામાં આવે અને તેના પર હજારો માટીના દીવા ગોઠવીને રોશની થાય. દક્ષિણ પૂર્વ એશિયાના મલેશિયા સિંગાપોર જેવા દેશોમાં દિવાળીને 'હરિ દીપાવલી' કહેવાય. દિવાળીના દિવસે સવારે સૂર્યોદય પહેલાં શરીર પર તિલનું તેલ ચોળીને સ્નાન કરવાનો પવિત્ર 'ગંગા સ્નાનમ' રિવાજ છે. ત્યાં કોલમ એટલે ઘરો અને શૉપિંગ મોલની બહાર રંગોળીના પાવડરને બદલે રંગીન ચોખાના દાણાથી વિશાળ આકૃતિઓ બનાવવામાં આવે છે, જેથી નાના જીવ-જંતુઓ અને પક્ષીઓને ખોરાક મળી રહે.

એમ તો દિવાળીની જેમ જ ચીનમાં નવા વર્ષના ઉત્સવમાં લાલ ફાનસ તરતા મુકાય છે. સ્વીડન નોર્વેમાં સેન્ટ લ્યુસિયા ડેમાં ડાર્ક વિન્ટર વચ્ચે વચ્ચે ૧૩ ડિસેમ્બરે પ્રકાશના આગમનનો તહેવાર છે. જેમાં સફેદ વસ્ત્રો પહેરેલી યુવતીઓ માથા પર મીણબત્તીઓનો સળગતો મુગટ ધારણ કરીને પ્રકાશના ગીતો ગાય ! ફેતે દે લુમિયેર ફ્રાન્સના લિયોન શહેરમાં ડિસેમ્બર મહિનામાં ૪ દિવસ માટે યોજાય છે. અહીંના દરેક ઘરની બારીઓમાં મીણબત્તીઓ મૂકવામાં આવે, અને થ્રીડી લાઇટ શો થાય. યહૂદી સંસ્કૃતિમાં પણ દિવાળી જેવું ૮ દિવસનું પ્રકાશ પર્વ 'હનુક્કાહ' છે.તેમાં મેનોરાહ નામની દીવી પરરાત્રે એક નવી મીણબત્તી પ્રગટાવવામાં આવે છે. હાનુક્કાહ પણ યરૂશાલેમના મંદિરમાં માત્ર ૧ દિવસ ચાલે તેટલા પવિત્ર તેલે ચમત્કારિક રીતે સળંગ ૮ દિવસ સુધી દીપ પ્રગટાવ્યો હોવાની યાદમાં ઉજવાય છે. એ પણ શિયાળામાં આવે ને એમાં ભેટ આપવાની હોય.એમાં 'લાટકેસ' (તળેલા બટાકાના પેનકેક) અને 'સુફગાનિયોત' (જામવાળા ડોનટ્સ) ખવાય.

થાઈલેન્ડમાં દિવાળીના દિવસોની આસપાસ કાર્તિકી પૂર્ણિમાએ જ જળ-ઉત્સવ 'લોય કથોંગ' ઉજવાય છે, જે દિવાળી જેવો જ લાગે. લોકો કેળાના પાંદડામાંથી નાની નાવડીઓ બનાવે છે, તેમાં દીવો, ફૂલો અને ધૂપ મૂકીને રાત્રે નદી કે તળાવના વહેતા પાણીમાં વિસર્જિત કરે છે. આ વિધિ જળ દેવી (અન્નપૂર્ણા)નો આભાર માનવા અને પોતાના જીવનમાંથી નકારાત્મકતા વહાવી દેવા માટે કરવામાં આવે !

બસ, તો આ લેખ યાદ રાખીને હવે જ્ઞાનના પ્રકાશમાં કાળીઅંધારી નેગેટીવીટી વહાવી દેજો સાંતાક્લોઝનો સનાતનના નામે વિરોધ કરવાની ખુજલી ઉપડે તો ! હેપ્પી દિવાળી.

ફાસ્ટ ફોરવર્ડ

હે લક્ષ્મીજી ! હૃદય-કામના આજે આવી અધરે,
કૃપા કરો , કેં લેવા કાજે હાથ કદી ના પ્રસરે.
બની શકે તો સરસ્વતીની સાથે-સાથે આવો,
કાં તો મારા પરસેવાની ધારે-ધારે આવો,
બસ બે રસ્તે સ્વાગત માડી,મુજ મન તમને કગરે.
અણદીઠ રહીને આવો કે મા કુમકુમ પગલે આવો
સુખ-શાંતિના સાચા અર્થો ઘરના મનમાં વાવો,
યાચક આવે આંગણિયે તો હાથ કદી ના થથરે.
ગમે તમોને ત્યાં લગ માડી મુજ ઘર વાસો કરજો,
તમે પધારી હળવેથી , બસ હળવેથી સંચરજો,
જાજો એને ઉંબરિએ, જે મુજથી ઝાઝાં સમરે.
હે લક્ષ્મીજી ! હૃદય-કામના આજે આવી અધરે,
કૃપા કરો, કેં લેવા કાજે હાથ કદી ના પ્રસરે.

(મધુસૂદન પટેલ 'મધુ')

સિનેમા એક્સપ્રેસ
અનુસંધાન

પ્રોફેસરે પોતાની પત્નીને કોઈકની સાથે છાનગપતિયાં કરતી પકડી પાડી હતી. આ ઘટના બની ત્યાં સુધીમાં કદાચ એ એટલા કઠોર બની ચૂક્યા હતા કે એમને કશું સ્પર્શતું જ નથી. પત્નીની બેવફાઈ પણ નહીં! આટલી જલદીથી માફી મળતાં પત્ની ભડકી ગઈ હતી. આ તે કેવો મરદ? મારાં છિનાળાં આંખ સામે જોવા છતાંય પેટનું પાણી સુધ્ધાં હલતું નથી?

રસ્તામાં ઘણું બધું બને છે. સસરા-વહુ વચ્ચે દિલ ખોલીને વાતો થાય છે. વહુ પોતાની પ્રેગ્નેન્સીની વાત પણ કરે છે. પ્રોફેસરની બુઢ્ઢી મા હજુ જીવે છે. એની પણ ઉડતી મુલાકાત લેવામાં આવે છે. પ્રોફેસરને તંદ્રાવસ્થામાં જાતજાતનાં સપનાં આવે છે. લુન્ડમાં માનદ ડિગ્રી એનાયત કરવાની વિધિ તદ્દન ઔપચારિક રીતે પૂરી થાય છે. પેલા ત્રણેય યંગસ્ટર્સ વિદાય લે છે. ચંચળ સારા કહેતી જાય છે: પ્રોફેસર, તમને હજુય ખબર નથી પડી કે હું તમને ખૂબ પ્રેમ કરું છું? પ્રોફેસર રાજી થાય છે. કહે છે: હું તારી આ વાત યાદ રાખવાની કોશિશ કરીશ! દીકરા ઈવાલ્ડ અને વહુ વચ્ચે પેચ-અપ થઈ જાય છે. વહુ આવીને પ્રોફેસરને કહી જાય છે: તમારી સામે મારો કોઈ વિરોધ નથી. આઈ લાઈક યુ! પ્રોફેસરના ચહેરા પર સંતોષ છવાય છે. પોતે જીવનમાં સાવ એકલવાયા નથી એવો સુખદ અહેસાસ તેમને થાય છે. દિવસ પૂરો થાય છે. સાથે ફિલ્મ પણ.

બર્ગમેને આ ફિલ્મની સ્ક્રિપ્ટ હોસ્પિટલમાં બિછાના પરથી લખી હતી. એ અરસામાં બર્ગમેનની કરીઅર શિખર પર હતી, પણ અંગત જીવન વેરવિખેર થઈ ચૂક્યું હતું. બબ્બે ડિવોર્સ પછી ત્રીજાં લગ્ન પણ તૂટું તૂટું થઈ રહ્યાં હતાં. સારાનો રોલ કરનાર એક્ટ્રેસ બીબી એન્ડરસન સાથેનું અફેર તૂટી ચૂક્યું હતું. મા-બાપ સાથેય બનતું નહોતું. આવી મેન્ટલ-ઈમોશનલ અવસ્થામાં બર્ગમેન એક ફિલ્મ બનાવે છે જે ક્લાસિક પૂરવાર થાય છે!

શૂટિંગમાં ઝપાટો બોલાવાવમાં આવ્યો હતો - માંડ દોઢ મહિનામાં તો શૂટિંગ પૂરું! તમે ફિલ્મ જોશો તો સમજાશે કે એમાં કોઈ પ્રકારનો તામ-જામ નથી. સ્વીડનની સ્મૂધ સડકો પર કાર જેમ સડસડાટ વહેતી જાય છે, તેમ ફિલ્મ પણ ફ્લેશબેક-ફ્લેશફોર્વડમાં સરળતાથી ગતિ કરતી રહે છે. ફિલ્મ ફટાફટ પૂરી કરવાનું સૌથી મોટું કારણ તો એના હીરો હતા - વિક્ટર જોસ્ટ્રોમ. બર્ગમેન માત્ર અને માત્ર વિક્ટરને જ મુખ્ય પાત્રમાં લેવા માગતા હતા. મૂગી ફિલ્મોમાં કામ કરી ચુકેલા આ વયોવૃદ્ધ અદાકાર ખૂબ બધી આનાકાનીને અંતે માંડ તૈયાર થયા હતા. વિક્ટરને ડાયલોગ્ઝ યાદ ન રહેતા, મુવમેન્ટ્સ ભૂલી જતા. આવું થાય એટલે એ ચિડાઈ, ઘાંઘા થાય, તે પણ એટલી હદે કે દીવાલ સાથે માથું પછાડવા લાગે! સાંજે સાડાપાંચે એમનો વ્હિસ્કી પીવાનો ટાઈમ થઈ જાય. તેથી કોઈ પણ હિસાબે પાંચ વાગે પેક-અપ કરી દેવાનું એટલે કરી દેવાનું!

ઈન્ગમાર બર્ગમેનને આ ફિલ્મ બનાવવાનો વિચાર ખુદના અનુભવ પરથી આવ્યો હતો. એક વાર તેઓ સ્ટો

અંધકારથી પ્રથમ પ્રકાશ સુધી : ઋષિની વાટ અને વિજ્ઞાનનો દીવડો







દિવાળીની રાત્રે માટીના કોડિયામાં, જ્યારે નાનકડી વાટ પ્રગટે છે. ત્યારે આપણી આસપાસ એક ખૂબ સૂક્ષ્મ અને અદ્‌ભુત ચમત્કાર થાય છે. ચારેય બાજુ ફેલાયેલા ગાઢ અંધકારની વચ્ચે, પ્રકાશનો એક નાનકડો, ઝબૂકતો ટાપુ રચાય છે. આપણે એ કમનીય દ્રશ્યને જોઈને આનંદથી વિભોર થઈ જઈએ છીએ. પણ આપણામાંથી બહુ ઓછા લોકો, એવો ગહન પ્રશ્ન પૂછે છે કે 'પહેલવહેલો આ પ્રકાશ, ક્યારે અને કેવી રીતે જન્મ્યો હશે? શું બ્રહ્માંડની ભવ્ય શરૂઆત કોઈ તેજસ્વી પ્રકાશથી થઈ હતી? કે પછી એવી કોઈ અરૂપ અવસ્થાથી, જેને આપણે આજે અંધકાર કહીએ છીએ?'

ફ્યુચર સાયન્સ

કે. આર. ચૌધરી

આ પ્રશ્ન આજના આધુનિક ખગોળશાસ્ત્રીઓને જેટલો પજવે છે. એટલો જ હજારો વર્ષ પહેલાં, વૈદિકકાળના ઋગ્વેદના ઋષિઓને પણ પજવતો હતો. ફરક માત્ર એટલો છે કે 'આજના વૈજ્ઞાનિક પાસે અત્યાધુનિક ઓપ્ટિકલ ટેલિસ્કોપ અને ગણિતની જટિલ પદ્ધતિઓ છે. જ્યારે પ્રાચીન ઋષિઓ પાસે ગહન મનન, ચિંતન અને કાવ્યાત્મક અંતર્દ્રષ્ટિ હતી.' સાધનો ભલે જુદાં હોય, પણ માનવજાતની મૂળભૂત જિજ્ઞાસા, સદીઓથી એકસરખી જ રહી છે. આખરે વિજ્ઞાન અને વેદાંતની બે સમાંતર યાત્રાઓ એકસાથે કઈ રીતે ચાલે છે? બંને જગત આખરી મહાસત્યને કેવી રીતે જુએ છે?

કોડિયાથી કોસ્મોસના પ્રશ્ન સુધી

લગભગ ૧૩.૮ અબજ વર્ષ પહેલાં, આખું બ્રહ્માંડ અત્યંત ગરમ અને અતિશય ઘન અવસ્થામાં હતું. ત્યારથી લઈને આજદિન સુધી , અવકાશ સતત વિસ્તરતું રહ્યું છે. પરિણામે બ્રહ્માંડ ક્રમશઃ ઠંડું પડતું ગયું છે. અહીં વિજ્ઞાનના અભ્યાસીઓએ, એક સામાન્ય ગેરસમજ ખાસ દૂર કરવી જરૂરી છે. લોકો એવું માને છે કે 'શરૂઆતમાં બિલકુલ પ્રકાશ નહોતો, પછી કોઈ અકલ્પનીય ક્ષણે અચાનક પ્રકાશ પ્રગટ થયો હતો. આ વાત વૈજ્ઞાનિક હકીકતથી વેગળી છે. 'ધ એન્ડ ઓફ ટાઈમ : ધ નેક્સ્ટ રેવલ્યુશન ઈન ફિઝિક્સ'માં, ડૉ. જુલિયન બાર્બર અદ્‌ભુત રીતે સમયનું અસ્તિત્વ, બ્રહ્માંડની શરૂઆતનો 'અંધકાર' અને ક્વોન્ટમ કોસ્મોલોજી વિષે સમજાવે છે.

બ્રહ્માંડમાં પ્રકાશના મૂળભૂત કણો, એટલે કે ફોટોન, વિપુલ પ્રમાણમાં હાજર હતા. ત્યારે સમસ્યા પ્રકાશના અભાવની નહોતી. પરંતુ સમસ્યા પ્રકાશના મુક્ત પ્રવાસની હતી. તે સમયે મુક્ત ઈલેક્ટ્રોન અને અન્ય આવેશિત કણો એટલી પ્રચંડ સંખ્યામાં હતા કે 'ફોટોન સહેજ પણ અંતર કાપે કે, તરત જ પેલા ઈલેક્ટ્રોન સાથે અથડાઈને ચારેય દિશામાં વિખેરાઈ જતા હતાં'. એક સરળ દૈનિક ઉદાહરણ લો : ગાઢ ધુમ્મસવાળી શિયાળાની રાત્રે તમે કારની હેડલાઈટ ચાલુ કરો છો, ત્યારે પ્રકાશ ઘણો હોવા છતાં, તે દૂર સુધી રસ્તો ચીરીને આગળ વધી શકતો નથી. કારણ કે રસ્તા પરના ભેજના સૂક્ષ્મ કણો પ્રકાશના કિરણોને રોકીને ફેલાવી દે છે. બ્રહ્માંડના આરંભનો સમય પણ કંઈક એવો જ હતો : તે અતિશય તેજસ્વી તો હતો, પરંતુ સાથે સાથે અપારદર્શક પણ હતો.

મહાવિસ્ફોટ પછી આશરે ૩,૮૦,૦૦૦ વર્ષનો લાંબો સમય વીતી ગયો, ત્યારે બ્રહ્માંડનું તાપમાન એટલું ઘટ્યું કે મુક્ત ઈલેક્ટ્રોન અને પ્રોટોન જોડાઈને તટસ્થ હાઈડ્રોજન પરમાણુ બનાવી શક્યા. ભૌતિકશાસ્ત્રની ભાષામાં આ મહત્ત્વપૂર્ણ પ્રક્રિયાને રિકૉમ્બિનેશન કહેવામાં આવે છે. જેવા મુક્ત ઈલેક્ટ્રોન ઘટ્યા અને વાતાવરણ શાંત થયું, કે તરત જ ફોટોનનું અંધાધૂંધ વિખેરાઈ જવાનું પ્રમાણ ખૂબ ઘટી ગયું. પરિણામે, ઈતિહાસમાં પહેલી વાર પ્રકાશ, બ્રહ્માંડમાં લાંબા અંતર સુધી, કોઈપણ અવરોધ વગર મુક્તપણે પ્રવાસ કરી શકવા સમર્થ હતો.

બ્રહ્માંડનું બાળપણનું ચિત્ર

ચાલો આપણે સમયના પ્રવાહમાં હજારો વર્ષ પાછળ, વૈદિક કાળ તરફ પ્રયાણ કરીએ. ઋગ્વેદના દસમા મંડળનું ૧૨૯મું સૂક્ત, જે ઈતિહાસમાં નાસદીય સૂક્ત તરીકે વિશ્વપ્રસિદ્ધ છે. આ સૂક્તની સૌથી મોટી વિશેષતા એ છે કે તે 'બ્રહ્માંડની ઉત્પત્તિ વિશે કોઈ એકાંગી, સીધો કે રૂઢિચુસ્ત નિશ્ચિત જવાબ આપતું નથી.' તેને અત્યંત ઊંડા અને દાર્શનિક પ્રશ્નો પૂછે છે. આ સૂક્ત અદ્‌ભુત ભાષામાં કહે છે કે 'તે સમયે ન તો અસત્ હતું, સત્ હતું. આ સૂક્તના ત્રીજા મંત્રમાં આદિ અંધકારનું અત્યંત રહસ્યમય વર્ણન આવે છે :

"तमे आसीत्तमेसा गळहमग्रेऽप्रकेतं सेलिलं सर्वमा इदम् ।
तच्छ्येनाभ्वपिहितं
यदासीत्तपसस्तन्मेहिनाजायतैकम्॥"

જેનો સરલ ભાવાર્થ એવો થાય કે શરૂઆતમાં અંધકાર ગાઢ અંધકારથી જ ઢંકાયેલો હતો. આખી સૃષ્ટિ જાણે કોઈ અસ્પષ્ટ, અપ્રકાશિત અને સુષુપ્ત અવસ્થામાં પડી હતી. અહીં 'તપસ્' શબ્દને સંદર્ભ અને વ્યાકરણ મુજબ ઉષ્મા, આંતરિક આધ્યાત્મિક શક્તિ કે સર્જનાત્મક તીવ્રતા તરીકે સમજાવવામાં આવ્યો છે. આજના વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને જોતા, આપણને ઘણીવાર ઉતાવળિયો નિષ્કર્ષ કાઢવાનું મન થઈ જાય કે 'અહીં ઉષ્મા એટલે કદાચ મહાવિસ્ફોટનું પ્રચંડ તાપમાન!' પરંતુ, બૌદ્ધિક ઈમાનદારી એ કહે છે કે વૈદિક 'તપસ્' ને કેલરી કે તાપમાન ઊર્જા સાથે સીધી રીતે સરખાવી દેવું, એ ઉતાવળિયું પગથિયું છે. આ નાસદીય સૂક્તની સૌથી અદ્‌ભુત અને ક્રાંતિકારી વાત તેનો અંતિમ ભાગ છે. તે અત્યંત નમ્રતાપૂર્વક પ્રશ્ન કરે છે કે 'આ વિશાળ સૃષ્ટિ આખરે ક્યાંથી અને કેવી રીતે આવી? તે સાચી વાત કોણ જાણે છે? અને પછી તે જાતે જ, તત્ત્વચિંતકની ગંભીરતાથી ઉમેરે છે કે 'કદાચ સર્વોચ્ચ આકાશમાં બિરાજેલો, તેનો પરમ અધ્યક્ષ, આ બધું જાણતો હશે. કદાચ ન પણ જાણતો હોય. જ્ઞાનની મર્યાદા અને પોતાના અજ્ઞાનનો ખુલ્લો સ્વીકાર દુનિયાના સાહિત્યમાં વિરલ છે. નાસદીય સૂક્તનું અસલી મહત્ત્વ, કેવળ અંધકારના કાવ્યાત્મક વર્ણનમાં નથી, પરંતુ પ્રકૃતિના મૂળ વિશે, અનંત પ્રશ્નો પૂછવાની અને અજ્ઞાત પ્રત્યે વિનમ્ર રહેવાની, આ વૈજ્ઞાનિક બૌદ્ધિક વૃત્તિમાં રહેલું છે.

પ્રકાશઃ ૩,૮૦,૦૦૦ વર્ષ પછીની આઝાદી

પ્રાચીન સમયનો એ પ્રકાશ, અબજો વર્ષોની સફર ખેડીને, આપણા સુધી પહોંચે છે. સમયના વિશાળ કેનવાસ પર ખેંચાઈને અને ઠંડા પડીને, હવે તે માઈક્રોવેવ તરંગોના સ્વરૂપમાં દેખાય છે. જેને વિજ્ઞાન જગતમાં કોસ્મિક માઈક્રોવેવ બેકગ્રાઉન્ડ તરીકે ઓળખવામાં આવે છે. આપણે આજના આધુનિક ઉપકરણો દ્વારા શોધી શકીએ છીએ, તેવા સૌથી પ્રાચીન પ્રકાશીય સંકેતોમાંનો આ એકમાત્ર અદ્‌ભુત પુરાવો છે. એક રીતે જોવા જઈએ તો, આ CMBએ આપણા સમગ્ર બ્રહ્માંડનું સૌથી જૂનું અને અસલ બાળપણનું ચિત્ર છે. પરંતુ બ્રહ્માંડનું આ કથાચિત્ર અહીં પૂરું થતું નથી. 'ધ ફેબ્રિક ઓફ ધ કોસ્મોસ : સ્પેસ, ટાઈમ, એન્ડ ધ ટેક્સચર ઓફ રિયાલિટી' નામનાં પુસ્તકમાં લેખક બ્રાયન ગ્રીન, અવકાશ, સમય અને શૂન્યાવકાશમાં રહેલા ક્વોન્ટમ પ્રવાહો તથા બ્રહ્માંડની ઉત્પત્તિના ભૌતિક નિયમો પણ સમજાવે છે.

બ્રહ્માંડ ભલે પારદર્શક બની ગયું હતું. પરંતુ તે હજી શિશુ અવસ્થામાં હતું. હજી સુધી આકાશમાં તેજસ્વી તારાઓ કે વિશાળ આકાશગંગાઓ જેવા, પ્રકાશના નવા સ્ત્રોતો રચાયા નહોતા. વિજ્ઞાન આ વિશિષ્ટ સમયગાળાને કોસ્મિક ડાર્ક એજિસ એટલે કે અંધકારનાં યુગો કહે છે. આ લાંબા કાળખંડમાં, બ્રહ્માંડમાં ચારેય બાજુ માત્ર હાઈડ્રોજન અને હિલિયમનાં અતિશય વિશાળ વાદળો ફેલાયેલાં હતાં. ગુરુત્વાકર્ષણ અદ્રશ્ય હાથે આ વાદળોને ધીમે-ધીમે એકાકાર કરી રહ્યું હતું. અંતે ઈતિહાસની એ મહાન ક્ષણ આવી પહોંચી. થોડાક સો મિલિયન વર્ષો પછી, આ ગાઢ વાદળોના કેન્દ્રમાં દબાણ અને તાપમાન, એટલાં બધાં વધી ગયાં કે 'ત્યાં પરમાણુ ભઠ્ઠીઓ સળગી ઉઠી અને ન્યૂક્લિયર ફ્યુઝનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ.' આ પ્રક્રિયા સાથે જ બ્રહ્માંડમાં સૌપ્રથમ વાર તારાઓનો જન્મ થયો હતો. તેમણે તદ્દન નવો, સ્વયંભૂ પ્રકાશ ઉત્પન્ન કર્યો. હવે બ્રહ્માંડના, આ લાંબા અંધકારમય યુગનો કાયમ માટે અંત આણ્યો. આ પ્રથમ તારાઓ ચોક્કસપણે ક્યારે અને કેવી રીતે રચાયા? તે અંગેનું સંશોધન ખગોળશાસ્ત્રીઓ આજે પણ સક્રિય રીતે કરી રહ્યાં છે. આપણા અત્યાધુનિક અવકાશ ટેલિસ્કોપો, આ રહસ્ય પરથી પડદો હટાવવામાં રાત-દિવસ એક કરી રહ્યા છે.

બે માર્ગ, એક મંઝિલ

છાંદોગ્ય ઉપનિષદના છઠ્ઠા અધ્યાયમાં 'સત્' એટલે કે પરમ અસ્તિત્વની ચર્ચા વિસ્તૃત રીતે કરવામાં આવી છે. ત્યાંથી જગતની ઉત્પત્તિનો એક આગવો દાર્શનિક દ્રષ્ટિકોણ રજૂ થાય છે. બીજી બાજુ, તૈત્તિરીય ઉપનિષદ, બ્રહ્મમાંથી આકાશ, આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિમાંથી જળ અને જળમાંથી પૃથ્વી ઉત્પન્ન થવાનો એક ક્રમિક વિકાસ વર્ણવે છે. 'પ્રકાશ' અને 'અંધકાર' જેવા શબ્દોના બે-ત્રણ સ્તરો જોવા મળે છે:

ભૌતિક પ્રકાશ : આ ઈલેક્ટ્રોમેગ્નેટિક વિકિરણ, ફોટોન અને તારાઓની પ્રચંડ ઊર્જા છે, જેનો અભ્યાસ શુદ્ધ ભૌતિકશાસ્ત્ર કરે છે. **દાર્શનિક પ્રકાશ :** આ માનવ જીવનમાં જ્ઞાન, બોધ, ચેતના અને પરમ સત્યની પ્રાપ્તિનું શાશ્વત પ્રતીક છે. **અંધકાર :** આ ભૌતિક અર્થમાં પ્રકાશનો અભાવ છે, અને દાર્શનિક અર્થમાં અજ્ઞાન, ભ્રમ અથવા અજ્ઞાતનું પ્રતીક છે.

બંને ક્ષેત્રો વચ્ચે એક ખૂબ જ સુંદર અને આશ્ચર્યજનક સામ્ય જોવા મળે છે : આધુનિક 'ધ હિડન રિયાલિટી : પેરેલલ યુનિવર્સિસ એન્ડ ધ ડીપ લોઝ ઓફ ધ કોસ્મોસ' પુસ્તકનાં લેખક બ્રાયન ગ્રીન, બ્રહ્માંડના આરંભના તબક્કા અને આદિ અસ્તિત્વના વિવિધ પરિમાણો સમજાવે છે. જ્યારે નાસદીય સૂક્તનો અંધકાર 'કોસ્મિક ડાર્ક એજિસ' મુખ્યત્વે સૃષ્ટિના સર્જન પહેલાંની અસ્પષ્ટ, અવ્યક્ત અને સુષુપ્ત અવસ્થાનું દાર્શનિક ચિંતન રજુ કરે છે. જો આપણે તુલના કરીએ તો, નાસદીય સૂક્તનો અંધકાર મુખ્યત્વે સૃષ્ટિના સર્જન પહેલાંની અસ્પષ્ટ, અવ્યક્ત અને સુષુપ્ત અવસ્થાનું દાર્શનિક ચિંતન છે. જ્યારે વિજ્ઞાનનો 'કોસ્મિક ડાર્ક એજિસ'એ એક ચોક્કસ, માપી શકાય એવો ભૌતિક સમયગાળો છે. પહેલાનો આધરે સંપૂર્ણ દાર્શનિક અને કાવ્યાત્મક અંતર્દ્રષ્ટિ છે. વિજ્ઞાનની પરિભાષામાં કહીએ તો, ઋષિમુનિઓની જીજ્ઞાશા, એક પ્રકારની હાઈપોથિસીસ છે. જેના સંભવત પરિણામ શું હોઈ શકે? તેનો નિર્દેશ પણ કરે છે. જ્યારે બીજાનો આધાર, હાઈપોથિસીસને સાચી સાબિત કરવા માટેના પુરાવા અને પ્રમાણ શોધે છે. પહેલાનો મુખ્ય પ્રશ્ન એ છે કે 'આ અસ્તિત્વ મૂળભૂત રીતે કેવી રીતે ઊભું થયું?' જ્યારે બીજાનો પ્રશ્ન એ છે કે 'આ આપણું બ્રહ્માંડ કઈ-કઈ ભૌતિક પ્રક્રિયાઓમાંથી પસાર થઈને વિકસ્યું છે?'

ગરીબીમાં ખીલ્યાં પારિજાતનાં ફૂલ

ક્યારેક કોઈ દ્રશ્ય વ્યક્તિના મનમાં એવું અંકિત થઈ જાય છે કે એને વિશે વિચારવા એ મજબૂર બની જાય છે અને એના જીવનની દિશા બદલાઈ જાય છે. આવું જ કંઈક ઉત્તમ ટેરોનના જીવનમાં બન્યું. અસમના કામરૂપ જિલ્લાના પામોહી ગામમાં રહેતા ઉત્તમ ટેરોનના પિતા રેલવેમાં નોકરી કરતા હતા અને માતા ગૃહિણી હતા. બી.એસસી.ની ડિગ્રી મેળવનાર ઉત્તમ આમ તો છેલ્લી પાટલીએ બેસનાર વિદ્યાર્થી હતો. તેઓ કહે છે કે અભ્યાસ કરાવવું તેમને ખૂબ કંટાળાજનક લાગતું, પરંતુ એક દિવસ મિત્રોની સાથે ગામમાં ફરતા હતા, ત્યારે તેમણે બાળકોને પાણીમાં રમતા જોયા. તેમણે વિચાર્યું કે આ સમય તો બાળકોના સ્કૂલનો છે તો તેઓ અહીં શું કરે છે ? તેમણે બાજુમાં ઊભેલા માતા-પિતાને આનું કારણ પૂછ્યું. તેને જાણવા મળ્યું કે આ બાળકો જંગલમાં જઈને સૂકી લાકડીઓ લાવી દે છે અથવા ખેતરમાં મજૂરી કરે છે. જો એમને સ્કૂલમાં મોકલે તો ઘરની આવક બંધ થઈ જાય અને સામે સ્કૂલે જવાનો, પુસ્તકો અને નોટબુકનો ખર્ચ થાય, તે કેવી રીતે પોષાય ?



ઉત્તમના મનમાં આ ઘટનાના થોડા દિવસ પહેલાં જ વિચાર આવેલો કે સરકારી સ્કૂલમાં અભ્યાસ કરતાં બાળકો જે પાંચમા-છઠ્ઠા ધોરણ પછી અભ્યાસ છોડી દે છે તેમને મદદ થઈ શકે અને તે મેટ્રિક સુધીનો અભ્યાસ કરી શકે તે માટે એક લર્નિંગ હોવું જોઈએ. ઉત્તમે બાળકોના માતા-પિતાને કહ્યું કે, 'આ બાળકોને કાલથી મારી પાસે મોકલજો એમને હું મફતમાં અભ્યાસ કરાવીશ.' ઘરે આવીને પોતાની ગૌશાળાનો એક ભાગ ખાલી કર્યો, વાંસની દીવાલ બનાવી, તેના પર ટીનની છત નાખી. ખિસ્સામાં આઠસો રૂપિયા, એક બોર્ડ, બે બેંચ અને ચાર ગરીબ વિદ્યાર્થીઓ સાથે ૨૦૦૩માં પારિજાત એકેડેમીની સ્થાપના કરી. શિક્ષક બનવાની અનિચ્છા દર્શાવતા ઉત્તમનું આ કામ જોઈને માતા-પિતાએ વિચાર્યું કે આ એક ક્ષણિક આવેશ છે. થોડા સમયમાં શાંત થઈ જશે, પરંતુ બીજી બાજુ પારિજાત એકેડેમીમાં ચારમાંથી દસ અને દસમાંથી અઢાર બાળકો થઈ ગયાં. પિતાએ ઘરની બાજુમાં પોતાની થોડી જમીન હતી તે આપીને કહ્યું કે આ કામ જ કરવું હોય તો વ્યવસ્થિત રીતે કર.

ઉત્તમ ટેરોન કહે છે કે જ્યારે તેમણે આ એકેડેમી શરૂ કરી, ત્યારે તેમને એમ હતું કે આ બે-ત્રણ વર્ષ ચાલશે અને પછી બાળકોને સરકારી સ્કૂલોમાં પ્રવેશ અપાવીશ...

બાળકોની નિર્દોષતા અને નાજુકતાના પ્રતીક તરીકે એકેડેમીનું નામ પારિજાત ફૂલ પરથી રાખવામાં આવ્યું હતું. જ્યારે નિઃશુલ્ક અભ્યાસ કરાવવાની વાત આવી તો માતા-પિતા બાળકોને પારિજાત એકેડેમીમાં મોકલવા લાગ્યા. ઘણા બાળકો ત્રીસ-પાંત્રીસ કિમી. દૂર જંગલનાં ગામોમાંથી આવતા હતા. તેનો રસ્તો પણ સારો નહોતો, તેથી આવાં બાળકો માટે આવવા-જવાનું મુશ્કેલ બનતું. તેમણે આવાં બાળકોને પોતાને ઘરે રાખ્યા અને તેમની માતા આ બાળકોનું ભોજન બનાવતી. ગરીબ લોકો ફી નહોતા આપી શકતા, પરંતુ કેટલાક ચોખા આપી જતા, તો કેટલાક શાકભાજી. કોઈ સ્વેચ્છાએ પચાસ-સો રૂપિયા આપતા. ઉત્તમ ઘણી વાર દાતાઓને ઈમેલ કરતા, પરંતુ એકસો ઈમેલમાંથી માંડ બે-ત્રણ જવાબ મળતા, અસમ-મેઘાલય બોર્ડરના દૂરનાં ગામોનાં બાળકો હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે, જેની ક્ષમતા સાઠ બાળકોની છે. ક્યારેક શિક્ષકોને પગાર આપી શકાતો નહીં, પરંતુ નિઃસ્વાર્થ ભાવથી શિક્ષણનું કામ કરનાર ઉત્તમ ટેરોનને જોઈને ઘણા શિક્ષકોએ એમને સાથ આપ્યો.

ઉત્તમ ટેરોન કહે છે કે જ્યારે તેમણે આ એકેડેમી શરૂ કરી, ત્યારે તેમને એમ હતું કે આ બે-ત્રણ વર્ષ ચાલશે અને પછી બાળકોને સરકારી સ્કૂલોમાં પ્રવેશ અપાવીશ, પરંતુ આજે તો આ સ્કૂલ અસમ સ્ટેટ બોર્ડ સાથે જોડાઈ ગઈ છે. નર્સરીથી દસમા ધોરણ સુધી બાળકો અભ્યાસ કરે છે. એમાં લાઈબ્રેરી, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર અને કમ્પ્યૂટર લેબ પણ છે. બાળકોને અસમિયા, હિન્દી, અંગ્રેજી, સોશિયલ સાયન્સ અને ગણિત જેવા વિષયો ઉપરાંત જરૂરિયાતમંદ બાળકોને કમ્પ્યૂટર લર્નિંગ, સિલાઈ, સ્પોર્ટ્સ અને નૃત્યની તાલીમ પણ આપવામાં આવે છે. ખેતી, ભરતકામ, સિલ્કની સાડી અને શાલ બનાવતા પણ શીખવે છે. નાટક, સર્વાઈવલ ટ્રેનિંગ કેમ્પ, ટ્રેકિંગ કેમ્પ અને સ્કીલ ડેવલપમેન્ટને કારણે બાળકો સરકારી સ્કૂલ કરતાં અહીં અભ્યાસ કરવાનું વધુ પસંદ કરે છે.

આજકાલ

પ્રીતિ શાહ

પારિજાત એકેડેમી ભારત તેમજ વિદેશથી આવતા સ્વયંસેવકોમાં લોકપ્રિય બની રહી છે. જે ચિત્ર, રમતગમત, આર્ટ ઍન્ડ ક્રાફ્ટ તેમજ યોગ જેવી વિવિધ પ્રવૃત્તિમાં બાળકોને મદદ કરે છે, તેમ છતાં આવી સ્કૂલ ચલાવવી મુશ્કેલ છે, કારણ કે એક બાળકના અભ્યાસનો મહિને ચારસો રૂપિયા ખર્ચ આવે છે. શિક્ષકો પણ સ્કૂલ ચલાવવા માટે પેન્સિલ, જૂની સ્કૂલ બેગ, પુસ્તકો, કપડાં, કમ્પ્યૂટર, શાકભાજી, ચોખા જેવી વસ્તુઓ એકત્રિત કરે છે. આ સ્કૂલમાંથી આજ સુધીમાં આશરે બે હજાર બાળકો દસમું ધોરણ પાસ કરીને પોલીસમાં કે સરકારી સ્કૂલોમાં નોકરી કરી રહ્યા છે. બે-ત્રણ વિદ્યાર્થી પરદેશ ગયા છે. વિદ્યાર્થિનીઓ હસ્તકલાનું કૌશલ્ય શીખીને આત્મનિર્ભર બની રહી છે. નિઃસ્વાર્થભાવે શિક્ષણનું કામ કરનાર ઉત્તમ ટેરોનને ઘણા ઍવૉર્ડ મળ્યા છે. આમાંથી ઉત્તમ ટેરોન એક પૈસો પણ કમાયા નથી, પરંતુ તેમના કહેવા પ્રમાણે આ કામ લાખો ડૉલરથી પણ ન ખરીદી શકાય એવો સંતોષ અને આનંદથી તેઓ માલામાલ છે.

સંઘર્ષને પાર વસતી સિદ્ધિ

અફઘાનિસ્તાનના ફરયાબ પ્રાંતની રાજધાની મૈમાનામાં ફરીબા હાશિમીનો જન્મ ૨૦૦૩ની ૨૨મી એપ્રિલે થયો હતો. તે સમયે તાલિબાન શાસનને સ્થાને હમીદ કરજઈનું શાસન આવ્યું. અફઘાનિસ્તાનના લોકોના મનમાં આશાનો સંચાર થયો કે હવે થોડી સ્વતંત્રતા મળશે. છોકરીઓ ભણી શકશે.

ફરીબા અને તેની મોટી બહેનને સ્પોર્ટ્સમાં ઊંડો રસ હતો, પરંતુ તે જે સમાજમાં રહેતી હતી ત્યાં છોકરીઓ પર અનેક પ્રકારની પાબંદીઓ હતી તેથી માતા-પિતા પણ તેમને વારંવાર ચેતવણી આપતા, કારણ કે તેઓ નહોતા ઇચ્છતા કે તેમની પુત્રીઓ પર કોઈ મુસીબત આવે. તેની મોટીબહેન યુલદુલ હાશિમીને સાઇકલ ચલાવવી ખૂબ ગમતી. ૨૦૧૭માં ફરયાબમાં સ્થાનિક કક્ષાએ સાઇકલ ચલાવવાની હરીફાઈ યોજવામાં આવી હતી. બંને બહેનોએ તેમાં ભાગ લેવાનું નક્કી કર્યું, પરંતુ આ એક મૂર્ખતાપૂર્ણ દુઃસાહસ હતું, કારણ કે સાઇકલ ચલાવવાની વાત તો દૂર, એમની પાસે સાઇકલ પણ નહોતી. જોકે એમની પડોશમાં રહેતી એક વ્યક્તિ પાસે સાઇકલ હતી. તેમની પાસે તેમણે થોડો સમય ચલાવવા માટે માગી અને થોડા કલાકોમાં બંને બહેનોને તે ચલાવતા પણ આવડી ગઈ. હવે બંને બહેનો વિચારવા લાગી કે એની તાલીમ કેવી રીતે મેળવવી ? યુલદુલ સત્તર વર્ષની અને ફરીબા ચૌદ વર્ષની હતી. બંનેએ ઢીલા કપડાં પહેરવાનું શરૂ કર્યું. મોઢા પર બે-ત્રણ માસ્ક પહેરીને તેના પર ગોગલ્સ પહેરતી. તેમણે પોતાના નામ પણ બદલી નાખ્યા હતા. સાઇકલ ચલાવવા પ્રત્યે એટલો તીવ્ર પ્રેમ હતો કે તેમણે પોતાની ઓળખ છોકરા તરીકે ઉપસાવી હતી.

ફરીબા અને યુલદુલ જ્યારે સાઇકલ ચલાવતા અને કોઈ કટ્ટરપંથીઓને ખબર પડી જતી તો તેઓ તેમને કાર કે રિક્ષાથી ટક્કર મારતા...



સાઇકલ સ્પર્ધાનું આયોજન થયું અને બંને બહેનો પ્રથમ અને દ્વિતીય સ્થાને વિજેતા બની. આ પછી તો ઘણી સ્પર્ધાઓમાં ભાગ લીધો, પરંતુ એક વખત એક સ્થાનિક અખબારે ફરીબાની તસવીર પ્રકાશિત કરી દીધી અને અત્યાર સુધી ગુપ્ત રાખેલી હકીકત જાહેર થઈ ગઈ. માતા-પિતા તો ત્યાંની પરંપરા અને રીતરિવાજોથી બંધાયેલા હતા. તેમણે પોતાની પુત્રીઓને સાઇકલ ચલાવવાનું છોડી દેવા કહ્યું, પરંતુ સાઇકલ સ્પર્ધામાં લગાતાર જીત મેળવતી યુલદુલ અને ફરીબા માટે હવે સાઇકલ છોડવાનું અશક્ય હતું. માતા-પિતા માટે તેમની પુત્રીઓની ખુશી મહત્ત્વની હતી. બંને બહેનોએ માતા-પિતાને પોતાને સાઇકલ ચલાવવા માટે રાજી કરી દીધા અને મંજૂરી મેળવી લીધી, પરંતુ સમાજમાં એવા કેટલાય લોકો હતા કે જેમને સ્ત્રીઓ સાઇકલ ચલાવે તે મંજૂર નહોતું. તેથી ફરીબા અને યુલદુલ જ્યારે સાઇકલ ચલાવતા અને કોઈ કટ્ટરપંથીઓને ખબર પડી જતી તો તેઓ તેમને કાર કે રિક્ષાથી ટક્કર મારતા. આ બધાને કારણે સાઇકલ ચલાવવાનું છોડી દેવાને બદલે તેમની હિંમત વધતી ગઈ. બંને બહેનો તો વૈશ્વિક પ્રતિસ્પર્ધામાં પોતાના દેશનું પ્રતિનિધિત્વ કરવાના સ્વપ્નાં જોવા લાગી હતી.

પરંતુ આ સ્વપ્નાં ત્યારે તૂટી ગયા જ્યારે ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં ફરી તાલીબાનનું શાસન આવ્યું. તાલીબાન સરકારે આવતાવેંત જ એક પછી એક એવા ફરમાન કાઢ્યા કે મુક્તિની તમામ આશાઓ પર પાણી ફરી વળ્યું. મહિલાઓ સાર્વજનિક રમતોમાં ભાગ ન લઈ શકે કે ન પાર્ક કે જિમમાં જઈ શકે. પુરુષ વિના પ્રવાસ પણ કરી શકે નહીં. આવી પરિસ્થિતિમાં અફઘાનિસ્તાનમાં તે બંને બહેનો માટે આ ક્ષેત્રમાં આગળ વધવાની કોઈ સંભાવના નહોતી.

ઈટલીની વિશ્વ ચેમ્પિયન સાઈકલીસ્ટ એલેસાંદ્રા કપિલોત્તોની મદદથી ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાંથી ભાગીને બંને બહેનો ઈટલી પહોંચી. એલેસાંદ્રા કપિલોત્તો અને એની સંસ્થાએ ઈટલીમાં તેમની રહેવાની અને તાલીમની વ્યવસ્થા કરી. યોગ્ય માર્ગદર્શન અને અગણિત તકો મળવાથી ફરીબા હાશિનીએ અનેક સ્પર્ધાઓમાં ભાગ લીધો અને જીત મેળવી. ૨૦૨૨માં તેણે અફઘાનિસ્તાનની મહિલા રોડ ચેમ્પિયનશીપમાં જીત મેળવી. ત્યારબાદ ધ યુનિયન સાઈક્લિસ્ટે ઈન્ટરનેશનલ સ્વીકૃત દોડ જીતનારી પ્રથમ મહિલા અફઘાન સાઈકલચાલક બની. ૨૦૨૩માં ઈઝરાયલ પ્રીમિયમ ટેક રોલેન્ડ ડેવલપમેન્ટમાં ભાગ લીધો. ૨૦૨૪માં ફરીબા હાશિમી અને તેની મોટીબહેન યુલદુલ હાશિમીએ પેરિસમાં રમાયેલ ગ્રીષ્મકાલીન ઓલિમ્પિકમાં અફઘાનિસ્તાનનું પ્રતિનિધિત્વ કર્યું અને હાલમાં જાપાનના આઈચી-નાગોયામાં રમાયેલ એશિયાઈ રમતોત્સવમાં ૨૦૨૬ની ૨૨મી સપ્ટેમ્બરે સાઈક્લિંગમાં રજત ચંદ્રક જીતનારી પ્રથમ અફઘાન મહિલા બની. એટલું જ નહીં ૨૦૦૨ પછી એશિયાઈ રમતોત્સવમાં અફઘાનિસ્તાનની પ્રથમ મહિલા ચંદ્રકવિજેતા બની. ફરીબાએ જ્યારે ફિનિશ લાઈન ક્રોસ કરી, ત્યારે આટલા વર્ષોનો ભય, અનિશ્ચિતતા અને તડપ એક ક્ષણ માટે અદ્રશ્ય થઈ ગયા. ફરીબા કહે છે કે તેને માટે ચંદ્રક કરતા તે પોડિયમ સુધી પહોંચવું મહત્ત્વનું હતું. માત્ર અફઘાનિસ્તાનમાં જ નહીં, પરંતુ જે મહિલાઓ અંધકારમાં જીવે છે અને તેના જેવી પરિસ્થિતિનો સામનો કરી રહી છે, તેવી લાખો મહિલાઓનો તે અવાજ છે.

આજની દિવાળી

ત્યારે દિવાળી એ ભારતીય પરંપરાનું મુખ્ય પર્વ ગણાતું, આજે તેનો ઉજાસ ઓછો થઈ રહ્યો છે. પાશ્ચાત્ય શૈલી જીવનમાં એવો તો પગપેસારો કરી ગઈ છે કે આપણાં પર્વો પર પણ એની અસરો પડી છે. આપણે 'વર્ષગાંઠ'માં માનનારા 'બર્થ ડે'ના રવાડે ચઢી ગયા છીએ. દિવાળી-હોળી જેવા પર્વો પુરા દિલથી ઊજવતા હતા એમાં 'ફોર્માલિટી' પ્રવેશી ગઈ છે. એ સડો ત્યાંથી આગળ વધી આપણા પારિવારિક

આજમાં ગઈકાલ

ભગીરથ બ્રહ્મભટ્ટ

સંબંધો સુધી વિસ્તર્યો વકર્યો છે. ભાઈ-ભાઈ વચ્ચેનો ભાઈચારો ક્યાં ગયો ? ભાઈ-બેન વચ્ચેનો ભાવ ક્યાં ગયો ? મા-દીકરા વચ્ચેની મમતા ક્યાં ગઈ ? મામા-ભાણેજ વચ્ચેનો ભાવ ક્યાં ગયો ? કાકા- ભત્રીજા વચ્ચેનો સ્નેહ ક્યાં ગયો ? ફોઈ- ભત્રીજા વચ્ચેનો સંબંધ કેમ શિથિલ બન્યો ? સંબંધોમાં આત્મીયતા ક્યાં ખોવાઈ ? ગામ સાથેનો નાતો

જોબ સેટિસ્ફેક્શન એ મેનેજમેન્ટનું અગત્યનું કાર્ય



કંપની કે સંસ્થાનું એક કામ પોતાના કર્મચારીઓનો કાર્ય સંતોષ (જોબ સેટીસફેકશન) વધારવાનું છે. કર્મચારીઓના જીવન સંતોષ (લાઈફ સેટીસફેકશન)નો એક અગત્યનો ભાગ કાર્ય સંતોષ (જોબ સેટીસફેકશન) છે. અલબત્ત અનેક કારણોસર એવું પણ બની શકે છે કે કર્મચારીને કાર્ય સંતોષ હોય પરંતુ

મેનેજમેન્ટ

ધવલ મહેતા

અનેક સામાજીક અને કૌટુંબિક કે વ્યક્તિગત કારણોસર તેને જીવન સંતોષ (લાઈફ સેટીસફેકશન)ના હોય એવું પણ બને છે કે અમુક કર્મચારીઓને જીવન સંતોષ હોય પરંતુ કાર્ય સંતોષ (જોબ સેટીસફેકશન) ના હોય. વળી કોઇકવાર તમારા ઉપરી 'સેડીસ્ટીક' (પરપીડન વૃત્તી ધરાવતા) પણ હોઈ શકે છે. કાર્ય અસંતોષ : કાર્યમાં અસંતોષના અનેક કારણો હોઈ શકે કામમાં તમારી બુદ્ધિશક્તિ કે અહમવૃત્તિનો ઉપયોગ ના થાય અને તમારે અલબત્ત કામ કરવું પડે અને આ કામ એટલું યંત્રવત્ હોય કે તમને એમાં મઝા જ ન પડે. વળી તમારા નોકરીમાં તમારે એટલી બધી મુસાફરી કરવી પડે કે તમને તમારા કુટુંબ સાથે રહેવાનો ઘણો ઓછો સમય મળે અથવા તમારા ઉપરી તમારા કામમાં બીનજરૂરી વારંવાર ભૂલો કરે છે અને તમને ધમકાવે છે અથવા તમારા સહકાર્યકરોની હાજરીમાં તમારૂ અપમાન કર્યા કરે કે કટાક્ષપૂર્ણ વાત કરે તો પણ તમારૂ જોબ સેટીસફેકશન મોટું થઈ જાય છે. વળી અનેક વર્ષો સુધી એકધારૂં પ્રામાણિક કામ કર્યા છતાં તમને કંપનીમાં બઢતી જ ના મળે અથવા તમારી સાથે કામ કરતા સહકાર્યકરને સગાવહાલાવાદ હેઠળ બઢતી મળે ત્યારે પણ તમને નોકરી કરવાના સ્થળે હતાશા ઊભી થાય છે.

વળી કોઈ કારણસર તમને તમારા સોંપેલા કામમાં રસ જ ના પડે તો તેને માટે આપણે એમ કહીએ છીએ કે તમારૂ વર્ક ઈન્વોલ્વમેન્ટ કે જોબ ઈન્વોલ્વમેન્ટ ઘણું ઓછું છે ઘણીવાર કર્મચારીનું જોબ ઓડીટ કરીને તેની કુશળતા પ્રમાણે તેને રસ પડે તેવું કામ આપવાથી તેનું 'જોબ ઈન્વોલ્વમેન્ટ' અથવા જોબ કમીટમેન્ટ વધે છે. વળી અમુક હોશિંયાર અને કાર્યકુશળ કર્મચારીની સત્તા તથા કાર્યક્ષેત્રમાં વધારો કરવાથી પણ કર્મચારીનું જોબ સેટીસફેકશન વધે છે. દા.ત. તમે માત્ર પશ્ચિમ ભારતના જ માર્કેટિંગ વડા હોવ અને તમને બઢતી મળતા તમને કંપની સમસ્ત ભારતના માર્કેટીંગના વડા બનાવે તો તમારૂ સત્તા, સ્ટેટસ અને પગાર વધે છે. આને આપણે સાદી ભાષામાં પ્રોમોશન કે બઢતી કહીએ છીએ તો કેટલીકવાર તેને જોબ એન્લાર્જમેન્ટ પણ કહી શકાય. સરકારી નોકરીઓમાં વારંવાર બદલીઓ થયા કરે છે તેને આપણે જોબ રોટેશન

એક કુશળ મેનેજરે કર્મચારીની આવડત પ્રમાણે તેનું પ્રમોશન આપવું જોઈએ. તેને ગમતા કામમાં આગળ વધારવાના પ્રયાસો કરવા જોઈએ

કહીએ છીએ જ્યારે કંપનીઓના આવું જોબ રોટેશન પ્રમાણમાં ઓછું જોવા મળે છે. વર્ષોવર્ષ નોકરી કર્યા પછી પણ કંપની કૃપા હોય કે શેઠિયાશાહી હોય અને તમને બઢતી ના મળે તો તમારૂ જોબ ઈન્વોલ્વમેન્ટ (નોકરીમાં રસ પડવો કે નોકરીમાં તલ્લીનતા) ઓછું થઈ જાય છે. વળી કંપની જો અપ્રમાણિક હોય અને તમને પણ તેમાં ભેળવવા પ્રયત્ન કરે અને તમે પ્રામાણિક હોવ તો તમને સતત ચિંતા રહે છે અને રાત્રે ઊંઘ પણ આવતી નથી. કંપનીમાં તમે પોતે ઘણા કુશળ હોવ પરંતુ જો તમને તમારી નીચે કામ કરતા લોકોની ટીમ બનાવતા ના આવડે તો પણ તમારા કામમાંખામી રહી જાય છે. દરેક મેનેજરને કે સુપરવાઈઝરને ટીમવર્ક કેવી રીતે બનાવવું તેની તાલીમ મળવી જોઈએ મેનેજમેન્ટ અભ્યાસક્રમોમાં આ ટ્રેનીંગ આપવામાં આવે છે.

જગતની અનેક સંસ્થાઓમાં એવું પણ બને છે કે તેમના કેટલાંક કર્મચારીઓને વર્કસેટીસફેકશન હોય છે પરંતુ લાઈફ સેટીકફેકશન હોતું નથી અને વર્ક સિવાયની લાઈફમાં એટલે કે કૌટુંબીક જીવનમાં સંતોષ હોય પરંતુ જોબ સેટીસફેકશન હોતું નથી આથી મેનેજમેન્ટના ક્ષેત્રમાં હવે વર્ક-લાઈફ બેલેન્સનો કન્સેપ્ટ અગત્યનો બન્યો છે. ખાસ કરીને સ્ત્રીઓ જેઓને પોતાના કામ ઉપરાંત કુટુંબની પણ સંભાળ રાખવાની છે તેમને માટે વર્ક-લાઈફ બેલેન્સ જાળવવા માટે મેનેજમેન્ટ ઘણી નવી સવલતો ઊભી કરે છે. આખરે તો દરેક કંપની પોતપોતાની રીતે વર્ક કલ્ચર ઊભું કરે છે પરંતુ અમુક વર્ક કલ્ચર્સ કાર્ય સંતોષને વધારૂનારૂ હોય છે તો અમુક વર્ક કલ્ચર કર્મચારીના કાર્ય સંતોષને ઘટાડનારનું પણ હોઈ શકે છે. હવેના જમાનામાં શેઠિયાશાહી કલ્ચર ચાલી શકે તેમ નથી. હવે પ્રોફેશનલ મેનેજમેન્ટનો યુગ શરૂ થયો છે જેમાં વર્ક સેટીસફેકશન (માત્ર પગાર અને અન્ય સવલતો નહીં)ને વધારવા જોબ ઓડીટ કરવામાં આવે છે.

હવે મોબાઈલના યુગમાં પગાર અને ભથ્થા નહીં પરંતુ જોબ સેટીસફેકશન અને લાઈફ સેટીસફેકશન તથા કંપનીનું વર્ક કલ્ચર વગેરે વિચારો સંસ્થાના વિકાસ માટે અનિવાર્ય બનશે. માત્ર વેચાણ કે નફો નહીં.

પાવનીએ કેલેન્ડરનું પાનું ફાડ્યું, આજે ભાઈબીજ ! ભ્રાતા-ભગિનીના અનુપમ સંબંધોનો પાવનદિન.

પરંતુ કુમારિકા પાવનીનું મન ઉદાસ હતું. શું ભ્રાતૃગૃહ પોતાને માટે એક ઉપેક્ષિતાનું કેવળ આશ્રયસ્થાન છે ? પરિવારમાં પુત્રીનું સ્થાન આટલું બધું અનિશ્ચિત ? અણગમતી વસ્તુને ય પસ્તી કે કબાડી માર્કેટમાં ભાવ ઉપજવાની શક્યતાને લક્ષમાં રાખીને ઘરના કોક ખૂણાનો અધિકાર તેને બક્ષવામાં આવે છે.

પાવની તંગ આવી ગઈ હતી ઘરના વાતાવરણથી. મમ્મી, પપ્પા, ભાઈ-ભાભી બધાં જ જાણે ઉપર

કેમ છે, દોસ્ત

ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

ઉપરથી પ્રેમ દેખાડે છે. પાવની જોબ કરતી હતી એટલે પહેલી તારીખથી માંડીને પાંચમી તારીખ સુધી ઘરમાં પોતાના પ્રત્યે દેખાતા પ્રમોદધિમાં એકાએક ધીરે ધીરે કેમ ઓટ શરૂ થાય છે ? પાવની તરફ દેખાડવામાં આવતા પ્રેમની વધઘટનું કારણ ન સમજે તેટલી પાવની નાદાન નહોતી, પાવનીએ પરસેવો પાડીને કમાયેલા રૂપિયાની નોટો એના પર્સમાંથી સરકાવી લઈ શકાય એટલા માટે તો પાવનીના મમ્મી-પપ્પા મુક્તકંઠે એની પ્રશંસા કરતાં હતા, અને ભાભીનું પાવની દી, પાવની દી કહેતાં મોં સુકાતું નહોતું. પાવની સમજતી હતી કે તે આ પરિવારમાં સાધન માત્ર છે. ઘરની જરૂરિયાત પૂર્ણ કરવાનું સાધન સૌના મનની મુરાદો પૂરી કરવા માટે નાણાં કોથળીનું મોં ખુલ્લું મૂકનાર ચેતનવંતુ સાધન !

પાવની કમાતી હતી છતાં જીવન-જરૂરિયાતની વસ્તુઓની પ્રાપ્તિમાં એનો નંબર છેલ્લો આવતો હતો. રસોડા સહિતના ત્રણ રૂમના મકાનમાં સૌને 'પોતાનો' રૂમ છે, તેમાં તેમના પલંગ પણ છે. પણ પાવની પાસે સૂવા માટે પોર્ટેબલ ગાદલું છે. જર્જરિત રસોડાના અનાજના પીપડાં અને પાવનીની શૈયા વચ્ચેનું અંતર નહિવત્ હોવાને કારણે પાવનીની લાચાર કાયાને સંકેલવાની પણ જગ્યા નહોતી. પ્રત્યેક વર્ષે માતા બનતાં ભાભીના ત્રણ બાળકોની સેવાએ પાવનીને 'હાલરડાં' નિષ્ણાત બનાવી દીધી હતી.

પાવનીના મમ્મી વિભાવરીદેવીને મન પાવની કમાવાની ક્ષમતાવાળી 'સોનાની લગડી' હતી છતાં વિભાવરીદેવી 'પારકી થાપણ'

ભાઈબીજના દિવસે, પારકી પાવનીને કિનારો મળી ગયો


'સાપનો ભારો' જેવા વિશેષણો પાવની માટે વારંવાર વાપરતા હતા.

પાવની એક સમર્પણશીલ યુવતી હતી. અટપટી દુનિયાની ખટપટી ચાલથી સાવ અજાણ. પાવનીનું વ્યક્તિત્વ જ એવું અનોખું હતું કે એને જોતાંની સાથે જ સૌને એના તરફ સદ્‌ભાવ થાય. પાવનીના નમ્ર, નિખાલસ, નિર્દંભ વ્યક્તિત્વથી કોઈપણ યુવક અંજાઈ જાય. તેનો નિષ્પાપ માસૂમ ચહેરો, ઓછાબોલો એકાન્તપ્રિય સ્વભાવ, ગૌરવર્ણ, કાળી ભમ્મર આંખો... યૌવનના ઉંબરે તો પાવની પ્રવેશી ચૂકી હતી. પાવની પોતે પોતાના ઘરનાં કૃત્રિમ વાતાવરણથી મુક્ત થવા માગતી હતી. એને ખાતરી હતી કે કોઈ ભાવનાશીલ યુવક એનો હાથ પકડશે અને એક નાનકડા ઘરની એ સ્વામિની બનશે. જ્યાં કોઈક એને નિઃસ્વાર્થ પ્રેમનો ઉપહાર અર્પશે. એના વ્યક્તિત્વને આદરભરી દ્રષ્ટિથી જોશે...

પણ એક દિવસ રાત્રે પાવની રસોડામાં સૂતી હતી ત્યારે એના મમ્મી-પપ્પાની વાત કાને પડે છે. વિભાવરીદેવી કહી રહ્યા હતા : ''જુઓ, પાવનીનાં લગ્ન માટે મેં બે-ત્રણ ઠેકાણે કરવા ખાતર વાતચીત કરી છે. પણ મૂરતિયો સારો હોય તોય, તમારે ના જ પાડવાની. પાવની તો સોનાની મુરઘી છે. આપણો દીકરો નક્ષત્ર ડોક્ટર ન થાય ત્યાં સુધી પાવનીના લગ્ન કરવાનાં નથી. બે-ચાર વર્ષમાં ઘરમાં રાચરચીલું વસાવી લઈએ, અને નક્ષત્રના લગ્ન પતાવી દઈએ પછી પાવનીને પરણાવવી એવો મારો વિચાર છે.'' અને પપ્પા મમ્મીની વાતનો શો ઉત્તર આપે છે તે સાંભળવા પાવની સાવધાન બને છે. એના પપ્પા કહે છે : ''હા, વિભાવરી, તારી વાત સાચી છે. પાવનીની કમાણીમાંથી ઘરની બધી જવાબદારીઓ ઉકલી જાય તો શું ખોટું ? પણ આ વાત પાવનીના કાને ન જાય એટલું સંભાળજો. પાવની તો સાવ ભોળી છે. જેમ આપણે દોરવીશું તેમ દોરવાશે.'' પપ્પાએ પોતાની પોલીસી જાહેર કરતાં કહ્યું.

''તમને ખબર છે, મારી જીભમાંથી અમૃત ઝરે છે. એના બળે હું પાવની પાસે ધાર્યું કામ કરાવી લઈશ. તમે નિશ્ચિત રહેજો.'' કહી વિભાવરીદેવી મર્માળુ હસ્યા હતા.

- ત્યારે પાવનીની આંખમાંથી દડદડ આસું વહેવા માંડ્યા હતા. સવારે પાવની ઊઠી ત્યારે તેને ઉદાસ જોઈને મમ્મીએ પૂછ્યું : ''મારી વહાલી પાવની, તું ઉદાસ



''વરદાન, મને બધું મંજૂર છે, તમારી નાની ઉંમર, નડતો મંગળ, નડતાં અન્ય ગ્રહો... આ 'પારકી થાપણ' અને 'સાપના ભારા'ને બધું મંજૂર છે.'' કહીને પાવની બેહોશ થઈને ઢળી પડી શું પિતૃગૃહ એક પુત્રી માટે કેવળ આશ્રયસ્થાન જ છે?

કેમ છે, તને શું થયું છે ?'' એમની મધઝરતી વાણીમાં મમતાની મહેક નહોતી એ પાવની સારી રીતે જાણતી હતી.

અને અંતે પાવનીનો ભાઈ નક્ષત્ર ડોક્ટર બની ગયો હતો. એની કમાણી પણ શરૂ થઈ ગઈ હતી.

ભાઈ તથા મમ્મીની વાત એક દિવસ પાવનીના કાને પડી : ''મમ્મી, એક રૂમની શાર્ટેજ પડે છે. અને રસોડાના પાછળના ભાગમાં મારે કન્સલટેશન રૂમ બનાવવો છે. હવે આપણી બધી જવાબદારીઓ લગભગ પતી ગઈ છે. પછી પાવનીને આપણા ઘરે રાખવાનો ફાયદો શો ? પાવનીને પરણાવી દઈએ એટલે રસોડાનો પાછલો ભાગ આ ભર્યાભાદર્યા ઘરમાં પાવનીનું કોઈ નહોતું. આવી પરાયાપણાની લાગણી એનું સંવેદનશીલ હૃદય જીરવી શકતું નહોતું. કોઈ અણગમતા મહેમાનની જેમ પિતૃગૃહે પાવની પ્રતીક્ષાના ઉદાસ દિવસો પસાર કરી રહી હતી. પાવનીના લગ્ન માટે જન્માક્ષાર કઢાવ્યા ત્યારે ખબર પડી કે તેની કુંડળીમાં મંગળનો દોષ છે. જ્યોતિષીઓ કહી રહ્યા હતા કે કોઈની પાઘડીએ મંગળ નીકળે તો પાવનીનો મેળ પડે. પાવની જેવો કોઈ મંગળગ્રસ્ત યુવાન મળી જાય તો પાવનીના માથેથી 'પારકી થાપણ' અને 'સાપનો ભારો' જેવા કલંક ટળે.

મંગળના કારણે પાવનીના લગ્નનું ઠેકાણું પડતું નહોતું. લાયક વર મેળવવા પ્રવાસી બનેલી પણ નાલાયક ઠરેલી પાવનીની કુંડળી રિઝર્વેશન વગરના એસ.ટી.ના પ્રવાસીની જેમ પોતાનાં હાલહવાલ બગાડી બેઠી હતી. ઘરમાં ભાઈ-ભાભી પાવનીના જલ્દી લગ્ન થાય તેમ ઈચ્છતાં હતાં. પણ પાવનીનો ક્યાંય મેળ પડતો નહોતો.

નાના નાના ત્રાસો સહન કરીને ય પાવની સમય પસાર કરતી હતી. એક દિવસે પાવનીનો ડોક્ટર ભાઈ નક્ષત્ર પાવની પર તાડૂક્યો : ''પાવની, હવે ક્યાં સુધી તું અમારાં રોટલાં તોડતી રહીશ ? ભણેલી છે, રૂપાળી છે, નોકરી કરે છે, પણ તું સાવ ઓર્થોડોક્સ છે. જમાના પ્રમાણે રહેતા શીખ. આમ મીરાંબાઈની જેમ સાદા-સીધા વસ્ત્રોમાં ફરીશ તો તને કોઈ કાળે, કોઈપણ યુવક પસંદ નહીં કરે. જરા પ્રેક્ટીકલ બન, જમાના પ્રમાણે ફેશન અને ટાપટીપવાળી છોકરીઓને તરત જ વર મળી જાય છે. તું જલ્દી કર. મારે કન્સલ્ટીંગ રૂમ બનાવવો છે, તું અહીંથી જાય તો મેળ પડે ને !''

અકળાયેલી પાવની બોલી ઊઠી હતી : ''ભાઈ, આ તું શું બોલે છે ? તારી બહેનના ગૌરવની તને લેશમાત્ર પરવા નથી ?'' રડતી રડતી પાવની રસોડામાં જતી રહી હતી.

એક દિવસ ભાભીના ઓર્ડર પ્રમાણેની બજારમાં ખરીદી કરીને પાવની પાછી ફરી રહી હતી... ત્યારે એક અજાણ્યો યુવક એને સાદ કરી રહ્યો હતો : ''પાવની, જરા ઊભાં રહેજો.''

અને મરક મરક હસતા એણે પાવની પાસે આવીને પોતાનો પરિચય આપતાં કહ્યું : ''મારું નામ વરદાન છે. અહીંની SBI બેંકમાં હું નોકરી કરું છું. તમારા નમ્ર અને નિખાલસ સ્વભાવ વિષે મેં સાંભળ્યું છે. તમારી કુંડળીમાં મંગળનો દોષ છે. પણ હું મંગળ-બંગળમાં માનતો નથી. તમે જો હા પાડો તો હું તમારી સાથે લગ્ન કરવા તૈયાર છું. પણ તમને વાંધો ના હોય તો કુંડળીમાં બે સુધારા કરવા પડે તેમ છે.''

''ક્યા સુધારા ?'' પાવનીએ ઉત્સુકતાથી પૂછ્યું.

વરદાને જવાબ આપ્યો ''એક તો હું તમારા કરતાં બે વર્ષ નાનો છું. અને બીજું મારે મંગળ દોષ વાળી નવી કુંડળી બનાવવી પડશે. એટલે મારા કે તમારા માતા-પિતા કોઈપણ આ લગ્ન માટે ના નહીં પાડે.''

પાવની એકાએક બોલી ઊઠી : ''વરદાન, મને બધું મંજૂર છે. નડતો મંગળ, નડતા તમામ ગ્રહો, તમારી નાની ઉંમર બધું... ઘરની ઉપેક્ષાના નર્કથી કંટાળેલી આ પારકી થાપણ અને સાપના ભારાને બધું જ મંજૂર છે.''

અને પાવની બેહોશ થઈને ઢળી પડી. વરદાને પડોશમાં આવેલા ઘરમાં તેને સુવાડીને મોં પર પાણી છાંટી સ્વસ્થ બનાવી.

પાવનીએ આંખ ખોલી ત્યારે તેની નજરે પડ્યો હતો, વરદાન, જેની આંખોમાંથી આત્મીયતા અને પોતીકાપણાનાં અમી ટપકી રહ્યાં હતાં.

ભાઈ-બીજનાં પવિત્ર દિવસે 'પારકી પાવની'ને હવે કિનારો મળી ગયો હતો.

વાલ્મીકિ, વેદ વ્યાસ અને તુલસીની રામાયણમાં દિવાળીનો ઉલ્લેખ જ નથી!

ભગવાન શ્રીરામનું ૧૪ વર્ષના વનવાસ બાદ અયોધ્યામાં આગમન થવાનું છે. શ્રીરામ, સીતાજી અને લક્ષ્મણ પુષ્પક વિમાનમાં સવાર થઈને આવી રહ્યાં છે. એ પહેલાં શ્રીરામે હનુમાનજીને તેમના આગમનની જાણકારી ભરતને આપવા મોકલ્યા. ભરત અયોધ્યામાં શ્રીરામની પાદુકા સ્થાપીને અયોધ્યાથી નજીક નંદીગ્રામમાં કૂટિર બનાવીને રહે છે. હનુમાનથીએ નંદીગ્રામ આવીને ભરતને ભગવાનના આગમનના સમાચાર આપ્યા.

મહાકવિ વાલ્મીકિએ રામાયણના યુદ્ધકાંડમાં આ પ્રસંગનું વર્ણન કર્યું છે: 'હનુમાનજીએ ભરતને ટૂંકમાં રામના વનવાસના પ્રસંગો કહી સંભળાવ્યાં ને પછી ઉત્સાહથી જાહેરાત કરી કે રઘુવીર રામ અત્યારે ભરદ્વાજ મુનિ પાસે રોકાયા છે. કાલે પુષ્ય નક્ષત્રમાં આપને દર્શન આપશે. હનુમાનજીની વાત સાંભળીને ભરતે નાનાભાઈ શત્રુઘ્નને નંદીગ્રામથી અયોધ્યાનો માર્ગ સમથળ બનાવીને શણગારવાનો આદેશ આપ્યો. આખા રસ્તા પર શીતળ જળ છાંટવામાં આવ્યું. લોકોએ તેમના મકાનો પાંચ પ્રકારના ફૂલોથી શણગાર્યા.'

સાઈન-ઈન

હર્ષ મેસવાણિયા

મહર્ષિ વાલ્મીકિ રાજા દશરથના પરિવારના સભ્યો અને અયોધ્યાવાસીઓના ઉમંગનું વર્ણન આગળ ચલાવે છે: 'સુમંત સહિતના આઠ મંત્રીઓને જુદી જુદી વ્યવસ્થા સોંપાઈ. રામ પધારે છે તે સાંભળીને અયોધ્યાના સ્ત્રી-પુરુષો સૌ નંદીગ્રામ આવી પહોંચ્યા. ત્રણેય માતાઓ તેમના સેવકો સહિત રથમાં બેસીને અયોધ્યાથી નંદીગ્રામ આવી પહોંચી. શ્રીરામના આગમનની થોડી પળો રહી ત્યારે ઘોડાઓ, હાથીઓના અવાજો સાથે નગારા અને શંખનાદથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું. ભગવાન શ્રીરામ, સીતાજી અને લક્ષ્મણને લઈને પુષ્પક વિમાન નજીક આવ્યું ત્યારે નંદીગ્રામમાં અયોધ્યાવાસીઓએ હર્ષનાદ કર્યો અને તેના અવાજથી ભૂમિ ધ્રુજી ઉઠી.'



વાલ્મીકિ રામાયણમાં રામના આગમનના ક્રમમાં જ રાજ્યાભિષેકનું વર્ણન આવે છે: 'રામ-ભરતના મિલન પછી પરિવારના સૌ સભ્યો એકબીજાને મળે છે ને ભગવાન રામનો શણગાર થયા પછી એક સુશોભિત રથમાં ભગવાન રામ બેસે છે. ભરત એ રથના સારથિ બને છે અને રથ નગરયાત્રાએ નીકળે છે. રાજ દરબારમાં ગુરુ વશિષ્ઠ રામનો રાજ્યાભિષેક કરે છે. અયોધ્યાવાસીઓ મંગળ ગીતો ગાઈને આ પ્રસંગની ઉજવણી કરે છે.'

વાલ્મીકિ રામાયણમાં અયોધ્યામાં દીવડાં પ્રગટ્યા હોવાનો એકેય શ્લોક નથી. ક્યાંય દીપાવલીનો તહેવાર કે એવા શબ્દનો પણ ઉલ્લેખ નથી. કદાચ એટલા માટે કે જે દિવસે રામ અયોધ્યા પધાર્યા એના સ્મરણમાં એ દિવસને દિવાળીના તહેવાર તરીકે ઉજવવાનું અયોધ્યાવાસીઓએ કે આખાય ભારતવર્ષે એ પછી શરૂ કર્યું હશે.

■ ■ ■

મહર્ષિ વેદવ્યાસ રચિત ૧૮ પુરાણોમાંથી વિષ્ણુ પુરાણમાં ટૂંકમાં રામકથા આવે છે. મહાભારતમાં થોડી વિસ્તારથી રામકથા આવે છે, પરંતુ બ્રહ્માંડ પુરાણનો હિસ્સો મનાતી અધ્યાત્મ-રામાયણમાં સાત કાંડમાં વિગતવાર રામકથા કહેવાઈ છે. ૧૫મી સદીમાં રામ શર્મા નામના કોઈ શિવભક્તે તેને એડિટ કર્યાનું કે પછી રામાનંદસ્વામી નામના એક વિદ્વાને સુધારા કર્યા હોવાનું કહેવાય છે. એ રામાયણના મૂળ રચયિતા મહર્ષિ વેદવ્યાસ છે અને એ તેમના ૧૮ પુરાણો પૈકી બ્રહ્માંડ પુરાણનો હિસ્સો છે. આ કથા શિવ-પાર્વતીના સંવાદની શૈલીથી લખાઈ છે.

આ વેદવ્યાસ રચિત ગણાતી રામકથામાં ભગવાન શ્રીરામના આગમનનું વર્ણન કંઈક આવું છે: 'ભગવાન શ્રીરામે હનુમાનજીને સમાચાર આપવા ભરત પાસે મોકલ્યા. રામના આગમનની વાત સાંભળીને ભરત એટલા હર્ષિત થઈ જાય છે કે તેમને મૂર્છા આવી જાય છે. હોશ આવ્યા બાદ ભરત શત્રુઘ્નને નગર શણગારવાની સૂચના આપે છે. એક લાખ ઘોડા, દસ હજાર હાથીને શણગારીને ભગવાનના આગમન માટે તૈયાર કરવામાં આવ્યાં. લોકોએ તેમના ઘર ફૂલો-ધ્વજા-પતાકાથી સજાવ્યા. અયોધ્યાના રસ્તાઓ ઉજ્જવળ મોતીઓ અને રત્નોથી શોભી ઉઠ્યા. અયોધ્યા અને નંદીગ્રામમાં સુગંધિત જળનો છંટકાવ થયો.'

અયોધ્યામાં ૧૦મો દીપોત્સવી પર્વ ઉજવાઈ રહ્યો છે. દર વર્ષે દીવડાં અને શણગારના નવા વિશ્વવિક્રમો બને છે. આજની અયોધ્યાની ભવ્ય દિવાળીની સાથે સાથે મહાકવિઓએ કરેલા અયોધ્યાની દિવાળીના વર્ણનો માણીએ...

અધ્યાત્મ-રામાયણનું રામ આગમનની કથા આ રીતે આગળ વધે છે: 'ભગવાન રામના દર્શનની લાલસાથી અયોધ્યાના હજારો લોકો ટોળીઓ બનાવીને નગરમાં ફરવા લાગ્યા. મંગળ વાદ્યો વાગતા હતા. અયોધ્યાવાસીઓ રામના ગુણગાનમાં ગીતો ગાતાં હતાં. રામ દેખાયા કે હનુમાનજીએ કહ્યું, જુઓ લોકો! આ વિમાનમાં રામ આવી રહ્યા છે. એ પછી લોકોએ 'રામ આ છે, રામ આ છે' એવા નારા લગાવ્યા.'

અધ્યાત્મ-રામાયણમાં બીજા દિવસે રામનો રાજ્યાભિષેક થયો એવું વર્ણન છે. જે દિવસે રામ પધાર્યા એ દિવસે નંદીગ્રામમાં રહ્યા ને બીજા દિવસે સવારે શત્રુઘ્ન જે રથ ચલાવતા હતા એમાં બેસીને રામે અયોધ્યાની નગરયાત્રા કરી. નગરવાસીઓએ પુષ્પવૃષ્ટિ કરીને રામનું ઉમળકાભેર સ્વાગત કર્યું. આ રામાયણમાં પણ ભગવાનના આગમનની રાતે દીવડાં પ્રગટ્યા એનો કોઈ શ્લોક નથી, પરંતુ આગમનના દિવસે ચંદન સહિતના સુગંધી દ્રવ્યો અને પુષ્પોથી નગરની શેરીઓ, નગરના રસ્તાઓ શણગારાયા હોવાના વર્ણનો થયા છે.

■ ■ ■

રામચરિતમાનસમાં ગોસ્વામી તુલસીદાસજીએ રામ-સીતા-લક્ષ્મણ હનુમાનજી ભરતને મળે છે અને રામના આગમનના કુશળ સમાચાર આપે છે. નંદીગ્રામથી ભરતે અયોધ્યામાં આવીને ગુરુજનોને,માતાઓને, નાનાભાઈ શત્રુઘ્નને રામના આગમનની ખબર જણાવી. નગરજનોએ રામના આગમનની વાત જાણી તો રામના દર્શન કરવા દોટ મૂકી. દહીં, દૂધ, ફળ, ફૂલ, તુલસીપત્ર જેવી વસ્તુઓ સોનાના થાળમાં મૂકીને સ્ત્રીઓ ગીતો ગાતી ભગવાન રામના સ્વાગત માટે નગરમાં નીકળવા લાગી.'

અહીં રામ અયોધ્યાને જોઈને શું અનુભૂતિ કરે છે એ પણ તુલસી લખે છે:

'જદ્યપિ સબ બૈકુંઠ બખાના, બેદ પુરાન બિદિત જગુ જાના
અવધપુરી સમ પ્રિય નહિં સોઉ, યહ પ્રસંગ જાનઈ કોઉ કોઉ

ભગવાન રામ સુગ્રીવ, વિભિષણ, અંગદને સંબોધીને કહે છે- વેદ-પુરાણોમાં વૈકુંઠ પ્રસિદ્ધ છે એટલે સૌ વૈકુંઠનો મહિમા કરે છે, પરંતુ મને અવધપુરીની સરખામણીએ એ પણ પ્રિય નથી. આ રહસ્ય બહુ ઓછા જાણે છે.

જન્મભૂમિ મમ પુરી સુહાવની, ઉત્તર દિસિ બહ સરજૂ પાવનિ : ભગવાન કહે છે કે મારી જન્મભૂમિ બહુ સોહામણી છે અને તેની ઉત્તર દિશામાં સરયૂ નદી વહે છે. અહીં રહેતા લોકો મને ખૂબ પ્રિય છે. આ નગરી સુખ આપનારી છે.'

અજોડ ઉપમાઓ પ્રયોજીને તુલસીદાસથી આ પ્રસંગ આગળ વધારતા લખે છે: 'રામ-ભરતનું મિલન થાય છે ત્યારે કમલ સમાન નેત્રોમાં જળનું પૂર આવી ગયું. અયોધ્યામાં બધા લોકો ભગવાનને કળશોને રત્નોથી સુશોભિત કરીને લોકોએ તેમના ઘરના દરવાજા પાસે રાખ્યા છે. ધ્વજા-પતાકા લહેરાવીને સ્વાગત થઈ રહ્યું છે. નગરમાં ચારેબાજુ ડંકા વાગી રહ્યા છે. બધી જ ગલીઓમાંથી સુગંધિત દ્રવ્યોની સુવાસ આવી રહી છે. ગજમુક્તા જેવા કિંમતી મોતીઓથી પૂરાયેલી રંગોળી શોભી રહી છે. સ્ત્રીઓ દીવડાં પ્રગટાવીને, આરતી ઉતારીને ભગવાનનું સ્વાગત કરે છે. માતાઓ દીપ પ્રગટાવીને ભગવાનની આરતી ઉતારે છે.'

■ ■ ■

આદિકવિ વાલ્મીકિ, મહર્ષિ વેદવ્યાસ અને મહાકવિ તુલસીદાસ - એમ ત્રણ રામકથા રચયિતાએ ભગવાન રામ અયોધ્યામાં પધાર્યા તેનું વર્ણન લગભગ સમાન રીતે કર્યું છે. તુલસીદાસજીએ દીવડાં પ્રગટાવવાની વાત લખી છે. વાલ્મીકિ-વેદવ્યાસના વર્ણનોમાં દીપ પ્રાગટ્યના વર્ણનો નથી. આ મહત્ત્વની ગણાતી ત્રણેય રામકથામાં દીપાવલી કે દિવાળીનો કોઈ ઉલ્લેખ નથી. રામના આગમનના દિવસને પછીથી અયોધ્યાવાસીઓ દિવાળીના તહેવાર તરીકે ઉજવતા હોય એવા વર્ણનો પદ્મપુરાણ, સ્કન્દ પુરાણ વગેરેમાં મળે છે.

પણ હા, ત્રણેય મહાકવિઓએ રામના આગમન વખતે દીપી ઉઠેલી અયોધ્યા નગરીના એવાં ભાવપૂર્ણ વર્ણનો ગાયાં છે, જે સદીઓથી ભારતવર્ષના લોકમાનસમાં અંકાઈ ચૂક્યા છે. ભગવાનના આગમનથી અજ્ઞાનનો અંધકાર દૂર થાય છે અને જ્ઞાન-ભક્તિ-શક્તિના પ્રકાશનો દીવડો પ્રગટે છે એ અર્થમાં દીવડાં પ્રગટે ત્યારે સાચી દિવાળી ગણાય.■

જગ વિખ્યાત થયેલી અયોધ્યાની દિવાળી

અયોધ્યામાં ૨૦૧૭થી દીપાવલી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ વર્ષે ૧૦મો દિવાળી મહોત્સવ છે. દર વર્ષે દીવડાં પ્રગટાવવાના નવા નવા વિક્રમો બને છે. આ વર્ષે સરયૂ નદીના ૫૬ ઘાટોમાં ૩૦ લાખ દીવડાં ઝળાંહળાં થશે. ગયા વર્ષે ગિનેસ બુકમાં ૨૬.૧૭ લાખ દીવડાંનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયો હતો. આ વર્ષે ૩૦ લાખ દીવડાં સાથે આ રેકોર્ડ તૂટી જશે. ગયા વર્ષે સામૂહિક મહાઆરતીમાં ૨૧૨૮ આચાર્યો જોડાયા હતા. એનો રેકોર્ડ પણ નોંધાયો હતો. ૨૦૧૭માં જ્યારે અયોધ્યામાં દીપાવલી ઉત્સવ ઉજવવાની શરૂઆત થઈ હતી તે વર્ષે ૧.૭૧ લાખ દીવડાં પ્રગટ્યા હતા અને વર્લ્ડ રેકોર્ડ નોંધાયો હતો. રામના આગમનમાં શરૂ થયેલો આ ઉત્સવ યોગ્ય રીતે જ રામની જન્મભૂમિમાં, રામની કર્મભૂમિમાં અનેરા ઉમંગ સાથે ઉજવાઈ રહ્યો હોવાથી છેલ્લાં થોડાં વર્ષોથી વ્રજની હોળીની જેમ હવે અયોધ્યાની દિવાળી પણ વિશ્વ વિખ્યાત થઈ રહી છે.

ગુજરાત સમાચાર
રવિપૂર્તિ

રવિવાર
૦૮-૧૧-૨૦૨૬

www.gujaratsamachar.com

feedback : gsreaders@gmail.com

ટેકનોવર્લ્ડ 09



એઆઈ જોબ છીનવી લેશે એવો ડર રાખવાને બદલે, તેને જ સાધન બનાવીએ

જિંદગી બને અજવાળી, આ રીતે...

આજે દિવાળી! કાલના ધોકા પછી બેસતું વર્ષ અને નૂતન વર્ષાભિનંદન! આપણને સૌને આ બેસતા વર્ષે અને પહેલી જાન્યુઆરીએ કંઈક ને કંઈક નવી શરૂઆત કરવાનો ઉત્સાહ જાગતો હોય છે.

તમને પણ આવો ઉત્સાહ જાગતો હોય તો એક નવી શરૂઆત માટેનું સજેશન - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)માં ઊંડા ઊતરી જુઓ.

ઊંડા એટલે ખરેખર ઊંડા.

હજી થોડાં વર્ષ પહેલાં, ઈન્ટરનેટને દુનિયાનું સૌથી શક્તિશાળી સાધન કહેવામાં આવતું હતું. હવે એ તાજ એઆઈના શિરે છે.

અત્યારે આપણે ચેટજીપીટી કે જેમિનાઇ વગેરે સાથે ચેટિંગ કરીને એઆઈનો ઉપયોગ કર્યાનો સંતોષ માનીએ છીએ, પણ તમે સ્ટુડન્ટ હો, જોબ-માર્કેટમાં પ્રવેશવાની તૈયારીમાં હો કે એન્ટ્રી મળી ગઈ હોય તો આવા ઉપરછલ્લા ઉપયોગથી બિલકુલ સંતોષ માની શકાય તેમ નથી.


વાત પહેલે ધડાકે એઆઈના એક્સપર્ટ બની જવાની નથી. પણ તેને કેવા પ્રોમ્પ્ટ આપવા જોઈએ, તેની સાથે આપણાં કયાં કયાં ટૂલ કનેક્ટ કરી શકાય, એઆઈ એજન્ટ્સનો કેવી રીતે ઉપયોગ કરી શકાય એ બધું શીખવું-સમજવું તમારે માટે અનિવાર્ય છે. આ દિવાળીએ શરૂઆત કરી જુઓ, આખી જિંદગી અજવાળી બનશે! હેપ્પી દિવાળી!

અત્યારે એઆઈ ટૂલ્સ એટલી ઝડપે ડેવલપ થઈ રહ્યાં કે સ્કૂલ-કોલેજ તેની સાથે તાલ મિલાવી શકે તેમ નથી.

વિદ્યાર્થીઓએ પોતે એકલવ્યની જેમ યુટ્યૂબને ગુરુ બનાવીને એઆઈનાં વિવિધ પાસાં શીખવાં પડશે.

જો એટલું કરી શકો તો નાની-મોટી કંપનીના ઈન્ટરવ્યૂ તમે ક્રેક કરી શકો - વાત ફક્ત આઈટી કંપનીની નથી.

એઆઈનો ઉપયોગ કરીએ, સમજી-વિચારીને



એક ઇન્ડસ્ટ્રી તરીકે આપણે એક ફેન્સી નવી કારને વધુ પડતી તેજ ગતિએ ડ્રાઇવ કરી રહ્યા છીએ, પણ કાર કેમ ડ્રાઇવ કરવી એની લગભગ કંઈ સમજ નથી. આપણે દુર્ઘટના નોતરી રહ્યા છીએ....

ચેન્નાઈમાં હેડક્વાર્ટર ધરાવતી એક ભારતીય કંપની તરીકે ગૂગલ અને માઇક્રોસોફ્ટના મજબૂત વૈશ્વિક વિકલ્પ તરીકે ઊભરી રહેલ ઝોહો કોર્પોરેશનના સ્થાપક શ્રીધર વેમ્બૂએ પોતાની એક એક્સ પોસ્ટમાં એઆઇ માટે આ ઉભરો ઠાલવ્યો છે.

વાસ્તવમાં એમની પહેલાં, એક એન્જિનીયરે એક્સ પર લખ્યું હતું કે એક મોટી કંપનીમાં સોફ્ટવેર ડેવલપમેન્ટ પ્રોસેસના ઘણા બધા હિસ્સામાં એન્થ્રોપિકના ક્લોડ કોડનો ઉપયોગ થતો હતો, પણ ''કોઈને અહીં કશી ખબર પડતી નથી. સોફ્ટવેરના સ્પેક્સ, કોડ, ટેસ્ટ્સ, પ્રોજેક્ટ રિક્વાયર્મેન્ટ ડોકુયમેન્ટ્સ, પ્રોબ્લેમ ટિકિટ્સ, એ ટિકીટનું રેઝોલ્યુશન, રિપોર્ટ્સ વગેરે બધું એઆઈની મદદથી કરવામાં આવે છે. મારી ટીમમાં કોઈને આ ગમતું નથી. પરંતુ તેમને વધુમાં વધુ કામ ઝડપથી પતાવવાની ફરજ પડી રહી છે.''

એન્જિનીયરની એ પોસ્ટના જવાબમાં શ્રીધર વેમ્બૂએ લખ્યું કહે છે કે ''આ દુઃખદ સ્થિતિ છે. હું મારા એન્જિનીયર્સને કહું છું કે તેઓ ભલે એઆઇનો ઉપયોગ કરે પરંતુ એઆઈને પોતાની સમજ પર હાવી ન થવા દે.''

શ્રીધર વેમ્બૂએ આ વાત કોલેજમાં કમ્પ્યૂટર સાયન્સ ભણીને જોબ પર લાગી ગયેલા એન્જિનીયર્સને ધ્યાનમાં રાખીને કહી છે. પરંતુ એ જ વાત આઠમા, દસમા કે બારમા ધોરણમાં પહોંચેલા કે અત્યારે કોલેજમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને પણ પૂરેપૂરી લાગુ થાય છે.

એઆઇ બની ગઈ છે શોર્ટકટ

અત્યારે સ્થિતિ એવી છે કે બધાને એઆઈનો શોર્ટકટ તરીકે ઉપયોગ એકદમ માફક આવી ગયો છે. સ્કૂલ કે કોલેજમાં કોઈ એસાઇનમેન્ટ મળ્યું? તમારા ફેવરિટ એઆઇ ચેટબોટમાં એ સવાલ બેટ્ઠો કોપી કરો અને એઆઇ જે જવાબ આપે તેને એસાઇમેન્ટમાં બેટ્ઠો ઠપકારી દો. સ્કૂલ, કોલેજના ટીચર્સ કે પ્રોફેસર્સ બરાબર જાણે છે કે તેમના સ્ટુડન્ટ્સે કઈ રીતે એસાઇમેન્ટ પૂરું કર્યું છે.

આ રીતે એઆઇ પાસે કામ કરાવી લેવાથી કામ ફટાફટ પૂરું તો થાય છે, પરંતુ કામ કેવી રીતે પૂરું થયું એની સમજ કેળવાતી નથી. ભાગ્યે જ કોઈ વીરલો વિદ્યાર્થી એઆઇનો ઉપયોગ કરવાની સાથોસાથ પોતે તેના જવાબમાં ઊંડો ઉતરે છે અને એઆઇએ આપેલો જવાબ સમજવાની કોશિશ કરે છે. પરિણામે જ્યારે સ્કૂલ કે કોલેજના ટીચર્સ એસાઇનમેન્ટ વિશે એક-બે આડાઅવળા સવાલો પૂછે તો કોઈ પાસે તેનો જવાબ હોતો નથી.

આ રીતે 'ભણી'ને આગળ વધેલા સ્ટુડન્ટ જ્યારે જોબ માર્કેટમાં પહોંચે છે ત્યારે ઇન્ટરવ્યૂ વખતે તેમનું પાણી મપાઈ જાય છે. દરેક સેક્ટરમાં નવા કેન્ડિડેટ પસંદ કરવા માટે ઇન્ટરવ્યૂની પ્રોસેસ અલગ અલગ હોય છે પરંતુ આપણે આઇટી ઇન્ડસ્ટ્રીની વાત કરીએ તો તેમાં મોટા ભાગે ત્રણ સ્ટેજમાં ઇન્ટવ્યૂ લેવામાં આવે છે. નીચે આપેલી વિગતો ધ્યાનથી સમજજો. આઇટી ઉપરાંત અન્ય સેક્ટરના ઇન્ટરવ્યૂમાં પણ એ કામ લાગશે.

મોટી કંપનીની જનરલ ઈન્ટરવ્યૂ પ્રોસેસ અને તેમાં એઆઇ

જોબ મેળવવામાં અને ટકાવી રાખવામાં - બંનેમાં એઆઇ ઉપયોગી થશે.

૧ ઓનલાઇન કોડિંગ ચેલેન્જ



આ ઓનલાઇન ટેસ્ટ હોય છે, જેમાં બધા કેન્ડિડેટને એક ચેલેન્જ આપવામાં આવે છે, જેને તેમણે પોતાની રીતે સોલ્વ કરીને તેનો કોડ ડેવલપ કરવાનો હોય છે.

સ્ટુડન્ટ આમાં ચીટિંગ ન કરે અને બધું કામ એઆઇ પાસે કરાવી ન લે એ માટે ઓનલાઇન ટેસ્ટ સમયે ટ્રેકિંગના પૂરતા પ્રયાસ કરવામાં આવે છે. પરંતુ આજના 'એઆઇ ટ્રેઇન્ડ સ્માર્ટ' સ્ટુડન્ટ તેના ઉપાય શોધી લે છે. આથી આ જનરલ કોડિંગ ચેલેન્જ પાર કરવી તેમના માટે પ્રમાણમાં સહેલી હોય છે.

બીજી તરફ મોટા ભાગની ટેક કંપની સમજી ચૂકી છે કે ઇન્ટરવ્યૂ પછી સિલેક્ટ કરવામાં આવેલા કેન્ડિડેટ્સે ઓફિસમાં પહોંચ્યા પછી આખરે પોતાનું કામ એઆઇની મદદથી જ કરવાનું છે. આથી ઘણી ટેક કંપની ઇન્ટરવ્યૂ પ્રોસેસમાં પણ એઆઇના ઉપયોગને પ્રોત્સાહિત કરી રહી છે.

અલબત્ત આટલું વાંચીને પહેલી કોડિંગ ચેલેન્જ સહેલાઈથી પાર કરી જવાશે એવા ઉત્સાહમાં આવી જશો નહીં! ઇન્ટરવ્યૂ પ્રોસેસ સમયે ટેક કંપની પોતે એઆઇ ટૂલ ઓફર કરે છે, પરંતુ આપણે રોજબરોજ જેનો ઉપયોગ કરતા હોઇએ તેના કરતાં આ ટૂલ અલગ હોય છે.

એ ટૂલ કંપનીએ પોતે ખાસ ઇન્ટરવ્યૂના હેતુથી ડિઝાઇન અને ટ્રેઇન કરેલું હોય છે.

ઓનલાઇન ટેસ્ટ દરમ્યાન સ્ટુડન્ટ માત્ર આ એઆઇ ટૂલનો ઉપયોગ કરી શકે છે - તેમને જેમાંથી કોપી-પેસ્ટ કરવાની ફાવટ છે એ રેગ્યુલર એઆઇ ટૂલ નહીં.

કંપની એ ટૂલ આપે છે તે માત્ર અમુક હદ સુધી મદદ કરીને અટકી જાય છે. જેમ કે ટેસ્ટ માટે સ્ટુડન્ટને કોઈ કોડ આપીને તેમાંની ભૂલો શોધીને તેને સુધારવાનું કામ સોંપવામાં આવે તો સ્ટુડન્ટ એઆઇની મદદથી ભૂલો શોધી શકે છે, પરંતુ એઆઇની મદદ ત્યાં પૂરી થાય છે. ભૂલો મળ્યા પછી તેનાં સોલ્યુશન સ્ટુડન્ટે જાતે શોધવાં પડે છે. અહીંથી, તેઓ એઆઇ ઉપરાંત, પોતાના સબ્જેક્ટમાં ઊંડા ઊતર્યા છે કે નહીં તે પરખાઈ આવે છે.

૨ વન-ટુ-વન કોડિંગ ચેલેન્જ



પહેલી ઓનલાઇન કોમન કોડિંગ ચેલેન્જ -એઆઇની મદદ વિના કે તેની મદદથી - પાર કરી ગયેલા કેન્ડિડેટ આ બીજા તબક્કામાં પહોંચે છે.

અહીંથી તેમનું સબ્જેક્ટ નોલેજ ખરેખર કેટલું છે તે પરખાવાનું શરૂ થાય છે.

આ ટેસ્ટ પણ ઓનલાઇન હોય છે. તેમાં પણ કોઈ કોડિંગ પ્રોબ્લેમ આપવામાં આવે છે, જેનું સ્ટુડન્ટે પોતાની રીતે કોડ ડેવલપ કરીને સોલ્યુશન આપવાનું હોય છે. પરંતુ પહેલી ટેસ્ટમાં કોઈ જીવતી જાગતી વ્યક્તિની નજર વિના સોલ્યુશન આપવાનું હોય છે, જ્યારે આ બીજી ટેસ્ટમાં ટેકનિકલ એક્સપર્ટની હાજરીમાં, તેમની સાથે વાતચીત કરતાં કરતાં સ્ટુડન્ટે કોડ ડેવલપ કરવાનો હોય છે!

આ સમયે પણ ઇન્ટરવ્યૂ લેનાર એક્સપર્ટ પોતે એઆઇ ટૂલની મદદ ઓફર કરી શકે છે. એ સમયે સ્ટુડન્ટ એઆઇની મદદ લેવા માટે તેને કેવા પ્રોમ્પ્ટ આપે છે એ પેલા એક્સપર્ટ જોઇ શકે છે.

વાસ્તવમાં સ્ટુડન્ટના પ્રોમ્પ્ટ પરથી પણ તેની આવડત પરખાઈ આવે છે. સાચા જવાબો તો જ મળે જો યોગ્ય રીતે સવાલો પૂછવામાં આવે!

એઆઇ સાથેની સ્ટુડન્ટની ચેટની આખી હિસ્ટ્રીનું પણ ઇન્ટરવ્યૂ પછી એનાલિસિસ કરવામાં આવે છે. આમ ઇન્ટરવ્યૂના આ તબક્કે એઆઇની મદદ લઈ શકાય તો પણ સ્ટુડન્ટ એઆઇનો ખરેખર કેવો ઉપયોગ કરી શકે છે તે કંપની જાણી શકે છે.

આ બધી પ્રોસેસ દરમિયાન એક્સપર્ટ સ્ટુડન્ટ સાથે વાતવાતમાં તે કોડિંગમાં કઈ રીતે આગળ વધી રહ્યો છે તે તપાસતા રહે છે.

સ્ટુડન્ટ જે કંઈ કરે એ તેણે કેવી સમજ સાથે કર્યું છે તે આ રાઉન્ડમાં જાણવામાં આવે છે. જે સ્ટુડન્ટે કોલેજના અભ્યાસ દરમિયાન એઆઇની મદદ લીધી હોય પરંતુ તેની સાથોસાથ પોતે પણ તેમાં ઊંડો ઊતર્યો હોય એ જ આ રાઉન્ડમાં તે એક્સપર્ટના સવાલોના યોગ્ય જવાબ આપી શકે છે.

૩ વન-ટુ-વન પર્સનલ ઈન્ટરવ્યૂ



પહેલા બંને તબક્કા પાર કરી શકનાર સ્ટુડન્ટ આ ત્રીજા તબક્કા સુધી પહોંચી શકે છે. તેમાં તેના સબ્જેક્ટ નોલેજ ઉપરાંત તેનો ઓવરઓલ એટિટ્યૂડ ને એપ્ટિટ્યૂડ તપાસવામાં આવે છે.

પહેલા રાઉન્ડમાં કંપનીના ટેકનિકલ એક્સપર્ટ્સનો રોલ કોડિંગ ચેલેન્જ નક્કી કરવા પૂરતો અને પછી સ્ટુડન્ટે એઆઇની મદદ વિના કે મદદ લઈને ચેલેન્જ કેટલી સારી રીતે પાર કરી તેનું એનાલિસિસ કરવા પૂરતો સીમિત હોય છે. આ બીજા રાઉન્ડમાં ટેકનિકલ એક્સપર્ટ પોતે ઇન્વોલ્વ થાય છે અને સ્ટુડન્ટ ખરેખર કેટલો જાણકાર અને પાણીદાર છે તે જાતે તપાસે છે. આ રીતે ટેકનિકલ એક્સપર્ટની નજરમાં પાસ થયેલ સ્ટુડન્ટ ત્રીજા રાઉન્ડમાં પહોંચે છે.

આ ત્રીજું રાઉન્ડ પહેલા બંને રાઉન્ડ કરતાં અલગ હોય છે. ત્રીજા રાઉન્ડમાં કોડિંગ કે એઆઇની લગભગ કોઈ ભૂમિકા હોતી નથી.

આ રાઉન્ડમાં મોટા ભાગે એચઆર એક્સપર્ટ સામેલ થાય છે.

તે સ્ટુડન્ટનો ઓનલાઇન ઇન્ટરવ્યૂ લે છે. જેમાં તે સ્ટુડન્ટ સાથે એકદમ સહજ રીતે વાતચીત કરીને તે કંપનીમાં સંભવિત રોલમાં તથા કંપનીના કલ્ચરમાં ફિટ થશે કે નહીં તે તપાસે છે.

આ વાતચીત દરમિયાન સ્ટુડન્ટ એના સબ્જેક્ટ અનુસાર જરૂરી સોફ્ટવેર ઉપરાંત બીજા ક્યાં ક્યાં ઓનલાઇન ટૂલનો ઉપયોગ કરે છે તે પણ તપાસવામાં આવે છે. આવા ટૂલ્સમાં ડિજિટલ કેલેન્ડર અને ડેઈલી ટુ-ડુ લિસ્ટથી માંડીને ઓનલાઇન કમ્યુનિકેશન, ઓનલાઇન ટીમ વર્ક અને કોલાબોરેશન તથા પર્સનલ નોલેજ સિસ્ટમ મેનેજમેન્ટ માટેનાં વિવિધ ટૂલ્સ વિશે સ્ટુડન્ટ કંઈ જાણે છે કે કેમ તે તપાસવામાં આવે છે.

સ્ટુડન્ટ આવાં બે-ચાર ટૂલનાં નામ લઈ શકે તો એક્સપર્ટ તેમાં થોડા આગળ વધીને સ્ટુડન્ટ આ ટૂલ્સનાં ફક્ત નામ જાણે છે કે તેનો ઉપયોગ પણ કરી જાણે છે અને તેમાં તે કેટલોક ઊંડો ઉતર્યો છે એ પણ તપાસવામાં આવે છે!

કોઈ પણ વિષયના ખરેખર જાણકાર બનવું હોય તો એઆઇનો સ્માર્ટ ઉપયોગ અનિવાર્ય છે

વાત ઇન્ટરવ્યૂ ક્રેક કરવા જેટલી સીમિત નથી...

ઉપર આપેલાં, આઇટીમાં ઇન્ટર્નશિપ કે ફુલ-ટાઇમ જોબ માટેની ઇન્ટરવ્યૂ પ્રોસેસના ત્રણ તબક્કા પરથી તમે સમજી શકશો કે એઆઇ આ ત્રણેય રાઉન્ડમાંથી ફક્ત પહેલા અને બીજા રાઉન્ડમાં થોડી ઘણી મદદરૂપ થઈ શકે છે. એમાં પણ, આપણે જેનો રોજબરોજ ઉપયોગ કરતા હોઇએ એ એઆઇ ટૂલ્સની સીધી કોઈ મદદ મળી શકતી નથી.

પરંતુ 'સીધી મદદ' મળતી નથી એનો અર્થ એવો નથી કે ઇન્ટરવ્યૂ ક્રેક કરવામાં એઆઇ કોઈ રીતે મદદરૂપ થતી નથી.

જો શરૂઆતના સમયથી એટલે કે હાલમાં છેક આઠમા, નવમા ધોરણથી એઆઇનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો સબ્જેક્ટ નોલેજ કેળવવામાં તથા ઓવરઓલ એટિટ્યૂડ અને એપ્ટિટ્યૂડ કેળવવામાં વિદ્યાર્થીને બહુ મોટી મદદ મળી શકે છે.

અગાઉ આ કામ માત્ર પુસ્તકો વાંચીને થઈ શકતું. પછી ઇન્ટરનેટ પર વિકિપીડિયા, અન્ય વેબસાઇટ, યુટ્યૂબ ચેનલ્સની મદદ મળી.હવે એ બધાથી પણ વિશેષ એઆઇની મદદ મળી છે. તમે કદાચ હમણાં સમાચાર જાણ્યા હશે, ગૂગલ જેમિનાઇ નોટબુકમાં ભારતીય સ્કૂલ્સની ટેક્સ્ટબુક્સ ઉમેરાઈ રહી છે, મફત. સ્ટુડન્ટ જેમિનાઇ નોટબુકમાં આ બુક્સ સોર્સ તરીકે ઉમેરીમાં તેમાં પોતાની રીતે રિસર્ચ કરી શકે છે. સ્ટુડન્ટ ધારે તો એઆઇ સાથે ટેક્સ્ટ ફોર્મમાં વાત કરવા ઉપરાંત સતત વોઇસ મોડમાં વાત કરીને પોતાનું સબ્જેક્ટ નોલેજ તથા કમ્યુનિકેશન સ્કિલ્સ ડેવલપ કરી શકે છે.



આપણે ઉપર ઇન્ટરવ્યૂ ક્રેક કરવાના જે ત્રણ તબક્કાની વાત કરી તે આઇટી સેક્ટરને ધ્યાનમાં રાખીને કરી છે. પરંતુ અન્ય જોબ સેક્ટર્સમાં કેન્ડિડેટ સિલેક્શનની પ્રક્રિયા બહુ અલગ હોતી નથી. તેમાં કેન્ડિડેટનું સબ્જેક્ટ નોલેજ, કમ્યુનિકેશન સ્કિલ તથા ઓવરઓલ ડેપ્થ ચોક્કસ તપાસવામાં આવે છે.

આ બધું સ્કૂલ કે કોલેજમાં અલગ વિષય તરીકે ભણાવવામાં આવતું નથી. ટીચર અને પેરેન્ટ બંને વિદ્યાર્થીઓના ભવિષ્યમાં ઊંડો રસ લે અને તેમને આજના સમયની સૌથી મહામૂલી ભેટ સમાન એઆઇનો સાચો, સમજભર્યો ઉપયોગ કરવા તરફ વાળે તો આપણાં સંતાનોની આખી જિંદગી બદલાઈ શકે છે.

તમારામાં આવો કોન્ફિડન્સ છે?

હવે મોટી ટેક કંપનીઓ ઇન્ટર્ન અને એમ્પ્લોઇને એઆઇનો ઉપયોગ કરવા પ્રોત્સાહન આપે છે, પરંતુ મર્યાદિત પ્રમાણમાં. જ્યારે કામમાં એઆઇનો ઉપયોગ કરવામાં આવે ત્યારે એઆઇ 'ટોકન'નો ઉપયોગ થતો હોય છે. આ 'ટોકન' ખાસ્સાં મોંઘાં હોય છે. ઇન્ટર્ન કે એમ્પ્લોઇના લેવલ મુજબ તેને વાપરવા મળતા ટોકનની સંખ્યા વધતી જાય.

હમણાં આ બાબતે અમેરિકાની સિસ્કો સિસ્ટમ્સ કંપની ચર્ચામાં છે. આ કંપનીના પ્રેસિડેન્ટ અને ચીફ પ્રોડક્ટ ઓફિસર છે જીતુ પટેલ. તેમણે હમણાં એક સ્ટાર્ટઅપ ખરીદ્યું. તેનો ફાઉન્ડર ૨૭ વર્ષનો પદ્મનાભન ક્રિષ્નમૂર્તિ છે. જીતુ પટેલે પદ્મનાભનને એઆઇ ટોકનના અનલિમિટેડ ઉપયોગ સાથે એક જબરું મોટું ટાસ્ક સોંપ્યું છે. પદ્મનાભને બે વર્ષમાં સિસ્કો કંપનીના આખેઆખા કોડને ૯૮ ટકા સુધી નવેસરથી લખવાનો છે! પદ્મનાભને પોતે જીતુ પટેલને ખાતરી આપી હતી કે તે એઆઇ અને ફક્ત બે લોકોની ટીમ સાથે આ કામ કરી શકે છે. પદ્મનાભનની કંપની સિસ્કોમાં સામેલ થઈ એ પછી સિસ્કોની જબરી મોટી ટીમમાં પદ્મનાભન ક્યાંય પાછળ ધકેલાઈ ગયો હતો. એક વાર તેની સાથેની વાતચીત પછી જીતુ પટેલને લાગ્યું કે આવા યંગ, ફ્રેશ અને ટેલેન્ટેડ લોકો જ સિસ્ટમને ચેલેન્જ કરીને કંઈક બિલકુલ નવું કરી શકે છે.

આ વાત યુએસની અને જબરી મોટી ટેક કંપનીની છે, પણ આપણી કોલેજમાં, આપણી ઓફિસમાં, આપણા લેવલે તેનું પુનરાવર્તન થઈ શકે. અનલિમિટેડ ટોકન ભલે ન મળે, એઆઇની મદદથી કંઈક અભૂતપૂર્વ કરી બતાવવાનો કોન્ફિડન્સ હોવો જોઈએ.

એક ખાસ પહેલ, આપને માટે!

શ્રેયાર્થ યુનિવર્સિટી TECHNO QUIZ

ટેકનોક્વિઝમાં ભાગ લો, નોલેજ સાથે ઇનામ મેળવો!

પ્રશ્ન-૧. ઝોહો કોર્પોરેશનનું ગ્લોબલ હેડક્વાર્ટર ભારતના કયા શહેરમાં આવેલું છે?
(૧) બેંગલુરુ (૨) હૈદરાબાદ (૩) ચેન્નાઈ

પ્રશ્ન-૨. અમેરિકાની સિસ્કો સિસ્ટમ્સના હાલના પ્રેસિડેન્ટ કોણ છે?
(૧) જીતુ પટેલ (૨) સત્ય નડેલા (૩) ઇલોન મસ્ક

પ્રશ્ન-૩. એપલના શોરૂમમાં રિટર્ન થતા આઇફોનના 'સીલબંધ' પેકને સ્કેન કરવા ઉપયોગ કરાતી ટેક્નોલોજી કયા નામે ઓળખાય છે?
(૧) મેજિકો (૨) નોબ્રેક (૩) પ્રેસ્ટો

જવાબો મોકલવા આ ક્યૂઆર કોડ સ્કેન કરો

તા. ૦૧-૧૧-૨૦૨૬ ક્વિઝના વિજેતાઓ

હેમંત બી. ચોક્સી, જીગર એ. ગોસ્વામી, મનસુખલાલ નાકરાણી

તા. ૦૧-૧૧-૨૦૨૬ ક્વિઝના જવાબો

પ્રશ્ન-૧. ચીજવસ્તુની વિગતો, લોકેશન યાદ રાખવા માટેનું 'રીમેમ્બર્ડ' ફીચર કઈ એપમાં ઉમેરાયું છે? - ફાઇન્ડ હબ

પ્રશ્ન-૨. ગૂગલ અર્થ પ્રોગ્રામનું અગાઉ શું નામ હતું? - અર્થવ્યૂઅર૩ડી

પ્રશ્ન-૩. ગૂગલની 'ફાઇન્ડ હબ' સર્વિસ સૌથી પહેલાં કયા નામે ઓળખાતી હતી? - એન્ડ્રોઇડ ડિવાઇસ મેનેજર

વિજેતાઓને અભિનંદન! આપનાં ઇનામ માત્ર રૂબરૂ અથવા કોઈ પ્રતિનિધિ દ્વારા આ સરનામેથી ૧૫ દિવસમાં મેળવી લેવાનાં રહેશેઃ શ્રેયાર્થ યુનિવર્સિટી, એમ. જે. લાઇબ્રેરી પાસે, આશ્રમ રોડ, અમદાવાદ(સવારના ૧૦થી સાંજના ૬) ૯૩૧૩૯૨૬૧૦૨/૪, info@shreyarthuni.ac.in, વેબસાઇટઃ shreyarthuni.ac.in.

ક્યૂઆર કોડ સ્કેન કરવા માટે સ્માર્ટફોનમાં ગૂગલ સર્ચ એપમાં 'લેન્સ' ઓપન કરી તેનાથી કોડ સ્કેન કરો. આઇફોન તથા અમુક એન્ડ્રોઇડ ફોનમાં ડાઇરેક્ટ કેમેરા ઓપન કરી સ્કેન કરી શકાશે (તમારા ફોનમાં આ સગવડ તપાસવા માટે કેમેરા એપનાં સેટિંગ્સ તપાસી જુઓ). એ ઉપરાંત, ફોનમાં ક્રોમ બ્રાઉઝરમાં 'શેર' બટન ક્લિક કરતાં ક્યૂઆર કોડ સ્કેન કરવાનો વિકલ્પ મળશે. પેટીએમ જેવી અમુક પેમેન્ટ એપમાંથી પણ આ ક્યૂઆર કોડ સ્કેન કરી શકાશે.

ટેકન્યૂઝ | ટેકજગતના ખબરઅંતર...

લોકોની નબળી માનસિકતાનો એપલે નવો રસ્તો શોધ્યો

એપલ કંપનીએ તેના આઇફોન ૧૮ પ્રો લોન્ચ કર્યા એ પછી, ખાસ કરીને અમેરિકામાં કંપની એક નવી તકલીફનો સામનો કરી રહી છે.

અમેરિકામાં એપલ રિટેઇલ સ્ટોર્સમાંથી આઇફોન ખરીદ્યા પછી કેટલાક ઠગ લોકો કંપનીનું પેક ઓપન કરી, તેના ઇન્ટરનલ કોમ્પોનન્ટ કાઢી લઈને ફોન ફરીથી કંપનીના પેક જેવો જ સીલબંધ પેક કરી લે છે. આવું બોક્સ રિટેઇલ સ્ટોરમાં પરત કરીને તેઓ કોઈને કોઈ બહાને કંપની પાસેથી ફૂલ રિફંડ માગે છે. કંપનીએ નોંધ્યું છે કે કેટલાક સ્ટોર પર બહુ મોટા પાયે આવી ગેરરીતિ ધ્યાનમાં આવી છે.

રિટેઇલ સ્ટોરમાં રિટર્ન થતા દરેક બોક્સને ખોલીને તેમાં બધું અકબંધ છે કે નહીં તે તપાસવામાં આવે છે, પરંતુ તેમાં પણ એક મોટો પ્રોબ્લેમ છે. જો કંપની રિટર્ન થતા દરેક 'સીલબંધ પેક'ને ખોલીને તપાસવા જાય તો પછી કંપની તેને બ્રાન્ડ ન્યૂ ડિવાઇસ તરીકે વેચી શકે નહીં!



આના ઉપાય તરીકે એપલ કંપનીએ એક ખાસ સ્કેનર ડેવલપ કર્યું છે. આ સ્કેનરની મદદથી કંપનીના રિટેઇલ સ્ટોરમાં રિટર્ન કરવામાં આવતા સીલબંધ બોક્સનું સીલ અકબંધ રાખીને બહારથી જ તેનું સ્કેનિંગ કરવામાં આવે છે. આ સ્કેનિંગમાં પરખાઈ આવે છે કે બોક્સની અંદર ફોન અને તેના બધા પાર્ટ અકબંધ છે કે નહીં.

આથી હવે કોઈ જેન્યુઇન બાયર આઇફોન ખરીદ્યા પછી મન બદલાતાં ખોલ્યાં વિનાનું બોક્સ પરત કરવાનો નિર્ણય કરે તો રિટેઇલ સ્ટોરનો સ્ટાફ આવા સીલ્ડ બોક્સને સ્કેન કરીને બધું બરાબર હોવાની ખાતરી કરે છે. તેઓ સીલ્ડ બોક્સ પરત લે છે, કસ્ટમરને રિફંડ આપે છે અને કસ્ટમર પાસેથી લીધેલું બોક્સ સીધેસીધું શેલ્ફ પર પરત વેચવા માટે મૂકી શકે છે!

એપલનું આવું સીલ્ડ બોક્સ સ્કેન કરવાનું સ્કેનર એપલની પોતાની 'પ્રેસ્ટો' નામની ટેકનોલોજી પર આધારિત છે. આ ટેકનોલોજીનો ઉપયોગ કરીને એપલે એવી વાયરલેસ સિસ્ટમ ડેવલપ કરી છે જેની મદદથી એપલના અગાઉ બોક્સમાં સીલપેક થઈ ગયેલા આઇફોનમાંની ઓપરેટિંગ સિસ્ટમ લેટેસ્ટ આઇઓએસથી અપડેટ કરી શકાય છે - પેકનું લીલ ઓપન કર્યા વિના!

આપનાં સૂચનો, સવાલો મોકલો આ સરનામા પર :
technoworld.gs@gmail.com

લેખન-સંકલન : હિમાંશુ કીકાણી

ફક્ત દેશ જ નહિ, દુનિયા પણ ધામધૂમથી ઉજવે છે આપણી દિવાળી!

૨૦૨૬ની ૨૧ ઓક્ટોબરે યાને આ વર્ષના દશેરાના બીજા દિવસે તાજેતરમાં શું બન્યું?

આપણે અમેરિકા તરીકે ઓળખીએ છીએ એ યુએસએમાં રાજધાની વોશિંગ્ટન ડીસીમાં ભારતીય દૂતાવાસ ખાતે અમેરિકન પોસ્ટલ ડિપાર્ટમેન્ટ દ્વારા આપણી દિવાળી ઉપરની ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી ! ઔપચારિકતા ખાતર નહિ, પૂરી બે કરોડ ટિકિટ તૈયાર કરાઈ છે. ટિકિટ પર રંગોળીનું ચિત્ર હ્યુસ્ટનની ભારતીય મૂળની કલાકાર સંગીતા ભુતડાએ બનાવેલી વાદળી, નારંગી, લીલી, લાલ અને સફેદ રંગોની રંગોળીનો બિજય દીક્ષિતે પાડેલો ફોટો લેવાયો છે જેમાં પર્પલ બેકગ્રાઉન્ડ પર અંગ્રેજીમાં 'દિવાલી' અને 'યુએસએ ફોરએવર' લખાયું છે. આ ફોરએવર સ્ટેમ્પ ૨૦ સ્ટેમ્પ્સની શીટમાં મળે છે.

પણ આ એ પહેલી વાર નથી કે અમેરિકાના ટપાલખાતાએ ભારતની દિવાળી પર ટિકિટ બહાર પાડી હોય. બરાબર દસ વર્ષ પહેલા પણ ૫ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ ન્યૂયોર્કમાં પહેલીવાર સ્પેશ્યલ દિવાળી સ્ટેમ્પ બહાર પડેલી, જે પર્સનલ કલેક્શનમાં છે. એ વખતે મિસ ઈન્ડિયા અર્થ પેરિસ કેસવાની હાજર રહેલી અને તેમાં પ્રગટેલા દીવાનું ચિત્ર છે. દિવાળીના લખાણ સાથે.

સ્પેક્ટ્રોમીટર
જય વસાવડા

એમ તો અમેરિકાની પડોશમાં રહેલ અને હાલ અમેરિકા ને ભારત બેઉ સાથે જેના સંબંધો તંગ છે એ કેનેડા વર્ષોથી નિયમિત દિવાળીની ટિકિટ બહાર પડે છે. આ વખતે ૨૦૨૬માં ૧૯ ઓકટોબરે એણે જે ટિકિટ બહાર પાડી એમાં દીવડા ઉપરાંત એક સ્ત્રીના હાથ અને ગલગોટા અને આંબાના પાનનું તોરણ બનતું દેખાડાયું છે. એ ચિત્ર રાધા જોશીનું છે અને ડિઝાઈન ક્રિસ્ટીન ડોની. જોડે અંગ્રેજી ને ફ્રેન્ચ લખાણવાળું ફર્સ્ટ ડે કવર પણ સંગ્રાહક શોખીનો માટે બહાર પડ્યું છે.

એમ તો ભારતીયો ઘણા જ્યાં દાયકાઓ અગાઉ વસેલા એ ફીજીએ ૧૯૭૮માં દીવાઓની હારનું ચિત્ર દેખાડતી ટપાલ ટિકિટ બહાર પાડેલી. સિંગાપુરે ૧૯૭૧, ૨૦૦૨, ૨૦૦૪, ૨૦૧૦, ૨૦૨૨ વગેરે ફેસ્ટિવલ્સ સીરિઝમાં દિવાળી હોય જ છે. આવી સ્ટેમ્પ્સ ઈઝરાયેલ ૨૦૧૨, શ્રીલંકા ૨૦૦૩, ઑસ્ટ્રેલિયા ૨૦૧૭-૧૮, ન્યૂઝીલેન્ડ ૨૦૨૧ અને ફ્રેંચ ગુયાના તથા મુસ્લિમ મલેશિયા વિવિધ વર્ષોમાં દીવા, રામ, લક્ષ્મી વગેરેની સ્ટેમ્પ્સ બહાર પાડી ચૂક્યા છે. એમાં પણ ૨૦૧૭માં કેનેડા-ભારતની પહેલી જોઈન્ટ ટિકિટ દિવાળી પર હતી. એ જ રીતે ભારત-ઈઝરાયેલ જોઈન્ટ ટિકિટમાં દિવાળી અને યહૂદી પ્રકાશઓરવ હનુક્કાહ બંનેને જોડીને સંયુક્ત માન અપાયેલું.

આ વખતે તો રૂસો બ્રધર્સ ફરી એવેન્જર્સ ડૂમ્સ ડે ક્રિસ્મસ પર આપણી રામાયણની દિવાળી રિલીઝની જેમ ધમાકેદાર ગ્લોબલ રિલીઝ કરે છે ત્યારે કેપ્ટન અમેરિકા ક્રિસ ઈવાન્સ અને આયર્ન મેન/ડૉ.ડૂમ રોબર્ટ ડાઉની જુનિયરનો ખાસ નમસ્તે ઈન્ડિયા કહીને હેપી દિવાળી વિશ કરતો વિડીયો આવ્યો છે. હોલીવૂડ સેલિબ્રિટીઝ માટે દિવાળી સાવ નવી બાબત નથી. મુકેશ અંબાણીના પ્રભાવને લીધે રિહાનાં કે બિયોન્સ જેવા ઘણા તો આરતીમાં હાથ જોડતા થઈ ગયા છે. પ્રિયંકા ચોપરા તો હબી નિક જોનાસને કૂર્તા પાયજામા પહેરીને કડવા ચોથ પણ ઉજવી કાઢે છે એલએ ખાતે.

એમ તો તમિલ પિતા અને બંગાળી માતાની બોસ્ટન પાસે જ જન્મેલી હોલીવૂડ હીરોઈન મિન્ડી કોલિંગ અને લીલી સિંઘ દર વર્ષે લોસ એન્જેલસમાં ભવ્ય 'દિવાળી પાર્ટી' યોજે છે, જેમાં હોલીવૂડના દિગ્ગજો સબ્યસાચી કે મનીષ મલ્હોત્રાના ડિઝાઇનર કપડાં પહેરીને આવે છે. સ્ટાર એન્કર ઓપ્રા વિનફ્રેએ પોતાની ભારત યાત્રા બાદ સાડી પહેરીને દિવાળીની વિશિષ્ટ પોસ્ટ મૂકી હતી. વિલ સ્મિથ અને ક્રિસ હેમ્સવર્થ (થોર) જેવા કલાકારો પણ ઈન્સ્ટાગ્રામ પર ભારત સાથેનો પોતાનો પ્રેમ વ્યક્ત કરી ચૂક્યા છે. સેલિબ્રિટી સ્પોર્ટ્સ એન્ડ પોપ સ્ટાર કપલ ડેવિડ અને વિક્ટોરિયા બેકહામે પણ ભારતીય ચાહકો માટે દિવાળીની વિશેષ ગ્રીટિંગ્સ સોશિયલ મીડિયા પર શેર કરી હતી. યૂથમાં પોપ્યુલર જુઆ લીપા અને માઇકલ ડગ્લાસ પણ દિવાળી પર કેપ્શન લખી ઈન્સ્ટા પર દીવડાઓના ફોટા મૂકે છે.

કેનેડા ને ઓસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાનો તો ખાસ ભારતીય પોશાકમાં સપરિવાર રજુ થઈને હેપી દિવાળી વિશ કરી ચૂક્યા છે. અમેરિકાના પ્રમુખો જ્યાં રહે છે, એ વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પ હોય કે બાઈડન, પ્રેસિડેન્ટ દ્વારા સત્તાવાર દિવાળી પાર્ટી એરેન્જ થઈ ચૂકી છે. ન્યૂયોર્ક સ્થિત સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય મથકની ઈમારત પર દિવાળી નિમિત્તે પ્રોજેક્ટર દ્વારા હેપી દિવાળી અને દીવડાઓ અને દીવાની હારમાળા શોભાયમાન થાય છે !

એમ તો ગયા વર્ષે ૨૦૨૫માં યુનેસ્કોએ યોગ અને ગરબાની જેમ આપણી દિવાળીને પણ ભારતની સાંસ્કૃતિક વિરાસત તરીકે માન્યતા આપી આપણી એની માન્યતાપ્રાપ્ત કલ્ચરલ ટ્રેડીશનની યાદીમાં સોળમું નામ દિવાળીનું જોડી દીધેલું ! રામાયણ ફિલ્મ જો ગ્લોબલ બ્લોકબસ્ટર બને તો દુનિયાને એ પણ ખબર પડે કે દિવાળી પાછળની મુખ્ય સ્ટોરી શું છે આપણી !

■ ■ ■

આપણે ત્યાં ઘણા અલેલટપ્પુઓ કોઈ ઈદ જ્યે કે ખાસ તો ક્રિસ્મસ ઉજવે ત્યારે એકની એક ચવન્નીછાપ દલીલો કરતા હોય છે કે 'એ લોકો (અન્ય ધર્મના અનુયાયીઓ કે દેશો) આપણી દિવાળી ઉજવતા નથી તો આપણે શું કામ એમના પર્વ ઉજવીએ?' આ એ અભણ પ્રજાતિ હોય છે જેને ડાયરા અને ડાયસ્પોરા વચ્ચેનો ભેદ નથી ખબર. જે વિદેશ પણ જાય છે તો યજમાનો ફેરવે એટલું ફરીને ત્યાં રોટલા ખીચડી શોધ્યા કરે છે. હવે તો ઈન્ટરનેટ ને સોશ્યલ મિડીયાને લીધે પ્રચારપ્રસાર ઓર વધ્યો પણ દિવાળી ભારતના સૌથી મોટા 'ફેસ્ટિવલ ઓફ લાઈટ્સ' તરીકે જગમશહૂર છે જ, ને ઘણા દેશોમાં ધામધૂમથી એ ઉજવાય છે જેમાં મૂળ ભારતીયો સિવાયના સ્થાનિક લોકો પણ સામેલ હોય છે. જ્યાં એક ગુજરાતી મૂળના જ ઝોહરાન મામદાણી મેયર છે એવું અમેરિકાનું નંબર વન શહેર ગણાય એવા વિશ્વવિખ્યાત ન્યુ યોર્ક સિટીમાં તમામ સરકારી શાળાઓમાં દિવાળીના દિવસે ફરજિયાત રજા રાખવામાં આવે છે ! એની નજીક પેન્સિલવેનિયા સ્ટેટમાં દિવાળીને સત્તાવાર રાજ્ય રજા તરીકે માન્યતા આપવામાં આવી છે.

વર્ષોથી દિવાળી માત્ર ભારતમાં ઉજવાતો તહેવાર નથી રહ્યો, વિશ્વમાં ઘણી જગ્યાએ દિવાળીની અલગ અલગ રીતે આગવી નોંધ લેવાય છે એની સુશોભનથી સ્વાદ અને ટિકિટથી લાઈટ સુધીની અવનવી વિગતો જાણો !

આ વર્ષ ૨૦૨૬થી કેલિફોર્નિયા દિવાળીને સત્તાવાર રીતે કાયમી રાજ્ય રજા તરીકે મંજૂરી આપનારું અમેરિકાનું ત્રીજું રાજ્ય બન્યું છે. કનેક્ટિકટમાં દિવાળીને સત્તાવાર ઉત્સવ તરીકે સ્વીકારવામાં આવી છે. ન્યૂ જર્સી, મેસેચ્યુસેટ્સ, ટેક્સાસ અને વર્જિનિયા જેવા રાજ્યોના ઘણા કાઉન્ટી અને સ્થાનિક સ્કૂલ બોર્ડે દિવાળીના દિવસે શાળાઓમાં રજા કે વૈકલ્પિક રજાની સગવડ કરેલી છે. એડિસન જેવા ભારતીયોની વધુ વસ્તી ધરાવતા ગામોમાં આપણી જેમ જ રોશની દેખાય ઘરોમાં. હા, આપણી જેમ સડક પર ફટાકડા ગમે ત્યારે ગમે ત્યાં ના ફૂટે. આતશબાજી થાય પણ એ માટેની ખુલ્લી જાહેર જગ્યાઓમાં, પણ એ તો ન્યુ ઈયર કે ઈન્ડીપેન્ડન્સ ડે જેવા એમના ઉત્સવોમાં પણ એ જ નિયમ હોય છે.

અમેરિકાના અલગ-અલગ રાજ્યોમાં દિવાળીની ટિકિટેડ અને ઓપન ઈવેન્ટ્સ પણ યોજાય છે. ન્યૂયોર્ક ટાઈમ્સ સ્ક્વેર પર દિવાળીનો જલસો હોય છે. ત્યાં વિશાળ ઈલેક્ટ્રોનિક બોર્ડ્સ પર દિવાળીના ઝગમગાટ વિઝ્યુઅલ્સ પણ હોય. ઓપન કોન્સર્ટ પણ થાય જે મફત એન્ટ્રીવાળી ઈવેન્ટ હોય. ન્યૂ જર્સી અને ન્યૂયોર્કમાં દિવાળી કૂઝ પાર્ટી કે દિવાળી ગાલા ડિનર હોય છે. અમેરિકાના ઘણા રેસ્ટોરામાં પણ દિવાળીની સજાવટ હોય છે. હમણાં જ્યાં ભારતીયોની વધતી વસતિને લીધે સ્થાનિકોમાં ગણગણાટ છે એવા એક સમયના કાઉબોય સ્ટેટ ટેક્સાસમાં આપણા મંદિરોમાં દિવાળી પૂજા હોય ને વચ્ચે ૧૧,૧૧૧ દીવાનો શણગાર થયેલો. દિવાળી મેળા પણ ભારતીયો ત્યાં ભરે ને એમના અમેરિકન દોસ્તો એની મુલાકાત લે. કેલિફોર્નિયાના આઈટીના હબ જેવા બે એરિયા અને એલએના હોલીવૂડમાં બોલિવૂડ દિવાળી નાઈટ્સની ડાન્સ પાર્ટીઝ હોય છે. વેગાસમાં પણ.

અમેરિકા સિવાયના દેશોમાં પણ દિવાળીનો દબદબો હોય છે. નજરે જોયો છે લંડન, દુબાઈ, સિંગાપોર વગેરેમાં તો. સિંગાપોરમાં દિવાળીને 'દીપાવલી' કહેવાય છે ને ત્યાં પણ એના માટે ઓફિશ્યલ પબ્લિક હોલિડે હોય છે. સિંગાપોરનું લિટલ ઈન્ડિયા યાને સેરંગૂન રોડ તો દિવાળીના એક મહિના અગાઉથી જ ખાસ હાથી, મોર, કમળ વગેરે દર્શાવતી કમાનોને રોશનીથી ઝગમગી ઊઠે છે. આપણા શહેરો હવે એવું કરતા થયા એ પણ તહેવાર નજીક હોય એટલા દિવસો પુરતું જ. સિંગાપોર ટુરિઝમ બોર્ડ તરફથી જ રસ્તાઓ પર ભવ્ય થીમ આધારિત લાઇટિંગ આર્ચ બનાવવામાં આવે છે. ત્યાં વીરામકાલીઅમ્મન જેવા ઐતિહાસિક મંદિરોમાં હજારો શ્રદ્ધાળુઓ આવે છે. સિંગાપોરના વડાપ્રધાન અને સરકારી મંત્રીઓ પોતે લિટલ ઈન્ડિયાના સ્ટ્રીટ લાઇટ-અપ ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લે છે.

એશિયા હોય કે યુરોપ, મોટે ભાગે આપણી એમ્બેસી દ્વારા દિવાળી ફેસ્ટિવલની ઉજવણી થાય જ. ઇસ્કોન અને બીએપીએસના મંદિરો ઘણા ફેલાયા એમાં પણ રંગેચંગે દિવાળી ઉત્સવ વિદેશીઓ આકર્ષાય એમ થાય. ભવ્ય અન્નકૂટ પણ થાય. પેરિસમાં એફિલ ટાવરની આસપાસ દિવાળી કાર્યક્રમો યોજાય છે. યુનિવર્સિટીમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ ફ્રાન્સ કે જર્મનીમાં મોલ અને કલ્ચરલ સેન્ટર્સમાં રંગોળી સ્પર્ધા અને બોલિવૂડ ફ્લેશ મોબ ટાઈપ મોજ કરે એ રીલ જોઈ હશે. ભારત બહાર દુનિયાની સૌથી મોટી દિવાળી ઉજવણી યુકેમાં લંડન નહીં પણ એની બાજુમાં આવેલા ગુજરાતીઓથી છલકાતા લેસ્ટર શહેરમાં થાય છે. ત્યાં 'ગોલ્ડન માઈલ' (બેલગ્રેવ રોડ) હજારો ઝૂમ્મરોથી સજાવવામાં આવે. 'વ્હીલ ઓફ લાઈટ' નામનું વિશાળ ફેરિસ વ્હીલ, રંગોળી, સાંસ્કૃતિક કાર્યક્રમો અને ખાદ્યસ્ટોલ્સથી હજારો લોકો એકત્રિત થાય છે. લંડનના ટ્રેફાલ્ગર સ્ક્વેર પર મેયર દ્વારા ફ્રી કલ્ચરલ ફેસ્ટિવલ પણ યોજાય. બર્લિન, ફ્રેન્કફર્ટ, મિલાન અને રોમમાં હોલ બુક કરીને 'દિવાળી નાઈટ' અને રાસ-ગરબા યોજાય છે. કેનેડામાં ટોરન્ટો અને વાનકુવરમાં પાર્લામેન્ટ હિલ પર સાંસદો દ્વારા દીવા પ્રગટાવવામાં આવે છે. મોલ્સમાં ભારતીય જ્વેલરી અને કપડાંના ફેર યોજાય છે.

ઈસ્લામિક દુબઈમાં તો દિવાળીની રોનક મુંબઈ કરતા વધારે હોય ! વિશ્વની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલીફા પર દિવાળી નિમિત્તે ખાસ થ્રીડી લાઇટ એન્ડ સાઉન્ડ પ્રોજેક્શન શો થાય. ગ્લોબલ વિલેજ માર્કેટમાં પર ખાસ આતશબાજી અને બોલિવૂડ ડાન્સ શો થાય છે. ગ્લોબલ વિલેજમાં ભારતીય પિવેલિયન પર મીઠાઈઓ અને શોપિંગ માટે ઘણા લોકો ભેગા થાય છે. દુબઈનું ગ્લોબલ વિલેજ આ વર્ષે યુદ્ધ છતાં પણ ૬થી ૧૦ નવેમ્બર સુધી પાંચ દિવસનો દિવાળી મહોત્સવ કરે છે. આ વાંચતા હશો એ દિવાળીના દિવસ ૮ નવેમ્બરે રાત્રે ૮ વાગ્યે ૬૦૦ ડ્રોનનો દિવાળી-થીમ વાળો શો થશે. પહેલી વાર 'બૈઠક' નામે ભારતીય સંગીત સમારંભ યોજાશે. નૂર નામથી ફેસ્ટિવલ ઓફ લાઇટ્સ સૌક અલ સીફ (દુબઈ ક્રીક કિનારે) પર યોજાય છે. તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, નૃત્ય, સંગીત, સ્ટોરીટેલિંગ, રંગોળી વર્કશોપ અને લિમિટેડ ફાયરવર્ક્સ થાય. ડ્રોન શોનો આનંદ માણવામાં આવે. મોટી હોટલ્સ ને મોલ્સમાં દિવાળીના બેનર હોય.

ઓસ્ટ્રેલિયા ખાતે સિડનીનું વિશ્વપ્રસિદ્ધ ઓપેરા હાઉસ દિવાળીની સાંજે સુવર્ણમય કેસરિયા રોશનીથી ઝળહળી ઊઠે ! મેલબર્નના 'ફિડરેશન સ્ક્વેર' ખાતે ઓસ્ટ્રેલિયાનો સૌથી મોટો

અનુસંધાન પાનાનં ૦૬ પર

'હમ દોનોં' માટે ગોલ્ડી 'ભૂત' બન્યા ?

મુંબઈની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તો સૌ જાણે છે કે 'હમ દોનોં' ફિલ્મના ડિરેક્ટર તરીકે અમરજીતનું નામ ભલે હોય પણ આખેઆખી ફિલ્મ ગોલ્ડી, યાને કે વિજય આનંદે 'ઘોસ્ટ ડિરેક્ટર' તરીકે બનાવી આપી હતી. (ગુજરાતીમાં તો 'ભૂત દિગ્દર્શક' જ લખાય ને ?)

આની પાછળની કહાણી દિલચશ્પ ડ્રામાઓથી ભરપૂર છે. બન્યું એવું કે કીડનીની બિમારીના કારણે વિજય આનંદની તબિયત

બાયોસ્કોપવાલા
મન્નુ શેખચલ્લી


અચાનક ખરાબ થઈ ગયેલી. તે સંપૂર્ણ આરામ માટે ઊટી જતા રહ્યા હતા. અહીં અમરજીત નામના આ નવકેતન ફિલ્મ્સના ખૂબ જ અંગત અને વિશ્વાસુ માણસે વિજય આનંદની ખૂબ જ સેવા કરી.

અમરજીત મૂળ તો નવકેતન ફિલ્મ્સનો પબ્લિસીટી મેનેજર હતો. એટલું જ નહીં, તે એટલો અંગત હતો કે તે ચેતન આનંદના બંગલાના કંપાઉન્ડમાં જ નાનકડી ખોલીમાં રહેતો હતો. અમરજીતની ચાકરીથી રાજી થઈને વિજય આનંદે કહ્યું કે 'તને હું અમેરિકા મોકલીશ. તું હોલીવૂડમાં જઈને શીખજે કે ફિલ્મોનું માર્કેટિંગ શી રીતે થાય છે.'

પણ અમરજીતના દિલમાં ડિરેકશનનો કીડો સળવળતો હતો ! એણે કહ્યું 'મારી તો એક જ ઈચ્છા છે કે હું કોઈ ફિલ્મનું ડિરેકશન કરું!' ગોલ્ડી તો એની ઔકાત જાણતા હતા. છતાં વચન આપ્યું કે 'જા, એમ જ થશે !'

સાજા થયા પછી ગોલ્ડીએ નિર્મલ સરકાર નામના એક નવાસવા લેખકની સ્ટોરી ઉપરથી આખેઆખો સ્ક્રીનપ્લે, સંવાદો સાથે, લખીને તૈયાર કરી દીધો. પણ ભાઈ અમરજીતની (અણ) આવડત વિશે ગોલ્ડીને પાકો ભરોસો હતો એટલે એમણે દરેક શોટનું લાઈટિંગ શી રીતે કરાવવું, કેમેરા ક્યાં હશે, એક્ટરોની મૂવમેન્ટ ક્યાંથી ક્યાં થશે... એના રીતસર ચાર્ટ બનાવીને આપ્યા ! બોલો.

પરંતુ કહે છે કે પહેલા જ દિવસે અમરજીતને કેમેરામેન સાથે ઝગડો થઈ ગયો ! શા માટે ? તો કહે છે કે ભાઈએ કાગળ જ ઊંધો પકડ્યો હતો ! અને કેમેરા સાવ ઉલ્ટી દિશામાં રખાવવાની જીદ લઈ મંડ્યા હતા !



આખરે વિજય આનંદે પોતે સેટ પર આવવું પડ્યું ! છતાં અમરજીતની ઈજ્જતના ધજાગરા ન થાય એટલે તે અમુક સમજણ આપીને જતા રહેતા હતા. પરંતુ જ્યારે બે ચાર રીલના રશીઝ જોયા, ત્યારે સમજાયું કે આ તો 'આખું કોળું શાકમાં' જઈ રહ્યું છે !

ત્યાર બાદ વિજય આનંદે આખી લગામ પોતાના હાથમાં લઈ લીધી. પરંતુ એક દ્રશ્યમાં દેવ આનંદનું 'સ્ટારડમ' એમને નડી ગયું ! ફિલ્મમાં દ્રશ્ય એવું હતું કે સાધના, જે અતિશય ધનવાન બાપની દિકરી છે, તેણે બેરોજગાર દેવ આનંદને પોતાના ડેડી આગળ ભાવિ પતિ તરીકે મળવા માટે બંગલા પર બોલાવ્યો છે.

વિજય આનંદે દેવ આનંદને સમજાવ્યું કે 'સાધના તારો હાથ પકડીને ઘરમાં સાથે લઈને આવે છે.' આ સાંભળતાં દેવ આનંદમાં સૂતેલો 'સ્ટાર' જાગી ઊઠ્યો ! દેવ કહેવા લાગ્યા 'એ મારો હાથ શા માટે ઝાલે ? હું જાતે કેમ ના આવી શકું ?'

વિજય આનંદે વિગતથી સમજાવ્યું કે 'તું હજી બેરોજગાર છે, સાધના માટે આ મુલાકાત ખુબ જ અગત્યની છે. તે ઈમોશનલી તને સપોર્ટ કરવા માટે હાથ વડે તને ખેંચીને નહીં, પણ સાથ આપતી હોય એ રીતે તને વિશાળ ડ્રોઈંગ રૂમમાં લઈને આવે છે.'

પણ દેવ આનંદ માનવા જ તૈયાર નહીં ! છેવટે ગોલ્ડીની છટકી... એ સેટ છોડીને ચાલ્યા ગયા ! જઈને બેઠા એમની એક ફેવરીટ કોફી-શોપમાં ! બે કલાક પછી દેવ આનંદનો ડ્રાયવર એમને શોધતો આવી પહોંચ્યો. 'સર, હું પહેલાં તમારે ઘરે ગયો, પણ પછી મને થયું કે તમે અહીં જ મળશો. ત્યાં શૂટિંગ બંધ છે, સવારથી એકપણ શોટ લેવાયો નથી. દેવ સાહેબે ગાડી મોકલી છે...'

વિજય આનંદ સેટ પર પાછા ફર્યા ત્યારે જાણે કંઈ બન્યું જ નથી તેમ દેવ આનંદ કેમેરા સામે શોટ આપવા માટે તૈયાર હતા !

આ સિવાય પણ ફિલ્મનાં અનેક દ્રશ્યોમાં આવી ઝીણવટભરી ચીજો ગોલ્ડીએ ગુંથેલી છે. નમૂના તરીકે ફિલ્મનું પહેલુ જ દ્રશ્ય યુ ટ્યુબ ખોલીને જોજો... દેવ આનંદ અને સાધના વચ્ચે એકપણ સંવાદ વિનાનું આ દ્રશ્ય સળંગ ત્રણ મિનિટ સુધી ચાલે છે. ત્યાર બાદ સીધું પેલું ગાયન શરૂ થાય છે, અભી ના જાઓ છોડકર કે દિલ અભી ભરા નહીં...

ત્રણ મિનિટનો આ સાયલન્ટ સીન કેટલું બધું કહી જાય છે ? સાધના અને દેવ વચ્ચેનો પ્રેમ એટલો બધો ગાઢ થઈ ચૂક્યો છે કે હવે પેલી 'પેમલા પેમલી'ની વાતોની જરૂર જ રહી નથી ! સાધના દેવ માટે મોંઘી સિગાર અને મોંઘું મ્યુઝિક લાઇટર લાવી છે (કેમકે તે પૈસાદાર બાપની દિકરી છે) અને દેવ શું લાવ્યો છે ? એક રીબિન ! સાધનાના ચોટલામાં નાંખવા માટે ! કેમકે પોતાની હૈસિયત એટલી જ છે ! (જુઓ, વિજય આનંદે કેટલું બધું વિચાર્યું છે !)

ત્યાર બાદ સાંજનો સમય રાતમાં ડિઝોલ્વ થાય છે... આડા પડી રહેલા દેવની આંખો મીંચાઈ ગઈ છે ત્યારે સાધના ચૂપચાપ ત્યાંથી સરકી જવા માગે છે, પણ થોડે દૂર જતાં જ ખ્યાલ આવે છે કે દેવની પેલી સસ્તી રીબિન વડે તે 'બંધાઈ' ચૂકી છે ! (આમાં ચાંપલા વિવેચકો 'મેગ ફર' પણ જોઈ શકે છે.)

હવે તમે જ નક્કી કરો, જે અમરજીત કેમેરાની સાચી પોઝિશન બતાડી શકતો નહોતો, તેણે શું આખી ફિલ્મ ડિરેક્ટ કરી હશે ? છતાં ડિરેક્ટર તરીકે અમરજીતનું નામ આવે છે, પરદા ઉપર ! બોલો.

અમરજીતના દિલમાં ડિરેકશનનો કીડો સળવળતો હતો! એણે કહ્યું 'મારી તો એક જ ઈચ્છા છે કે હું કોઈ ફિલ્મનું ડિરેકશન કરું!' ગોલ્ડી તો એની ઔકાત જાણતા હતા. છતાં વચન આપ્યું કે 'જા, એમ જ થશે!'

કમનસીબે 'હમદોનોં' સંગીતકાર જયદેવ માટે સારી અને ખરાબ બન્ને સાબિત થઈ ! શી રીતે? જયદેવ ઘણા સમયથી સચિનદેવ બર્મનના સહાયક હતા. પરંતુ આ ફિલ્મ માટે સચિનદાએ સામે ચાલીને જયદેવને આગળ કર્યા. ગાયનો સુપરહિટ થઈ ગયાં... હવે 'નવકેતન' બેનરની ફિલ્મમાં હું જ સંગીતકાર હોઈશ એવા ભ્રમમાં જયદેવજી રાચતા હતા. પરંતુ જ્યારે 'તેરે ઘરકે સામને' માટે જયદેવના બદલે સચિનદા જ આવ્યા, ત્યારે રીસાઈને જયદેવ સાહેબે નવકેતન અને સચિનદા, બન્ને સાથે છેડો ફાડી નાંખ્યો...

એ પછી એમની કરિયર સરખી પાટા ઉપર આવી જ નહીં.

- **'હમ દોનોં' માટે સાધના અને નંદા પહેલી અને છેલ્લી વાર એક સાથે આવ્યાં છે.**
- **ફિલ્મની મૂળ વાર્તા બંગાળી લેખક તારાશંકર બંદોપાધ્યાયની નવલકથા 'ઉત્તરાયણ' પર આધારિત હતી, પરંતુ વિજય આનંદે કરેલા ફેરફારથી નારાજ થઈને લેખકે પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું.**
- **એ જ 'ઉત્તરાયણ' પરથી બંગાળીમાં એ જ નામે ફિલ્મ બની હતી જેમાં ડબલ રોલ ઉત્તમ કુમારે ભજવ્યો હતો. જોકે આખી ફિલ્મ 'હમ દોનોં'ની રિ-મેક જેવી જ લાગતી હતી.**
- **૧૯૭૫માં એનટી રામારાવને લઈને તેલુગુ ફિલ્મ 'રામુની મિન્ચિના રામુડી' નામે રિ-મેક બની હતી.**
- **૫૦ વરસ પછી 'હમ દોનોં રંગીન' નામે કલરમાં રીલીઝ થઈ હતી પણ ખાસ કમાઈ શકી નહોતી.**

નવું વર્ષ... નવાં સત્યો

સ્વીડનના માસ્ટર ફિલ્મમેકર ઈન્ગમાર બર્ગમેન (૧૯૧૮-૨૦૦૭) એટલે વિશ્વના સર્વકાલીન શ્રેષ્ઠતમ ફિલ્મમેકર્સ પૈકીના એક. વિરાટ છે એમનું કાર્યક્ષેત્ર. તેમણે સિનેમા, ટેલિવિઝન અને રંગભૂમિ ત્રણેય માધ્યમોમાં ચિક્કાર કામ કર્યું છે-રાઈટર, ડિરેક્ટર અને પ્રોડ્યુસર તરીકે. તેમણે ૬૦ કરતાં વધારે ફિલ્મો અને ડોક્યુમેન્ટરી બનાવી છે. તેમણે ડિરેક્ટ કરેલાં નાટકોની સંખ્યા ૧૭૦ના આંકડાને પણ ઓળંગી જાય છે! આટલું વિપુલ સર્જન કરનાર ઈન્ગમાર બર્ગમેનની સર્વશ્રેષ્ઠ ફિલ્મોમાંની એક 'વાઈલ્ડ સ્ટ્રોબેરીઝ' વિશે આજે વાત કરવી છે.

સિનેમા એક્સપ્રેસ
શિશિર રામાવત

આ અંગ્રેજી ટાઈટલ છે. બ્લેક-એન્ડ વ્હાઈટમાં બનેલી ફિલ્મનું સ્વિડિશ ટાઈટલ કંઈક જુદું છે.

'વાઈલ્ડ સ્ટ્રોબેરીઝ' ફિલ્મને થોડાં અઠવાડિયામાં ૭૦મું વર્ષ બેસશે! મજાની વાત એ છે કે ૧૯૫૭માં રિલીઝ થયેલી ફિલ્મ આજે પણ રિલેવન્ટ લાગે છે. શું છે આ ફિલ્મમાં? જોઈએ. ફિલ્મના નાયક પ્રોફેસર ઈસાકની ઉંમર છે ૭૮ વર્ષ. રિટાયર્ડ ફિઝિશિયન છે. વિધુર છે. ઉંમરને કારણે થોડા સનકી થઈ ગયા છે. યુકે યુનિવર્સિટીએ તેમને માનદ્ ડિગ્રી એનાયત કરવાની ઘોષણા કરી છે. બસ, આ ફંકશનના દિવસની સવારથી ફિલ્મનો પ્રારંભ થાય છે. ના, ફિલ્મની શરૂઆત ખરેખર તો ડ્રીમ સિકવન્સથી થાય છે. પ્રોફેસર ઈસાક કોઈ નિર્જન શહેરની ગલીઓમાં ફરી રહ્યા છે. એમને ચિત્રવિચિત્ર વસ્તુઓ દેખાય છે. કાંટા વગરની ઘડિયાળ, કોફિન લઈને દેમાર કરતી દોડી રહેલી સારથી વગરની ઘોડાગાડી, ફેકાઈ ગયેલાં કોફિનમાંથી બહાર નીકળતો પ્રો. ઈસાકનો હમશકલ. આખું સપનું પ્રતીકાત્મક છે. એનું અર્થઘટન એવું થઈ શકે કે પ્રોફેસર બહુ જ એકલવાયા માણસ છે. સમય હાથમાંથી સરકી રહ્યો છે અને મૃત્યુ સાવ સામે ઊભું છે. આખી ફિલ્મમાં પ્રતીકોની ભરમાર છે.

પ્રો. ઈસાકની ટ્વેન્ટીફોર-બાય-સેવન ચાકરી કરવા માટે ઘરમાં એક પ્રોફેસર નક્કી કરે છે કે લુન્ડ ગામે અગાઉ નક્કી કર્યા પ્રમાણે ટ્રેનમાં નહીં, બલકે રોડ રસ્તે કારમાં જવું છે. આગદા બગડે છે - તો મારે સાથે નથી આવવું! પ્રોફેસરની પુત્રવધૂ મેરીએન ઘરે રહેવા આવી છે. પ્રોફેસરના પુત્ર ઈવાલ્ડ સાથે એનો ઝઘડો થઈ ગયો છે. બન્ને લગભગ અલગ થવાની ધાર પર પહોંચી ગયાં છે. મેરીએન પણ પ્રોફેસર સાથે કારમાં રવાના થાય છે. મેરીએનને સસરા માટે ખાસ કંઈ લાગણી નથી. એ માને છે કે બાપ-દીકરો બંને સરખા જ છે - જડ અને જક્કી.



આગદા નામની એક કેરટેકર સ્ત્રી છે. એક નંબરની ખડૂસ બાઈ છે. પ્રોફેસર અને એની વચ્ચે કાયમ ચકમક ઝરતી રહે છે. પ્રોફેસરે એને ટપારવી પડે છે- આપણે પતિ-પત્ની નથી, યાદ રાખ.

આ દિવાળીમાં એક કરવા જેવું કામ આ છે: ખુદના અતીતમાં પ્રવેશવું અને જીવનમાં જે કોઈ ઘટનાઓ બની છે તેને સાક્ષીભાવે નિહાળવી. વીતી ગયેલાં એક નહીં, અનેક વર્ષોનું, દાયકાઓનું પૃથક્કરણ કરવું. આ કામ ઇમાનદારીપૂર્વક કરવામાં આવે તો, શક્ય છે કે, જિંદગીનાં નવાં સત્યો સુધી પહોંચી શકાય! 'વાઈલ્ડ સ્ટ્રોબેરીઝ' ફિલ્મમાં આ વાત અસરકારકતાથી કહેવાઈ છે.

સ્ટોકહોમથી લુન્ડ જતાં રસ્તામાં પ્રોફેસર ફંટાઈને પોતાના બાળપણના ઘર તરફ ગાડી લઈ લે છે. અહીં પહોંચતા જ યુવાવસ્થાની સ્મૃતિઓ એમને ઘેરી વળે છે. દસ-દસ પિતરાઈ ભાઈ બહેનોથી ઘર કાયમ ગાજતું રહેતું. પ્રોફેસર પહેલેથી જ બહુ સિન્સિયર અને સીધી લાઈનના. કઝિન સારા સાથે એનાં લગ્ન થવાનાં હતાં, પણ પ્રોફેસરનો સગો ભાઈ, જે નઠાર